અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

02 MARCH-2026 MONDAY | Vol. : 17 | Issue : 239 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  દાવો-અજિતનું વિમાન લેન્ડિંગ પહેલાં ઝાડ સાથે અથડાયું: AAIBનો રિપોર્ટ- વિઝિબિલિટી ઓછી હતી, તેમ છતાં...

4  ખામેનેઈને ખામોશ કરવા પેન્ટાગોન મરણિયું થયું

6  શ્રીલંકા-પાકિસ્તાનની મેચમાં હોબાળો... એક વાઈડ માટે અમ્પાયર્સ સાથે બાખડ્યા જયસૂર્યા

7  પેટ્રોલ-ડીઝલના ભાવમાં 10-12 રૂપિયાનો વધારો થઈ શકે: શેરબજારમાં આજે ખુલતાની સાથે જ ધડાકો જોવા મળશે


# US-ઇઝરાયલે ઈરાન પર 24 કલાકમાં 1200 બોમ્બ ફેંક્યા

## ખામેનીનું મોત, ઈરાનના 40 મોટા કમાન્ડર ઠાર, યુદ્ધ પર ઇઝરાયલનો મોટો દાવો, તહેરાન, દુબઈ, શારજાહમાં બોમ્બમારો શરૂ

**તેલ અવિવ, તા.01**

ઈઝરાયલે અમેરિકા સાથેના સંયુક્ત હુમલામાં છેલ્લા એક દિવસમાં ઈરાન પર 1,200થી વધુ બોમ્બ ફેંક્યા છે. આ હુમલાઓમાં સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીનું મૃત્યુ થયું છે.

શનિવારે તેમના ઓફિસ કોમ્પ્લેક્સ પર 30 મિસાઈલોથી હુમલો થયો હતો. હુમલામાં તેમની પુત્રી-જમાઈ, પુત્રવધૂ અને પૌત્રી સહિત કોમ્પ્લેક્સમાં હાજર 40 કમાન્ડરો પણ માર્યા ગયા છે. હુમલા સમયે ખામેની કમાન્ડરો સાથે મીટિંગ કરી રહ્યા હતા.



ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ શનિવારે મોડી રાત્રે ખામેનીના મૃત્યુની વાત કહી હતી. તેના થોડા સમય પછી અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ તેમના મૃત્યુનો દાવો કર્યો હતો. રવિવારે સવારે ઈરાનની સરકારી મીડિયા એજન્સી 'તસ્નીમ' અને 'ફાર્સ'એ તેની પુષ્ટિ કરી. ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનની રાજધાની તેહરાન સહિત 10 મોટા શહેરોને નિશાન બનાવ્યા. હુમલાઓમાં અત્યાર સુધીમાં 200થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે 740થી વધુ લોકો ઘાયલ થયા છે. એક સ્કૂલ પર મિસાઈલ પડવાથી 148 વિદ્યાર્થીનીઓના મોત થયા અને 45 ઘાયલ છે. ઈરાને પણ દેશો પર જવાબી હુમલા કર્યા હતા.

અયાતુલ્લા અલી ખામેનીનો જન્મ 19 એપ્રિલ 1939ના રોજ ઈરાનના ધાર્મિક શહેર મશહદમાં એક મૌલવી પરિવારમાં થયો હતો. તેઓ ખોમેની શાહની નીતિઓ વિરુદ્ધ હતા અને ઈસ્લામિક શાસનની હિમાયત કરતા હતા.

1963માં શાહ વિરુદ્ધ ભાષણ આપવા બદલ તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ધીમે ધીમે તેઓ સરકાર વિરોધી આંદોલનનો મોટો ચહેરો બની ગયા અને ખોમેનીના વિશ્વાસુ સહયોગી માનવામાં આવવા લાગ્યા.

1979માં ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિ થઈ અને શાહની સરકાર પડી ગઈ. ખોમેની દેશ પાછા ફર્યા અને નવી ઈસ્લામિક સરકાર બનાવી. ખામેનીને ક્રાંતિકારી પરિષદમાં સ્થાન મળ્યું અને બાદમાં તેમને ઉપ સંરક્ષણ મંત્રી બનાવવામાં આવ્યા.

1981માં તેહરાનની એક મસ્જિદમાં ભાષણ દરમિયાન ખામેની પર બોમ્બ હુમલો થયો. તે જ વર્ષે એક અન્ય બોમ્બ વિસ્ફોટમાં તત્કાલીન રાષ્ટ્રપતિનું અવસાન થયું. આ પછી થયેલી ચૂંટણીમાં ખામેની ભારે બહુમતીથી જીતીને ઈરાનના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા.

1989માં ખોમેનીના નિધન પછી ખામેનીને દેશના સર્વોચ્ચ નેતા એટલે કે 'રહબર' બનાવવામાં આવ્યા. આ માટે બંધારણમાં પણ ફેરફાર કરવામાં આવ્યો. સમર્થકો તેમને ઈસ્લામિક વ્યવસ્થાના મજબૂત રક્ષક માને છે, જ્યારે વિવેચકો તેમના પર કડક અને કટ્ટર શાસન ચલાવવાનો આરોપ મૂકે છે.

# 'કોર્ટનો નિર્ણય ભાજપના મોં પર જોરદાર તમાચો': કેજરીવાલે કહ્યું- અમને ખતમ કરવા માટે PM મોદી પોતે મોનિટરિંગ કરી રહ્યા હતા...

**નવી દિલ્હી, તા.01**

આમ આદમી પાર્ટી (AAP) ના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે કથિત દારૂ કૌભાંડમાં કોર્ટનો નિર્ણય ભારતીય જનતા પાર્ટીના મોં પર જોરદાર તમાચો છે. તેમણે દિલ્હીના જંતર મંતર પર શુક્રવારે એક રેલીમાં કહ્યું કે AAP ને ખતમ કરવા માટે મોદીજી પોતે આ કેસનું મોનિટરિંગ કરી રહ્યા હતા. તેમણે મોદી અને શાહ પર 4 વર્ષ સુધી પરેશાન કરવાનો આરોપ લગાવ્યો. દારૂ કૌભાંડમાં નિર્દોષ છૂટ્યા બાદ આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે રેલીમાં દારૂ કૌભાંડ કેસમાં કોર્ટના નિર્ણયની પ્રશંસા કરી. તેમણે તેને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને દેશના લોકોના પક્ષમાં ગણાવ્યો.

BJP નેતાઓએ મારા પર 100 કરોડ રૂપિયા લેવા અને ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા, પરંતુ અદાલતે કહ્યું કે કેસ નકલી છે. અદાલતનો



નિર્ણય મોદી, અમિત શાહ અને BJP માટે જડબાતોડ જવાબ છે.

AAP ને ખતમ કરવા માટે ખુદ વડાપ્રધાન આ કેસની દેખરેખ રાખી રહ્યા હતા. IIT માંથી અભ્યાસ કર્યા પછી હું અમેરિકા જઈ શકતો હતો, પરંતુ દેશ સેવા માટે ભારતમાં જ રહ્યો. ઈન્કમ ટેક્સ વિભાગમાં નોકરી દરમિયાન મેં લાંચ લેવાનો ઈનકાર કર્યો અને ઈમાનદારીથી કામ કર્યું. મુખ્યમંત્રી બન્યા પછી પણ મારી વિરુદ્ધ ઘણી તપાસ કરાવવામાં આવી, પરંતુ કંઈ સાબિત થયું નહીં. કોંગ્રેસ અને BJP બંનેએ 12 વર્ષમાં દેશને સારા રસ્તા, પાણી અને સારી વ્યવસ્થા આપી નથી. રેલવે, એરલાઈન્સ, બેંક અને શિક્ષણ વ્યવસ્થા ખરાબ થઈ ગઈ છે. દિલ્હીના પૂર્વ સીએમ અને AAP નેતા અરવિંદ કેજરીવાલે દિલ્હીના કનોટ પ્લેસના હનુમાન મંદિરમાં શનિવારે પૂજા કરી હતી. તેમની સાથે પત્ની સુનીતા કેજરીવાલ, મનીષ સિસોદિયા, AAP સાંસદ સંજય સિંહ સહિત અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. શુક્રવારે દિલ્હી દારૂ નીતિ સંબંધિત CBI કેસમાં કેજરીવાલ-સિસોદિયા સહિત 23 લોકોને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નિર્દોષ છોડ્યા હતા. ગઈકાલે સાંજે કેજરીવાલે AAP કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. ઓગસ્ટ 2022માં CBIની ચાર્જશીટના આધારે EDએ પણ આ મામલે કેસ દાખલ કર્યો હતો. EDના કેસમાં પણ હજુ સુનાવણી ચાલુ છે. આવી સ્થિતિમાં, અટકળો લગાવવામાં આવી રહી છે.

# કેનેડા-ભારત સંબંધો: આર્થિક ભાગીદારી અને ઈનોવેશનના નવા યુગની શરૂઆત...

**નવી દિલ્હી, તા.01**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની હાલમાં ભારત પ્રવાસે છે. તેઓએ મુંબઈમાં ભારતીય પત્રકાર શીરીન ભાન સાથે કેનેડા-ભારત આર્થિક સંબંધો પર વાત કરી અને સવાલ-જવાબના સત્રમાં પણ ભાગ લીધો.



અગાઉ, કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદની મુંબઈ મુલાકાત દરમિયાન 13 નવી ભાગીદારી પર હસ્તાક્ષર કરવા સહિત નવી કેનેડા-ભારત ટેલેન્ટ અને ઈનોવેશન સ્ટ્રેટેજી (Canada-India Talent and Innovation Strategy)ના લોન્ચિંગ કરી હતી. યુનિવર્સિટીઝ કેનેડા અને કોલેજીસ એન્ડ ઈન્સ્ટિટ્યુટ્સ કેનેડા દ્વારા આજે લોન્ચ કરવામાં આવેલી આ વ્યૂહરચના કેનેડાની 20 થી વધુ ટોચની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભારત સાથેના સહયોગને વધુ ગાઢ બનાવે છે અને લોકો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવે છે જે દ્વિપક્ષીય સંબંધોને ટકાવી રાખવાનું ચાલુ રાખે છે. કેનેડાની ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના માટે ભારત કેન્દ્રસ્થાને છે, અને તે દેશ સાથે શિક્ષણ અને સંશોધન ભાગીદારી નવીનતાના સંબંધો અને લાંબા ગાળાના સહકારનું નિર્માણ કરે છે. વિદેશ મંત્રી આનંદે આ નવી વ્યૂહરચનાનું સ્વાગત કર્યું હતું. કેનેડા અને ભારત વચ્ચે સંશોધન, વિદ્યાર્થી આદાનપ્રદાન, હાઈબ્રિડ કેમ્પસ અને AI સેન્ટર્સ ઓફ એક્સલન્સની સુવિધા આપશે. દેશ પાસે વિશાળ માનવ મૂડી છે, જેમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી પહેલેથી જ અત્યાધુનિક સંશોધન પર ઊંડાણપૂર્વક જોડાયેલા છે. આ કરાર વિદ્યાર્થીઓ અને સંશોધકો માટેની તકો દ્વારા સહયોગને મજબૂત બનાવશે, આર્થિક વૃદ્ધિને વેગ આપશે અને આપણા બંને દેશોને જોડતા મજબૂત જન-સંબંધોને વધુ ઊંડા બનાવશે.

# મહારાષ્ટ્ર- નાગપુરમાં દારૂગોળા કંપનીમાં બ્લાસ્ટ, 17નાં મોત: 18 લોકોની હાલત ગંભીર, મટિરિયલ બનાવતી વખતે ધમાકો થયો







**નાગપુર, તા.01**

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના રાઉલગાંવમાં આવેલી ગોળા-બારૂદ બનાવતી કંપની SBL એનર્જી લિમિટેડમાં રવિવારે સવારે લગભગ 7 વાગ્યે ભીષણ વિસ્ફોટ થયો. આ દુર્ઘટનામાં 17 કર્મચારીઓના મોત થયા, જ્યારે 18 ઘાયલ થયા. ઘાયલોમાંથી ઘણાની હાલત ગંભીર છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા છે. ઘાયલોને સારવાર માટે નાગપુર લઈ જવામાં આવ્યા દુર્ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી. ફેક્ટરીમાં લાગેલી આગને કાબૂમાં લેવાના પ્રયાસો ચાલુ છે. ફાયર બ્રિગેડે જણાવ્યું કે બ્લાસ્ટને કારણે કંપનીમાં ચારેય તરફ કાટમાળ ફેલાઈ ગયો છે. કાટમાળ નીચે દટાયેલા કેટલાક કર્મચારીઓને બહાર કાઢવામાં આવ્યા છે. 15 ઘાયલોને નાગપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. શું વિસ્ફોટ ડેટોનેટર તૈયાર કરતી વખતે થયો હતો? નાગપુરના કલમેશ્વરમાં આવેલી SBL એનર્જી લિમિટેડ (અગાઉ સ્પેશિયલ બ્લાસ્ટ લિમિટેડ) ઔદ્યોગિક વિસ્ફોટકોની એક અગ્રણી ઉત્પાદક કંપની છે. આ કંપની ખાણકામ પ્રોજેક્ટ્સ માટે વિસ્ફોટકો, ડેટોનેટર જેવા વિસ્ફોટકો બનાવે છે.

રવિવારે સવારે કર્મચારીઓએ કામ શરૂ જ કર્યું હતું, ત્યારે જ પ્લાન્ટમાં ડેટોનેટર બનાવવાની પ્રક્રિયા દરમિયાન એક જોરદાર ધડાકો થયો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે તેનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો. અકસ્માત દરમિયાન કંપનીમાં 30 થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. CM ફડણવીસે શોક વ્યક્ત કર્યો મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ટ્વીટ કરીને કહ્યું- NDRF અને SDRFની ટીમો પણ ઘટનાસ્થળે હાજર છે. 17 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હું મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ ઘટનામાં 18 લોકો ઘાયલ થયા છે. ઘાયલોને તરત જ નાગપુર લઈ જવામાં આવ્યા છે. આપત્કાલીન આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

# PMએ તમિલનાડુમાં 4,400 કરોડના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા: મદુરાઈની સભામાં કહ્યું- ભારતના ભવિષ્યને ઘડવામાં તમિલનાડુ નિર્ણાયક ભૂમિકા ભજવશે

**ચેન્નઈ, તા.01**

પીએમ નરેન્દ્ર મોદી રવિવારે તમિલનાડુના મદુરાઈ પહોંચ્યા. અહીં તેમણે 4,400 કરોડથી વધુના માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. તેમણે તમિલનાડુમાં આઠ નવા બનેલા અમૃત ભારત રેલ્વે સ્ટેશન અને ત્રણ નવા ઓલ ઈન્ડિયા રેડિયો એફએમ રિલે ટ્રાન્સમીટરનું પણ ઉદ્ઘાટન કર્યું.

ત્યારબાદ મોદીએ સભાને સંબોધિત કરી. મોદીએ કહ્યું, 'તામિલનાડુ રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અમારું સામૂહિક લક્ષ્ય વિકસિત ભારત માટે વિકસિત તમિલનાડુ છે.' અગાઉ, મોદીએ પુડુચેરીમાં 2,700 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. દરેક ભારતીય 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રેરિત છે. તમિલનાડુ રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અમારું સામૂહિક લક્ષ્ય વિકસિત ભારત માટે વિકસિત તમિલનાડુ છે. કેન્દ્ર સરકાર રાજ્યના સમાવેશી વિકાસ અને પ્રગતિને સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

આપણે બધા જાણીએ છીએ કે તમિલનાડુ અનેક ઉદ્યોગોનું ઘર છે, અને તેમને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. 2047 સુધીમાં દરેક ભારતીય



દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યો છે. તમિલનાડુ પણ આમાં ઝડપથી યોગદાન આપી રહ્યું છે. તમિલનાડુનો સમૃદ્ધ ઈતિહાસ અને વારસો છે. આદિચનલ્લુર જેવા ઐતિહાસિક સ્થળોને વિશ્વ ધરોહર સ્થળો તરીકે વિકસાવવામાં આવશે. છેલ્લા દાયકામાં ભારતીય રેલ્વેમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. તે એક આધુનિક, કાર્યક્ષમ અને લોકો-કેન્દ્રિત પરિવહન પ્રણાલી તરીકે ઉભરી રહ્યું છે. આ પરિવર્તન ખાસ કરીને તમિલનાડુમાં દૃશ્યમાન છે. અમારી સરકાર સત્તામાં આવી ત્યારથી, તમિલનાડુ માટે રેલ્વે બજેટ ફાળવણીમાં લગભગ નવ ગણો વધારો થયો છે. 2009થી 2014 સુધી, રેલ્વે માટે સરેરાશ વાર્ષિક ફાળવણી 880 કરોડ હતી. 2026-27માં, આ ફાળવણી વધીને 7,600 કરોડ થવાનો અંદાજ છે.

હાલમાં, નવ વંદે ભારત ટ્રેનો અને નવ અમૃત ભારત ટ્રેનો રાજ્યના લોકોને લાભ આપી રહી છે. આનું ઉત્પાદન ચેન્નાઈ કોચ ફેક્ટરીમાં થઈ રહ્યું છે, જે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપે છે. અમૃત ભારત કાર્યક્રમ હેઠળ આજે આઠ સ્ટેશનોનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે, જે તેમને એક નવી ઓળખ આપે છે. મને ઓલ ઈન્ડિયા રેડિયો રેડિયો સ્ટેશનનું ઉદ્ઘાટન કરતાં ખૂબ આનંદ થાય છે, જે આજથી તમારી સેવામાં હાજર રહેશે. છેલ્લા દાયકામાં તમિલનાડુમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવવામાં આવેલા ભંડોળમાં ત્રણ ગણો વધારો થયો છે. 2026નું બજેટ આ વલણ ચાલુ રાખે છે, જે તમિલનાડુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ બજેટમાં, અમે બેંગલુરુ-ચેન્નાઈ અને ચેન્નાઈ-હૈદરાબાદ બુલેટ ટ્રેન કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. આ કોરિડોર સમગ્ર ક્ષેત્રના અર્થતંત્રમાં ક્રાંતિ લાવશે. બજેટમાં તમિલનાડુને રેર અર્થ કોરિડોરના ભાગ તરીકે પણ સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. આ અદ્યતન ઉત્પાદન, સંશોધન અને તકનીકી વિકાસને પ્રોત્સાહન આપશે. છેલ્લા 12 વર્ષોમાં, ભારત સરકારે તમિલનાડુના હાઈવે નેટવર્કમાં ભારે રોકાણ કર્યું છે. 2014થી, 4,000 કિલોમીટરથી વધુ હાઈવે બનાવવામાં આવ્યા છે.




# માર્ચથી જ કાળઝાળ ગરમીની શરૂઆત, આ વર્ષે રેકોર્ડ તૂટવાની શક્યતા

## ડીસામાં સૌથી વધુ 34.2 ડિગ્રી તાપમાન, મહિનાના અંત સુધીમાં પારો 40 ડિગ્રી પહોંચી શકે

**અમદાવાદ, તા.01**

રાજ્યમાં આજથી ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર માર્ચમાં જ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે એપ્રિલમાં જોવા મળતી ગરમીએ આ વર્ષે થોડી વહેલી જ દસ્તક આપી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ગરમીનો પ્રભાવ વધુ રહેવાની સંભાવના છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગર સહિતના મધ્ય ગુજરાતમાં પણ મહત્તમ તાપમાન 35 ડિગ્રી આસપાસ નોંધાઈ શકે છે. આગામી પાંચ દિવસ સુધી ઉકળાટભર્યું વાતાવરણ રહેશે અને તાપમાનમાં 1થી 2 ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. રાજ્યમાં હિટવેવના દિવસોની સંખ્યા સામાન્ય કરતાં વધુ રહી શકે છે. માર્ચના પ્રથમ અઠવાડિયામાં જ ગરમીનો માહોલ ઘેરાતો હોવાથી બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને મહાનગરોમાં સિમેન્ટ-કોંક્રીટના જંગલ અને વાહનવ્યવહારના કારણે તાપમાન વધુ અનુભવાય છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સૂકું અને તડકાભર્યું હવામાન રહેતાં બપોરે તાપમાન



38થી 40 ડિગ્રી સુધી પહોંચી શકે છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થાય તો રાજ્યમાં હિટવેવની શરૂ થઈ શકે છે.

માર્ચની શરૂઆત સાથે જ ઉનાળાએ તીવ્ર રૂપ ધારણ કર્યું છે અને લોકો માટે આ વર્ષે ગરમી વધુ કઠિન સાબિત થવાની શક્યતા છે. માર્ચની શરૂઆતમાં જ ઉત્તર ગુજરાતમાં ગરમીનો પારો 34 ડિગ્રીએ પહોંચી ગયો છે. ડીસામાં સૌથી વધુ તાપમાન 34.2 ડિગ્રી નોંધાયું છે, જેથી આ વર્ષે કાળઝાળ ગરમી રેકોર્ડ તોડે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મોટા ભાગના શહેરોમાં લોકોને આકરો તાપ સહન કરવો પડશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળ્યો નથી. સૌથી વધુ તાપમાન ઉત્તર ગુજરાતમાં ડીસામાં 34.2 ડિગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી નલિયામાં નોંધાયું છે. આગામી 4 દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી ફેરફાર થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીનું પ્રમાણ સામાન્ય કરતાં વધુ જોવા મળશે. તેમજ આગામી પાંચ દિવસ ઉકળાટ ભર્યું વાતાવરણ રહેશે. આગામી દિવસોમાં તાપમાન 37થી 39 ડિગ્રી સુધી પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે. આપણા શરીરનું સામાન્ય તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ છે. પરંતુ ઉનાળા દરમિયાન આસપાસના વાતાવરણનું તાપમાન 40 થી 45 ડિગ્રી સુધી પહોંચી જાય છે. આવી સ્થિતિમાં જ્યારે આપણે તીવ્ર સૂર્યપ્રકાશ અથવા ગરમ હવામાં બહાર જઈએ છીએ, ત્યારે આસપાસનું વાતાવરણ આપણા શરીરનું તાપમાન વધારી દે છે. જ્યારે આપણા શરીરનું તાપમાન સામાન્ય શરીરના તાપમાન એટલે કે 37 ડિગ્રી સેલ્સિયસ કરતાં વધી જાય છે, ત્યારે આ સ્થિતિને હીટ સ્ટ્રોક કહેવામાં આવે છે.

જો કોઈ વ્યક્તિ માનસિક સમસ્યાઓથી પીડિત હોય, જેમ કે સ્ટટરિંગ, બેભાન થવું અથવા માનસિક ધ્રુજારી. આ સ્થિતિ ખતરનાક લેવલના હીટ સ્ટ્રોકની છે. આવી સ્થિતિમાં દર્દીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવો જોઈએ. કારણ કે આમાં શરીરનાં અંગોને નુકસાન થવાનું જોખમ રહેલું છે. વ્યક્તિએ પોતાની જાતે કોઈપણ પ્રકારની સારવાર ન કરવી જોઈએ. કારણ કે આવી સ્થિતિમાં થોડી બેદરકારી પણ દર્દીના મૃત્યુનું કારણ બની શકે છે.

નિષ્ણાત તબીબના જણાવ્યા મુજબ, હીટ સ્ટ્રોકથી બચવા માટે ઘરની બહાર નીકળતા પહેલાં કંઈક ખાઓ. દાદા અને દાદી કહે છે કે ઘરની બહાર ક્યારેય ખાલી પેટ ન નીકળવું જોઈએ, તેની પાછળ વિજ્ઞાન છે. જ્યારે તમે ખાલી પેટે બહાર જાઓ છો, ત્યારે તમે ઝડપથી થાકી જાઓ છો અને ઈલેક્ટ્રોલાઈટ્સ ગુમાવો છો, જે ડિહાઈડ્રેશનનું કારણ બને છે. ગરમી અને સનસ્ટ્રોકથી બચવા માટે તમે નારિયેળ પાણી પી શકો છો. આ ઉપરાંત, તડકામાંથી આવ્યા પછી અથવા વધુ પડતો પરસેવો આવ્યા પછી તરત જ ઠંડું પાણી પીવું જોઈએ નહીં. ઉનાળામાં પાણીમાં લીંબુ અને મીઠું ભેળવીને દિવસમાં બે-ત્રણ વાર પીવું જોઈએ. આ હીટ સ્ટ્રોકનું જોખમ ઘટાડે છે.

જે લોકો હીટ સ્ટ્રોકથી પરેશાન છે તેઓ માટે જવનો લોટ અને ડુંગળી પીસીને પેસ્ટ બનાવો અને તેને શરીર પર લગાવો, તેનાથી તેમને ઘણી રાહત થશે. તડકામાંથી બહાર આવ્યા પછી ડુંગળીનો થોડો રસ મધમાં ભેળવીને ચાટવાથી હીટ સ્ટ્રોકનું જોખમ ઓછું થાય છે. ઉનાળાની ઋતુમાં જમ્યા પછી ગોળ ખાવાથી હીટ સ્ટ્રોકનું જોખમ પણ ઓછું થઈ જાય છે. ઉનાળામાં હળવો ખોરાક લેવો જોઈએ અને ડાયટમાં દહીંનો સમાવેશ કરવો જોઈએ.

# લોકોને દુબઈ-થાઈલેન્ડ સસ્તામાં લઈ જવાની લાલચ આપી 1.20 કરોડ પડાવ્યા

## વિદેશ ટૂરના નામે 172 લોકોના પૈસા લઈને ફરાર કે.સી. હોલીડેના સંચાલકને 6 મહિને સુરતથી દબોચ્યો

**અમદાવાદ, તા.01**

અમદાવાદના સેટેલાઈટમાં જાણીતી અને ઠગ કે.સી. હોલીડેના સંચાલકની આખરે પોલીસે છ મહિના બાદ ધરપકડ કરી છે. આરોપી સંચાલક લોકોને સસ્તામાં વિદેશ દૂર કરવાની લાલચ આપતો હતો.આરોપીએ 172 લોકો પાસેથી વિદેશના નામે 1.20 કરોડ રૂપિયા પડાવ્યા હતા. જે અંગે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધ્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. શિવરંજની વિસ્તારમાં આવેલી કે.સી.ટ્રાવેલ્સ નામની ઓફિસ શરૂ કરીને લોકોને સસ્તા ભાવે દુબઈ, સીંગાપુર, થાઈલેન્ડ અને મલેશિયામાં ટુર કરાવી આપવાની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી. આ ઓફિસના સંચાલકો ગ્રાહકોને હોટલ બુકિંગ, ફ્લાઈટની ટિકિટ અને વિઝા અપાવવા જેવી સગવડો આપતા હતા. અનેક લોકો પાસેથી આ બહાને રૂપિયા પડાવીને છેતરપિંડી આચરવામાં આવી હતી. ગ્રાહકોએ પૈસા આપ્યા બાદ તેમને કોઈ પણ સુવિધા મળી નહોતી અને સંચાલકો ઓફિસ બંધ કરીને નાસી ગયા હતા. મોટી સંખ્યામાં લોકો સેટેલાઈટ પોલીસ સ્ટેશન પહોચ્યા



હતાં અને આરોપી વિરુદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ કરીને આરોપી કિરણ ચંદ્રકાન્ત ચૌહાણ ઉર્ફે કે.સી.ની ધરપકડ કરી છે.પોલીસ તપાસમાં આરોપીએ 172 લોકો પાસેથી 1.20 કરોડ જેટલી રકમ પડાવી હોવાનું સામે આવ્યું છે. આરોપી આ રીતે છેતરપિડી કરવાની ટેવ ધરાવે છે. અગાઉ પણ તેની વિરુદ્ધમાં સેટેલાઈટ, સરખેજ, કૃષ્ણનગર, અને વડોદરામાં ગુના નોંધાઈ ચુક્યા છે. પોલીસ ફરીયાદ નોંધાયા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. જુનાગઢ, સુરત જેવા શહેરોમાં સતત નાસતો ફરતો હતો. પોલીસે તેની ગતિવિધિઓ પર નજર રાખીને ટેકનીકલ સર્વેલન્સથી આરોપીની સુરત ખાતેથી ધરપકડ કરી છે.આરોપીએ અગાઉ પણ દુબઈ ખાતેની ઓફિસમાં નોકરી માટે ન્યુઝ પેપરમાં જાહેરાત આપી હતી. જો કે આ માટે તેણે સંબંધિત સરકારી વિભાગની મંજુરી ના લીધી હોવાનું તપાસમાં જાણવા મળતા પોલીસએ તેની વિરુદ્ધમાં ઈમિગ્રેશન એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો.

# NRI દંપતીને 36 કલાક ડિજિટલ એરેસ્ટ કર્યા: FD તોડી 15 લાખ આપવા તૈયાર થયા ને છેલ્લી ઘડીએ પોલીસે બચાવ્યા

**અમદાવાદ, તા.01**

અમદાવાદના સેટેલાઈટમાં રહેતા અને મૂળ NRI દંપત્તિ ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા હતા.આ દંપત્તિને નરેશ ગોયલ ઠગાઈ કેસમાં તેમના આધાર કાર્ડનો ઉપયોગ થયો હોવાનું કહીને ગઠિયાઓ ડરાવ્યા હતા.આ દંપતી પાસે પૈસાની માંગણી કરતા દંપતીએ 15 લાખની FD તોડાવી પૈસા આપવા તૈયાર થયા હતા પરંતુ, એક વકીલ મિત્રને જાણ કરતા વકીલ મિત્રએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો અને પોલીસે દંપતીને સમજાવી તેમના 15 લાખ રૂપિયા બચાવ્યા હતા. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને અમેરિકન નાગરિકતા ધરાવતા સિનિયર સિટીઝન દંપતીને 25 ફેબ્રુઆરીએ અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતાને ED, CBI અને મુંબઈ પોલીસના અધિકારી હોવાની ઓળખ આપીને નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં નામ ખુલ્યું હોવાનું જણાવ્યું હતુ. આધાર કાર્ડનો દુરુપયોગ અને મુંબઈની બેંકમાં કરોડોના ટ્રાન્ઝેક્શનની ખોટી



માહિતી આપી દંપતીને ડરાવ્યા હતા. દંપતીને ડરાવી ગઠિયાઓએ ડિજિટલ એરેસ્ટ દરમિયાન દંપતીને કોઈ સાથે વાત કરવા દેવામાં આવી ન હતી અને ભોજન માટે પણ મનાઈ કરી હતી. ગઠિયાઓએ દિવસ-રાત મોબાઈલ ચાલુ રાખવા મજબૂર કર્યા હતા. દંપતીને એક્સિસ બેંકમાં મોકલીને 15 લાખ રૂપિયાની FD તોડાવવા મજબૂર કર્યા હતા. જોકે, દંપતી નેટ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ન કરતા હોવાથી પૈસા તાત્કાલિક ટ્રાન્સફર થઈ શક્યા નહોતા. આ દરમિયાન સિનિયર સિટીઝને હિંમત કરીને પોતાના વકીલ મિત્રને સમગ્ર ઘટના જણાવી હતી. જે બાદ તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવાની સલાહ મળતા પાંચ જ મિનિટમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનની ટીમ દંપતીના ઘરે પહોંચી હતી. પોલીસે પહેલા દંપતીના મોબાઈલ બંધ કરાવ્યા અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવી દીધું હતું. પરિણામે 15 લાખની FD ટ્રાન્સફર થતી અટકી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું કે શરૂઆતમાં માફિયાઓ 60 લાખ રૂપિયા ઉપાડવાની માગ કરી રહ્યા હતા.

# ટ્રેક્ટર પાછળ બાઈક ઘૂસી જતા એક જ પરિવારના 3નાં મોત: સુરતના વરાછા ઓવરબ્રિજ પર પિતા-પુત્ર-ભત્રીજાને કાળ ભરખી ગયો....

**સુરત, તા.01**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. હીરાબાગથી કામરેજ તરફ જતા વરાછા ઓવરબ્રિજ પર બંધ હાલતમાં ઉભેલા એક ટ્રેક્ટર પાછળ મોટરસાયકલ અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક જ પરિવારના પિતા પુત્ર અને ભત્રીજા સહિત ત્રણ સભ્યોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

મળતી માહિતી મુજબ, ગત 28 ફેબ્રુઆરી 2026ના રોજ રાત્રે આશરે 11.30 વાગ્યાના સુમારે શૈલેષભાઈ માણીયા (રહે. પાસોદરા) પોતાની પત્ની કૃપાબેન અને પુત્ર મન અને ભાઈ વિજયનો પુત્ર મંત્ર સાથે વરાછા ઉમિયાધામ રોડ પર આવેલ સોના એપાર્ટમેન્ટથી પોતાના ઘરે જઈ રહ્યાં હતા. તેઓ જ્યારે હીરાબાગથી કામરેજ તરફ જતાં ઓવરબ્રિજ પર પહોંચ્યા, ત્યારે ત્યાં અંધારામાં કોઈ પણ પ્રકારના રિફ્લેક્ટર કે સાઈન બોર્ડ વગર એક ટ્રેક્ટર બંધ હાલતમાં ઉભું હતું. અંધારાને કારણે ટ્રેક્ટર ન દેખાતા શૈલેષભાઈની મોટરસાયકલ સીધી ટ્રેક્ટર પાછળ ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે પરિવારના ચારેય સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાહદારીઓની મદદથી તાત્કાલિક તમામને ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. મન અને મંત્ર બંને ભાઈઓને વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતાં. ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન શૈલેષભાઈનું પણ ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. કૃપાબેન મૃતક



શૈલેષભાઈના પત્ની હાલ ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ મામલે મૃતક શૈલેષભાઈના કાકા નાનજીભાઈ ગોગનભાઈ માયાણીએ અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ટ્રેક્ટર ચાલકે બેદરકારીપૂર્વક ઓવરબ્રિજ પર કોઈ પણ સુરક્ષા ચિહ્નો રાખ્યા વગર વાહન ઉભું રાખી બીજાની જિંદગી જોખમમાં મૂકી છે. પોલીસે ગુનો નોંધીને ફરાર ટ્રેક્ટર ચાલક પકડ્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પરિવાર પાસેથી મળતી માહિતી પ્રમાણે, મૃતક શૈલેષભાઈના ભાઈ વિજયભાઈના સાસુનું અવસાન થઈ ગયું હોવાથી વરાછા ઉમિયાધામ ખાતે પરિવાર સાથે આવ્યા હતાં. ત્યારબાદ શૈલેષભાઈની બાઈક પર પત્ની કૃપા પુત્ર મન અને ભાઈનો પુત્ર મંત્રને લઈને ઘરે પરત ફરી રહ્યા હતાં. દરમિયાન અકસ્માત નડ્યો હતો અને એક જ પરિવારના ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતાં. બંને ભાઈઓ રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. શૈલેષભાઈના પરિવારમાં એક પુત્ર બે પુત્રી છે. જ્યારે વિજયભાઈના પરિવારમાં એક પુત્ર અનેક પુત્રી છે. તેથી બંને ભાઈઓના એકના એક કુળદીપકના અવસાનથી શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. અશ્વિનીકુમાર પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગૌશાળાથી કાપોદ્રા સુધી નવા બ્રિજની કામગીરી કરવામાં આવી રહી છે. જેના કામ અર્થે ટ્રેક્ટરને વરાછા ઓવરબ્રિજ પર લઈ જવામાં આવ્યું હતું અને કામગીરી કરવામાં આવી રહી હતી. રાત્રિના સમયે બાઈક ચાલક પરિવાર બ્રિજ પર ઉભેલા આ ટ્રેક્ટર માં ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. હાલ તો ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધીને વધુ કાર્યવાહી હાથ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મૃતક શૈલેષભાઈના ભાઈ વિજયભાઈના સાસુનું અવસાન થયું હોવાથી રાત્રિના સમયે ગયા હતા અને ત્યાંથી પરત ફરતા અકસ્માત નડ્યો હતો. વિજયભાઈના સાસુની અંતિમયાત્રા આજે સવારે નીકળી હતી. જ્યારે શૈલેષભાઈ અને તેમના પરિવારની પણ અંતિમયાત્રા નીકળે છે.

# સુરતના ઉધના રેલવે સ્ટેશન પર માનવ મહેરામણ ઉભરાયું: હોળી પર 18,000થી વધુ પરપ્રાંતીયો 5 સ્પેશિયલ ટ્રેનમાં વતન રવાના

**સુરત, તા.01**

હીરાનગરી અને ટેક્સટાઈલ હબ તરીકે જાણીતું સુરત શહેર આજે ફરી એકવાર મિની ભારતનો નઝારો રજૂ કરી રહ્યું છે. હોળી અને ધુળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરતમાં રોજગારી અર્થે વસતા પરપ્રાંતીય શ્રમિકો અને કારીગરોમાં પોતાના વતન પહોંચવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતા મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા અભૂતપૂર્વ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

1 માર્ચને રવિવારના વહેલી સવારથી જ ઉધના રેલવે સ્ટેશન 'મિની બિહાર'માં ફેરવાઈ ગયું હતું. હજારોની સંખ્યામાં લોકો પોતાના પરિવાર અને સામાન સાથે વતન જવા માટે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા.

શ્રમિક વર્ગ માટે આશીર્વાદ સમાન ગણાતી 'અંત્યોદય એક્સપ્રેસ'માં આજે સૌથી વધુ ભીડ જોવા મળી હતી. આ સંપૂર્ણ જનરલ કોચ ધરાવતી ટ્રેનમાં પગ મૂકવાની પણ જગ્યા નહોતી. તેવી જ રીતે, આધુનિક સુવિધાઓથી સજ્જ 'અમૃત ભારત' ટ્રેનમાં પણ મુસાફરોનો ભારે ધસારો રહ્યો હતો. રેલવે સુરક્ષા દળ અને જીઆરપીના જવાનોએ શાંતિપૂર્ણ રીતે લોકોને ટ્રેનમાં બેસાડવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.



ડી.આર.એમ. પંકજ સિંહે વધુમાં ઉમેર્યું હતું કે, અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. જો મુસાફરોની સંખ્યા હજુ વધશે, તો અમારી પાસે વધારાના કોચ (રેક) મેન્ટેનન્સ સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. જરૂર પડ્યે તાત્કાલિક ધોરણે વધારાની સ્પેશિયલ ટ્રેનો પણ દોડાવવામાં આવશે. સાંજના સમયે રક્સૌલથી આવતી ટ્રેનો જે અહીંથી પરત ફરવાની છે, તેમાં પણ મુસાફરોને વતન મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉધના સ્ટેશન પર પીવાના પાણી, પ્રાથમિક આરોગ્ય અને હેલ્પ ડેસ્ક જેવી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે જેથી કરીને આ કાળઝાળ ગરમીમાં મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે.

વતન જઈ રહેલા એક મુસાફરે જણાવ્યું કે, સુરત અમને રોજીરોટી આપે છે, પણ હોળીનો તહેવાર તો વતનમાં પરિવાર અને મિત્રો સાથે જ ઉજવવાની મજા આવે છે. ટ્રેનમાં ભીડ તો ઘણી છે, પણ રેલવેની આ સ્પેશિયલ ટ્રેનોને કારણે અમને ટિકિટ મળી ગઈ અને અમે ઘરે પહોંચી શકીશું તેનો આનંદ છે.

સુરતના કાપડ ઉદ્યોગ અને બાંધકામ ક્ષેત્રે જોડાયેલા હજારો શ્રમિકો દર વર્ષે હોળી પર સામૂહિક રીતે વતન જાય છે, જેના કારણે સુરત રેલવે સ્ટેશન અને ઉધના રેલવે સ્ટેશન પર દર વર્ષે આ પ્રકારની સ્થિતિ સર્જાય છે. જોકે, આ વર્ષે રેલવે તંત્રએ એડવાન્સ પ્લાનિંગ કરીને અંધાધૂંધી ટાળવાનો પૂરો પ્રયાસ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિવાળી અને છઠ પર જે રીતે મુસાફરોની લાઈનો લાગી હતી તેના પરથી બોધ પાઠ લઈને હોળી અને ધુળેટીના તહેવાર પર આગોતરું આયોજન કરીને રેલવે વિભાગે સરળતાથી લોકો અને પોતાના માર્ગેરે વતન રવાના કર્યા હતા.

# અક્ષરધામ કોમ્પલેક્ષમાં તસ્કરોએ એકસાથે 13 દુકાનના તાળા તોડ્યા: બે દુકાનમાંથી 53 હજારની ચોરી કરીને આરોપી ફરાર

**અમદાવાદ, તા.01**

અમદાવાદ શહેરના જજીસ બંગ્લો રોડ પર આવેલા અક્ષરધામ કોમ્પલેક્ષમાં તસ્કરોએ એકસાથે 13 દુકાનના તાળા તૂટ્યા છે. કોમ્પલેક્ષમાં આવેલી કુલ 13 દુકાનોના તાળા તોડીને બે દુકાનમાંથી 53 હજારના કિંમતની ચોરી થઈ છે. જ્યારે અન્ય દુકાનોમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી CCTVના આધારે તપાસ હાથ ધરી છે. બોડકદેવમાં રહેતા મયુરીકાબેન ભાવસાર જજીસ બંગ્લો રોડ પર આવેલા અક્ષરધામ કોમ્પલેક્ષમાં બ્યુટી પાર્લર ધરાવે છે. પાડોશમાં દુકાન ધરાવતા ઝરણાબેને ફોન કરીને મયુરીકાબેનની દુકાનનુ તાળુ તુટ્યુ હોવાની જાણ કરી હતી. જેથી, મયુરીકાબેન તાત્કાલિક



દુકાને પહોંચ્યા હતા ત્યાં તપાસ કરતા તસ્કરોએ તેમની દુકાનમાંથી રોકડા 30 હજારની ચોરી કરી હોવાનું સામે આવ્યુ હતું.

આ જ કોમ્પલેક્ષમાં આવેલા ડેન્ટલ ક્લીનીકમાં પણ તસ્કરોએ 23 હજાર રોકડાની ચોરી કરી હતી. કોમ્પલેક્ષના લોકો ભેગા થઈ જતા તસ્કરોએ અહીં આવેલી અન્ય 11 દુકાનના પણ તાળા તોડ્યા હોવાનું સામે આવ્યુ હતું. આ રોડ પર દિવસ રાત લોકોની અવર જવર હોવા છતાંય એક જ કોમ્પલેક્ષમાં એક બે નહિ પરંતુ 13 દુકાનોના તાળા તૂટ્યા હતા.જેથી બાદમાં દુકાન માલિકોએ પોલીસને જાણ કરાતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ આધારે ચોર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બ્યુટી પાર્લરમાં માતાજી આવ્યાનું નાટક કરી છેતરતી બે મહિલા ઝડપાઈ

## માતાજી તમારા પર દુઃખ દૂર કરશે કહી ધુણવા લાગતી, ધાર્મિક વિધિના નામે સોનાના દાગીના અને રોકડા પડાવતી

**અમદાવાદ, તા.01**

અમદાવાદના નરોડા વિસ્તારમાં બ્યુટી પાર્લરના બહાને મહિલાઓને અંધશ્રદ્ધાની જાળમાં ફસાવી દાગીના અને રોકડની ઠગાઈ કરતી બે ઠગબાજ મહિલાઓની પોલીસે ધરપકડ કરી છે. આ ટોળકી ગ્રાહક બની પાર્લરમાં જતી અને વાતોવાતોમાં ભોળવીને માતાજી આવે છે તેમ કહી ધૂણવાનું નાટક કરી ધાર્મિક વિધિના નામે સોનાના દાગીના પડાવી લેતી હતી.

નરોડા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગાંધીનગર અને કપડવંજની બે મહિલા આરોપીઓની અટકાયત કરી તેમની પાસેથી 18 ગ્રામ સોનાની રણી કબજે કરી છે. તપાસમાં ખૂલ્યું છે કે, પકડાયેલી આરોપી મીનાબેન વિરુદ્ધ અગાઉ પણ રાજ્યભરમાં 10થી વધુ ગુના નોંધાયેલા છે, જ્યારે ચોરીનો માલ ખરીદનાર સોની વેપારીને પણ આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના નરોડા વિસ્તારમાં બ્યુટી પાર્લરનું કામ કરતાં એક મહિલાના ત્યાં બે અજાણી મહિલાઓ આવી હતી અને તેમણે બ્યુટી પાર્લરનું કામ



કરાવવાની વાત કરી હતી. જે બાદ વાતચીત કરવાના બહાને તેમની પાસેથી નજર ચૂકવીને સોનાના દાગીનાની ચોરી કરી લીધી હતી. જે ફરિયાદના આધારે નરોડા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ કર્યા હતા, જે ફૂટેજમાં મહિલાઓ અવરજવર કરતી જોવા મળી હતી. CCTVમાં દેખાયેલી મહિલાઓ અંગેની તપાસ કરી નરોડા પોલીસે મીનાબેન ઉર્ફે ટીના વાદી ( ઉ. વ. 40, રહે. બહિયલ,ગાંધીનગર) અને રૂપલબેન વાદી ( ઉ. વ. 40, રહે. દણાદરા, કપડવંજ)ની ધરપકડ કરી હતી.

નરોડા પોલીસ સ્ટેશનના PI પી.વી ગોહિલે જણાવ્યું હતું કે, બંને મહિલાઓની ધરપકડ કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, બંને બ્યુટી પાર્લરની દુકાનમાં જતી હતી અને બ્યુટી પાર્લરના કામની વાતોમાં ભોળવી અને રૂપલબેન મીનાબેનને માતાજી આવે છે તેમ કહી દુઃખ દૂર કરશે એમ કહેતા હતા. જેથી મીનાબેન ધૂણવા લાગતા હતા અને લોકોને માતાજીના નામે અંધશ્રદ્ધામાં ભોળવી અને દુઃખ દૂર કરવા માટે ધાર્મિક વિધિ કરવી પડશે તેવું કહી સોનાના દાગીના અથવા રોકડા રૂપિયા પડાવી લેતા હતા અને નજર ચૂકવીને ચોરી પણ કરી લેતા હતા. જે સોનાના દાગીના તેઓ અમદાવાદના હળદર વાસના ધીરેનભાઈ સોનીના ત્યાં વેચી દેતા હતા.

પોલીસે તેમની પાસેથી 18 ગ્રામ જેટલી સોનાની રણીઓ પણ કબજે કરી છે. આરોપી તરીકે ધીરેનભાઈ સોનીને પણ બતાવવામાં આવ્યા છે. આરોપી મીનાબેન વિરુદ્ધ અગાઉ પણ શહેરના અને રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં 10થી વધારે ગુનાઓ નોંધાયેલા છે. હાલ પોલીસે અન્ય કોઈ જગ્યા ઉપર ધાર્મિક વિધિના નામે અંધશ્રદ્ધામાં ભોળવીને છેતરપિંડી કરી છે કે કેમ તે અંગેની વધુ તપાસ શરૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# પાકિસ્તાનમાં અમેરિકી દૂતાવાસ પર હુમલો: 12ના મોત

## દિલ્હી, J&K, UP- બેંગલુરુમાં વિરોધ પ્રદર્શન, મિડલ ઈસ્ટમાં બોર્ડની પરીક્ષાઓ સ્થગિત; ભારતમાં 350+ ફ્લાઈટ રદ







**દુબઈ, તા.01**

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હવાઈ હુમલા સતત બીજા દિવસે પણ ચાલુ છે. ઈરાન મિડલ ઈસ્ટના 9 દેશોમાં ઈઝરાયલ અને યુએસ લશ્કરી ઠેકાણાઓ પર પણ એર સ્ટ્રાઈક કરી રહ્યું છે. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મૃત્યુની પુષ્ટિ થઈ છે. આ તરફ ખામેનીના મોત મામલે જમ્મુ-કાશ્મીર, UP અને બેંગલુરુમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે. કર્ણાટકના બેંગલુરુમાં શિયા સમુદાયના લોકોએ રેલી કાઢી હતી. આ તરફ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું છે. મિડલ ઈસ્ટમાં એરસ્પેસ બંધ થવાને કારણે, 1 માર્ચે ભારતીય સ્થાનિક એરલાઈન્સની 350 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

પાકિસ્તાનના કરાચીમાં હજારો શિયા મુસ્લિમો ખામેનીના મોતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. ઈઝરાયલ અને અમેરિકા સામે નારા લગાવતા પ્રદર્શનકારીઓએ અમેરિકન દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા દળોના ગોળીબારમાં 12 લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે ઘણા યુવાનો ઘાયલ થયા છે.

ઈરાનના મિડલ ઈસ્ટના રાજ્યો પર તેના હુમલાઓ ચાલુ છે. આજે સવારથી, કતાર, દુબઈ અને અબુ ધાબીમાં મિસાઈલ અને ડ્રોન હુમલાઓ થઈ રહ્યા છે. કતારમાં રહેતા ભારતીયોએ હુમલાના વીડિયો શેર કર્યા છે.

આ દરમિયાન, મિડલ ઈસ્ટમાં બગડતી પરિસ્થિતિને કારણે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ મિડલ ઈસ્ટના દેશોમાં 2 માર્ચે યોજાનારી ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓ મુલતવી રાખી છે. આમાં બહેરીન, ઈરાન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને UAEનો સમાવેશ થાય છે. નવી પરીક્ષાની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

રવિવારે સતત બીજા દિવસે પણ અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પર હુમલા ચાલુ છે. ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે મિડલ ઈસ્ટમાં પરિસ્થિતિ ઝડપથી બગડી ગઈ છે. વિમાન સેવા બંધ થવાની અસર દુબઈથી ભારત સુધી અનુભવાઈ રહી છે.

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈરાની ડ્રોન ટકરાયું, જેમાં ચાર લોકો ઘાયલ થયા. ગઈકાલે બુર્જ ખલીફા નજીક બ્લાસ્ટ થયો હતો અને આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ દુબઈમાં ફસાયેલી છે. તેણે X પોસ્ટમાં લખ્યું, 'અહીંની પરિસ્થિતિ દર કલાકે વધુ ભયાનક બની રહી છે. એરપોર્ટ પર અમે જ્યાં રોકાયા હતા તેની નજીક એક વિસ્ફોટ થયો. અમે ભાગ્યા હતા.' સિંધુ ઉપરાંત, અભિનેત્રી સોનલ ચૌહાણ પણ દુબઈમાં છે. તેણે 'X' પર પોસ્ટમાં પીએમ મોદી પાસે મદદ માટે અપીલ કરી છે.

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મુસાફરો 20 કલાકથી તેમની ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે. મુસાફરોએ દિલ્હી અને મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર જ રાત વિતાવી હતી. જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં અને ઉત્તર પ્રદેશના લખનઉમાં ખામેનીના મોત સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે. આ તરફ ખામેનીના મોત મામલે રાજસ્થાનના અજમેરમાં શિયા મુસ્લિમ મહાસભાએ 3 દિવસના શોકની જાહેરાત કરી છે.

ઈઝરાયલમાં 40 હજારથી વધુ ભારતીયો છે. તેમને રજીસ્ટ્રેશન કરવા માટે એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જેથી તેમને તાત્કાલિક મદદ કરી શકાય.

ખાડી દેશોમાં ભારતીય મિશનોએ તેમના નાગરિકોને સતર્ક રહેવા અને અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી.

ઈરાનમાં 9,000 થી 10,000 ભારતીયો છે. તેમાંના મોટાભાગના કાશ્મીરના મેડિકલ વિદ્યાર્થીઓ છે. કેટલાક વિદ્યાર્થીઓએ મદદ માટે વિનંતી કરતા વીડિયો જાહેર કર્યા, જેમાં કહ્યું, 'રાહ જોવાનો સમય નથી.'

જમ્મુ અને કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિએશને પીએમને પત્ર લખીને ઈરાનમાં રહેલા વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષિત બહાર કાઢવાની માંગણી કરી હતી.

દૂતાવાસે 23 ફેબ્રુઆરીએ ભારતીયોને ઈરાન છોડવા કહ્યું હતું. વિદ્યાર્થીઓ ત્યાં જ રોકાઈ રહ્યા કારણ કે 5 માર્ચે બે મહત્વપૂર્ણ નેશનલ પરીક્ષાઓ યોજાવાની હતી. આ પરીક્ષાઓ મેડિકલ શિક્ષણ માટે ફરજિયાત છે. આ પરીક્ષાઓ વિના ડિગ્રી અને પ્રેક્ટિસમાં અટકી શકે છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંકટ અને અનેક દેશોમાં એરસ્પેસ બંધ થવાને કારણે, એર ઈન્ડિયાએ રવિવાર માટે વધુ 22 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરી છે. આ સાથે રદ કરાયેલી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સની કુલ સંખ્યા 50 થઈ ગઈ છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, મિડલ ઈસ્ટમાં એરસ્પેસ પ્રતિબંધોને કારણે 1 માર્ચે ભારતીય એરલાઈન્સની 444 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ થવાની આશંકા છે.

આ દરમિયાન, જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં અને ઉત્તર પ્રદેશના લખનઉમાં ખામેનીના મોત સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે દિલ્હીમાં મુસાફરોને મદદ કરવા માટે 24*7 કોલ સેન્ટર કાર્યરત કર્યું છે.

અમેરિકા-ઈઝરાયલી હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના મોત મામલે કાશ્મીર ઘાટીમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સેંકડો વિરોધીઓ ખામેનીની તસવીર અને પોસ્ટરો લઈને રસ્તા પર ઉતરી આવ્યા હતા. પ્રદર્શનકારીઓ સતત 'ખામેની જીંદાબાદ' અને 'અમેરિકા- ઈઝરાયલ મુર્દાબાદ' જેવા નારા લગાવી રહ્યા છે. ખામેનીના મોત મામલે રાજસ્થાનના અજમેરમાં શિયા મુસ્લિમ મહાસભાએ 3 દિવસના શોકની જાહેરાત કરી છે.

## દાવો-અજિતનું વિમાન લેન્ડિંગ પહેલાં ઝાડ સાથે અથડાયું: AAIBનો રિપોર્ટ- વિઝિબિલિટી ઓછી હતી, તેમ છતાં વિમાન રનવે પર ઉતાર્યું

**નવી દિલ્હી, તા.01**

એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)એ બારામતી પ્લેન ક્રેશ પર 22 પાનાનો પ્રાથમિક અહેવાલ બહાર પાડ્યો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે 28 જાન્યુઆરીના રોજ મુંબઈથી બારામતી જઈ રહેલા લિયરજેટ 45 XR વિમાને ઓછી વિઝિબિલિટી હોવા છતાં રનવે પર લેન્ડિંગ કર્યું હતું.



રિપોર્ટ મુજબ, વિમાન પહેલા જમણી તરફ વળ્યું, ઝાડ સાથે અથડાયું અને પછી જમીન પર પડ્યું. ત્યારબાદ તેમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટનામાં મહારાષ્ટ્રના ડેપ્યુટી CM અજિત પવાર અને અન્ય 4 લોકોના મોત થયા હતા.

AAIBએ ક્રેશ સાઈટ નજીકના ગામમાં લાગેલા CCTV ફૂટેજનો હવાલો આપતા કહ્યું કે દુર્ઘટના પહેલા વિમાન જમણી તરફ વળ્યું, ઝાડ અને પછી જમીન સાથે અથડાયું. આનાથી તેમાં આગ લાગી ગઈ અને આખું કોકપિટ, કેબિન બળી ગયું.

AAIBના રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 27 જાન્યુઆરીએ વિમાન એક ઉડાન પૂરી કરીને મુંબઈ પરત ફર્યું હતું. પોસ્ટ-ફ્લાઈટ ચેક પછી ટેકનિશિયનને તેમાં કોઈ ગડબડ મળી ન હતી. ખરેખરમાં, 26 જાન્યુઆરીએ VSR વેન્ચર્સના એરક્રાફ્ટ VT-SSK એ મુંબઈ-સુરત-મુંબઈ સેક્ટર માટે એક ચાર્ટર ફ્લાઈટ ઓપરેટ કરી હતી. આ 27 જાન્યુઆરીની રાત્રે 12.20 વાગ્યે મુંબઈ પાછી આવી.

બીજા દિવસે એટલે કે 28 જાન્યુઆરીએ આ જ વિમાનને સવારે લગભગ 8.09 વાગ્યે ટેક ઓફ ક્લિયરન્સ આપવામાં આવ્યું હતું. પુણે ATC પછી, વિમાન સવારે 8.19 વાગ્યે બારામતી ટાવરના સંપર્કમાં આવ્યું. પછીથી, કંટ્રોલરે પાઈલટોને જણાવ્યું કે વિઝિબિલિટી 3 કિલોમીટર હતી.

જોકે, એરક્રાફ્ટે અપ્રોચ ચાલુ રાખ્યો અને પછી ગો-અરાઉન્ડ કર્યું. બીજા અપ્રોચ દરમિયાન વિમાને ફિલ્ડ ઈન સાઈટની જાણ કરી. બાદમાં બારામતી ટાવરે રનવે 11 માટે લેન્ડિંગ ક્લિયરન્સ આપ્યું.

બારામતી ટાવરે પવનો શાંત થયા હોવાની પણ જાણ કરી. રનવે 11ની ડાબી બાજુએ ક્રેશ લેન્ડ કરતા પહેલા ક્રૂ મેમ્બરને 'ઓહ શિટ... ઓહ શિટ...' કહેતા સાંભળવામાં આવ્યા હતા.

બારામતી એરપોર્ટ પર એકમાત્ર રનવેનું રી-કાર્પેટિંગ માર્ચ 2016માં કરવામાં આવ્યું હતું અને રનવેની માર્કિંગ ઝાંખી પડી રહી હતી, સાથે જ રનવેની સપાટી પર કાંકરી પણ હતી.

61 વર્ષના પાઈલટ ઈન કમાન્ડ (PIC)ને 28 જાન્યુઆરીની ફ્લાઈટ પહેલાં 34 કલાકનો રેસ્ટ પિરિયડ મળ્યો હતો, જ્યારે 25 વર્ષના પાઈલટને 9 દિવસ અને 15 કલાકનો રેસ્ટ પિરિયડ મળ્યો હતો.

VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ નવી દિલ્હી સ્થિત એક નોન-શેડ્યુલ્ડ એર ઓપરેટર કંપની છે. આ કંપની પ્રાઈવેટ જેટ ચાર્ટર્ડ, મેડિકલ ઈવેક્યુએશન (એર એમ્બ્યુલન્સ) અને એવિએશન કન્સલ્ટન્સીનું કામ કરે છે. જે લિયરજેટ 45XR વિમાનનો બારામતીમાં અકસ્માત થયો, તેને 1990ના દાયકામાં 'સુપર-લાઈટ' બિઝનેસ કેટેગરી હેઠળ બનાવવામાં આવ્યું હતું. તેને લક્ઝરી અને ઝડપી ગતિની કોર્પોરેટ ઉડાન માટે જાણીતું છે.

## રાજસ્થાન-MPમાં પારો 33°C પાર: હિમાચલ-ઉત્તરાખંડમાં હિમવર્ષા અને પંજાબ-ચંદીગઢમાં યલો એલર્ટ, હરિયાણામાં ઝરમર વરસાદની સંભાવના

**શિમલા, તા.01**

દેશના ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં હવામાનના અલગ-અલગ રંગ જોવા મળી રહ્યા છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ફેબ્રુઆરીમાં જ એપ્રિલ જેવી ગરમી પડી રહી છે અને ઘણા શહેરોમાં તાપમાન 33C થી ઉપર પહોંચી ગયું છે.



એમપીમાં સૌથી ગરમ ખરગોનમાં તાપમાન 34.8 ડિગ્રી પહોંચી ગયું. જોકે રાજસ્થાનમાં શનિવાર સવારથી જયપુર, દૌસા સહિત ઘણા જિલ્લાઓમાં વાદળો છવાયેલા છે. હરિયાણામાં પણ પારો 31C પાર કરી ગયો છે, જોકે આજથી કેટલાક વિસ્તારોમાં વાદળો અને હળવા ઝરમર વરસાદની શક્યતા છે.

હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ. મોટી સંખ્યામાં પર્યટકો અટલ ટનલ પાસે બરફવર્ષા જોવા પહોંચ્યા, જેના કારણે ત્યાં જામ લાગી ગયો. પંજાબ અને ચંદીગઢમાં ધુમ્મસ અને તેજ પવનના કારણે કેટલાક વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરીને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

જ્યારે ઉત્તરાખંડના રુદ્રપ્રયાગની કેદારઘાટીમાં શનિવારે બપોર પછી વરસાદ થયો છે. આજે ઘણા જિલ્લાઓમાં વરસાદ અને ઊંચાઈ પર બરફવર્ષાની સંભાવના છે. પ્રદેશના મુનસ્યારીનું લઘુત્તમ તાપમાન -25.8C નોંધાયું, જે પ્રદેશમાં સૌથી ઓછું રહ્યું.

આ વખતે માર્ચ મહિનામાં મધ્યપ્રદેશ ખૂબ તપશે. ઘણા શહેરોમાં તાપમાન 40C ને પાર પહોંચી શકે છે. હવામાન વિભાગના મતે, માર્ચના પહેલા અઠવાડિયામાં હળવો વરસાદ થવાની પણ સંભાવના છે, જ્યારે બીજા અઠવાડિયાથી ગરમી તેની અસર બતાવવાનું શરૂ કરશે. દિવસની સાથે રાતો પણ ગરમ થશે.

રાજસ્થાનમાં આકરી ગરમી પડવા લાગી છે. આગામી દિવસોમાં દિવસનું તાપમાન 40C થી વધુ રહેવાનો અંદાજ છે. જેસલમેર, બાડમેર, જાલોરના વિસ્તારોમાં ભીષણ ગરમી પડી શકે છે. સાથે જ સરહદી જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ હીટવેવના દિવસો રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## ઈઝરાયલ-ઈરાન યુદ્ધ... MPના 100થી વધુ લોકો દુબઈમાં ફસાયા: ઈન્દોરના પૂર્વ ધારાસભ્ય, બિઝનેસમેન અને બિલ્ડર પણ સામેલ.....

**ઈન્દોર, તા.01**

ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના હુમલા વચ્ચે દુબઈની પ્રખ્યાત અને વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા નજીક ડ્રોન હુમલો થયો. હુમલા બાદ દુબઈના તમામ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. અહીંથી આવતી-જતી તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે રદ કરી દેવામાં આવી છે.




ઈઝરાયલ-ઈરાન યુદ્ધની અસર મધ્ય પ્રદેશના મુસાફરો પર પણ પડી છે. દુબઈના શારજાહથી ઈન્દોર આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ IX-256 રદ થઈ ગઈ છે. ગઈકાલની ફ્લાઈટ IX255 (IDR-SHJ) અને IX256 (SHJ-IDR) પણ રદ કરી દેવામાં આવી છે. આના કારણે મધ્ય પ્રદેશના 100થી વધુ મુસાફરો દુબઈ અને શારજાહ એરપોર્ટ પર ફસાયા છે.

જાણકારી મુજબ, શારજાહથી ઈન્દોર માટેની ફ્લાઈટ UAE સમય મુજબ બપોરે 12:20 વાગ્યે ઉપડવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ રદ કરી દેવામાં આવી. મુસાફરોને એરપોર્ટ પહોંચ્યા પછી આ વિશે જાણ થઈ. ઘણા મુસાફરો પહેલાથી જ દુબઈ પહોંચી ચૂક્યા હતા. શારજાહથી ઈન્દોર માટે કનેક્ટિંગ ફ્લાઈટ્સ નક્કી હતી. તેઓ પણ ત્યાં જ ફસાયેલા છે.

માહિતી અનુસાર, દુબઈમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે ઈન્દોરથી ઘણા લોકો ગયા હતા. તેમાં પૂર્વ ધારાસભ્ય સંજય શુક્લા, વિશાલ પટેલ, પ્રવીણ કક્કડ, સહારા ગ્રુપના મનીષ સહારા, અગ્રવાલ સમૂહના સંજય અગ્રવાલ, સી-21 મોલના માલિક પિન્ટુ છાબડા, ગોલુ પાટની સહિત ઘણા લોકોનો સમાવેશ થાય છે.

ફસાયેલા મુસાફરોમાં ઈન્દોર, ભોપાલ, ગ્વાલિયર સહિત મધ્ય પ્રદેશના ઘણા જિલ્લાઓના લોકોનો સમાવેશ થાય છે. તેમાં મોટી સંખ્યામાં પરિવારો, મહિલાઓ અને બાળકો પણ છે. ઘણા મુસાફરો રજાઓ મનાવવા અથવા પારિવારિક કાર્યક્રમોમાં ભાગ લેવા ગયા હતા, પરંતુ હવે વાપસી અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

એક મુસાફરે જણાવ્યું કે તેઓ આઠ કલાકથી વધુ સમયથી શારજાહ એરપોર્ટ પર બેઠા છે, પરંતુ એરલાઈન તરફથી સ્પષ્ટ માહિતી આપવામાં આવી રહી નથી. હોટેલ બુકિંગનો સમય પૂરો થઈ ગયો છે. ખાવા-પીવાની પણ તકલીફ પડી રહી છે. બાળકોને સંભાળવા મુશ્કેલ બન્યું છે.

ટિકિટનું પૂરું રિફંડ અથવા રીબુકિંગનો વિકલ્પ એર ઈન્ડિયા એક્સપ્રેસ અનુસાર, ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે UAE સહિત મધ્ય પૂર્વના ઘણા દેશોએ તેમના એરસ્પેસમાં પ્રતિબંધો લગાવ્યા છે. આ કારણે ભારતીય એરલાઈન્સની ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને અસર થઈ છે. સુરક્ષા કારણોસર શારજાહ-ઈન્દોર રૂટની ફ્લાઈટને પણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા મુસાફરોને ટિકિટનું સંપૂર્ણ રિફંડ અથવા પછીની તારીખે રીબુકિંગનો વિકલ્પ આપવાની વાત કહેવામાં આવી છે. જોકે, વૈકલ્પિક ફ્લાઈટ્સની સંખ્યા મર્યાદિત હોવાને કારણે મુસાફરોને તાત્કાલિક રાહત મળી રહી નથી.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધને લઈ ભારતે એડવાઈઝરી જાહેર કરી: ખાડી દેશોમાં ભારતીયોને ઘરોમાં રહેવાની અપીલ, કાશ્મીરી વિદ્યાર્થીઓને પાછા લાવવાની માગ

**નવી દિલ્હી, તા.01**

અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત લશ્કરી હુમલા બાદ ખાડી ક્ષેત્રમાં તણાવ વધી ગયો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે શનિવારે ઈરાન અને ઈઝરાયલ સહિત ખાડી દેશોમાં રહેતા તેના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરીને ઘરોમાં રહેવાની અપીલ કરી છે.

ઈરાન, ઈઝરાયેલ સહિત UAE, સાઉદી અરેબિયા, જોર્ડન, બહેરીન અને પેલેસ્ટાઈનમાં ભારતીય દૂતાવાસોએ નાગરિકોને સતર્ક રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. જોર્ડનમાં ભારતીય પ્રવાસીઓને સંભવિત ફ્લાઈટ અવરોધ પહેલાં દેશ છોડવાની પણ સલાહ આપવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર સ્ટુડન્ટ એસોસિએશન (JKSA) એ ઈરાનમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. એસોસિએશને વિદ્યાર્થીઓને પાછા લાવવાની માગ કરી છે.



શનિવારે સવારે ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હુમલો કર્યો. જવાબમાં, ઈરાને લગભગ 400 મિસાઈલો છોડીને ઈઝરાયલ તેમજ કુવૈત, કતાર, બહેરીન, સાઉદી અરેબિયામાં અમેરિકી ઠેકાણાઓ અને દુબઈને નિશાન બનાવ્યા.

ઈરાનની રાજધાની તેહરાનમાં આવેલા ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે જાન્યુઆરી સુધીમાં ઈરાનમાં 10 હજારથી વધુ ભારતીયો રહેતા હતા. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જેઓ ત્યાં મેડિકલ અને અન્ય કોર્સમાં અભ્યાસ કરી રહ્યા છે.

જ્યારે ઈઝરાયલમાં 41 હજારથી વધુ ભારતીય મૂળના લોકો રહે છે. દૂતાવાસે લોકોને અપીલ કરી છે કે તેઓ તેમના નજીકના સુરક્ષિત આશ્રયસ્થાનોની માહિતી રાખે અને બિનજરૂરી મુસાફરી ટાળે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં સ્થાનિક વહીવટીતંત્રના નિર્દેશોનું પાલન કરવું જરૂરી જણાવાયું છે.

ભારત સરકારે જણાવ્યું છે કે તે આ દેશોમાં પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને દૂતાવાસો સ્થાનિક પ્રશાસનના સંપર્કમાં છે. જરૂર પડ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

હાલમાં ભારતીય નાગરિકોને ગભરાવાને બદલે સાવચેત રહેવા, ફક્ત સત્તાવાર માહિતી પર વિશ્વાસ કરવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં સંબંધિત દૂતાવાસનો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

JKSA અનુસાર ઈરાનમાં મોટી સંખ્યામાં કાશ્મીરી વિદ્યાર્થીઓ MBBS અને અન્ય મેડિકલ કોર્સ કરી રહ્યા છે. 5 માર્ચ 2026 ના રોજ 'ઉલુમપાયા' અને પ્રી-ઈન્ટર્નશીપ જેવી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પરીક્ષાઓ યોજાવાની છે, તેથી ઘણા વિદ્યાર્થીઓ હાલમાં દેશ છોડી શકતા નથી.

JKSA એ જણાવ્યું કે વિદ્યાર્થીઓને એક તરફ સુરક્ષાની ચિંતા છે તો બીજી તરફ અભ્યાસ અને ભવિષ્યનો સવાલ છે. એસોસિએશને વિદેશ મંત્રાલય, તેહરાનમાં આવેલા ભારતીય દૂતાવાસ અને ઈરાની પ્રશાસન વચ્ચે બહેતર સંકલન અને જરૂર પડ્યે સુરક્ષિત સ્થળાંતરની વ્યવસ્થાની માંગ કરી છે.

## તંત્રી લેખ

# ટ્રમ્પના પાકિસ્તાનને ટેકા પછી કોંગ્રેસનો મોદીને ટોણો

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. આ બાબતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, 'અમેરિકા અને પાકિસ્તાનની વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં હું હસ્તક્ષેપ કરી શકતો હતો, પરંતુ પાકિસ્તાન સાથે મારી સારી દોસ્તી છે. એમના પ્રધાનમંત્રી મહાન છે. એમની પાસે એક મહાન સેનાપતિ છે. એમની પાસે એક મહાન નેતા છે. આ બે વ્યક્તિ એવી છે કે જેમના પ્રત્યે મને ખુબ માન છે. પાકિસ્તાન સારી કામગીરી કરી રહ્યું છે.' અમેરિકાના વિદેશ વિભાગના અંડર સેક્રેટરી એલીસન કુકરે પણ કહ્યું છે કે 'તાલીબાન હુમલા વિરુદ્ધ પોતાની રક્ષા કરવાના હક્ક બાબતે અમેરિકા પાકિસ્તાનનું સમર્થન કરે છે. અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.' પાકિસ્તાનને અમેરિકાના આ ખુલ્લા ટેકા બાબતે કોંગ્રેસે વડાપ્રધાનની ખિલ્લી ઉડાવી હતી. કોંગ્રેસે 'ભારતીય હગલોમસી'ને ફટકો પડયો હોવાનું કહ્યું છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે પોતાને વિશ્વ ગુરુ માનનારની અસલીયત ખુલ્લી થઈ ગઈ છે. લીકર સ્કેમના કેસમાં નીચલી અદાલતે આપેલી રાહત પછી અરવિંદ કેજરીવાલ ફરીથી આક્રમક મૂડમાં આવી ગયા છે. એમણે ભાજપ પર તો પ્રહાર કર્યા છે પરંતુ કોંગ્રેસને પણ છોડી નથી. કોંગ્રેસે પણ આ બાબતે આપને કેટલાક સવાલ કર્યા હતા. કેજરીવાલે કોંગ્રેસને સવાલ પૂછયા હતા કે કેજરીવાલ તો જેલ ગયા પરંતુ રોબર્ટ વાડ્રા, રાહુલ ગાંધી કે સોનિયા ગાંધી કદી જેલ ગયા? કોંગ્રેસ કયા મોઢે વાત કરે છે? એને શરમ નથી આવતી? કેજરીવાલના આ નિવેદનનો વળતો જવાબ કોંગ્રેસના સંદીપ દીક્ષિતે આપ્યો છે. સંદીપ દીક્ષિતે કહ્યું છે કે, 'હું વારંવાર કહું છું એ આજ હીનતા કેજરીવાલની છે. આ માણસ કહે છે કે એમના પર ખોટા આક્ષેપો કરવામાં આવ્યા હતા. શું તેઓ રાજકારણમાં આવ્યા ત્યારે સાચા આક્ષેપો કર્યા હતા? છેલ્લા ૧૫ વર્ષમાં કેજરીવાલે કરેલું એક પણ નિવેદન સાચુ હોય તો મને કહો.' આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત જોન મિયરશાઈમરએ ભારત - અમેરિકા સંબંધો વિશે ખુલીને વાત કરી છે. એમના કહેવા પ્રમાણે ચીન સામે અમેરિકા ભારતને મજબૂત સાથીદાર માને છે. જોકે આર્થિક દબાણ અને પ્રમુખ ટ્રમ્પની બદલાતી નીતિઓને કારણે બંને દેશોના સંબંધમાં તિરાડ પડી છે. દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. ભારતે પણ વિશ્વમાં પોતાનો પગદંડો જમાવવો છે. આવા સમયે ભારતનો અમેરિકા સાથેનો સંબંધ અગત્યનો છે અને થોડો જટીલ પણ છે. મિયરશાઈમરના કહેવા પ્રમાણે વેપાર નીતિ કોઈ નાનો મુદ્દો નથી, પરંતુ તણાવનું કારણ છે. એમણે કહ્યું હતું કે, 'પ્રમુખ ટ્રમ્પ પૈસા વસુલવાના બાદશાહ છે. એમનો મૂડ બદલાતો રહે છે. આ પરિસ્થિતિમાં ભારત માટે જરૂરી છે કે ભારત અમેરિકાની બહુ નજીક નહીં આવે. જો તમે આર્થિક રીતે અમેરિકા પર નિર્ભર થશો તો અમેરિકા પોતાના ફાયદા માટે એનો ઉપયોગ કરી શકે છે.' કેજરીવાલ અને એના સાથીઓને લીકર સ્કેમ બાબતે ક્લીનચીટ મળવાથી દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા ડઘાઈ ગયા છે. દિલ્હીના રાજકારણીઓ આ ચુકાદા પછી આક્ષેપ અને પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે. વિરોધપક્ષના નેતાઓએ કેન્દ્ર સરકારની કરેલી આકરી ટીકા પછી રેખા ગુપ્તાએ કહેવું પડયું છે કે, આ ચુકાદો તો નીચલી કોર્ટનો છે. અંતિમ નિર્ણય હાઈકોર્ટ લઈ શકે છે. નવાઈ લાગે એ રીતે રેખા ગુપ્તાએ આક્ષેપ કર્યો હતો કે, તપાસ દરમિયાન આરોપો સાથે છેડછાડ કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં મોબાઈલ ફોન તેમજ ડેટાનો નાશ કરવામાં આવ્યો હતો. જો સરકારની કહ્યાગરી એજન્સી સીબીઆઈના અધિકારીઓએ કેજરીવાલને બચાવવાનો પ્રયત્ન કર્યો હોય તો સરકાર આવા અધિકારીઓ સામે પગલા કેમ નથી લેતી? આ સવાલનો જવાબ રેખા ગુપ્તા પાસે નહોતો. એમણે તો કેજરીવાલની મજાક ઉડાવતા હોય એમ કહ્યું હતું કે કેજરીવાલના બુશર્ટની સાઈઝ ૪૨ છે અને તેઓ ૪૪ની સાઈઝ પહેરીને ફરે છે. મુંબઈની ખાસ કોર્ટે ઈકોનોમિક ઓફેન્સ વિંગ (ઈઓડબ્લ્યુ)ના રીપોર્ટને માન્ય રાખ્યો છે. આ રીપોર્ટમાં મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટીવ બેંકની લોન વહેચણી સમયે આશરે ૨૫ હજાર કરોડ રૂપિયાનો ગોટાળો કરવાનો આક્ષેપ ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવાર અને એમના પત્ની અને હમણાના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર પર કરવામાં આવ્યો હતો. આ આરોપમાંથી પવાર દંપતીને ક્લીનચીટ આપી દેવામાં આવી છે.

**પેન્ટાગોનની આ સત્તાભુખે વધુ એક દેશને ભરડામાં લીધો છે. પેન્ટાગોન દ્વારા ઈઝરાયેલની મદદ લઈને ખામેનેઈને એકડો કાઢી નાખવાની યોજના કરાઈ છે. પેન્ટાગોનની આ પાવર ગેમ મિડલ ઈસ્ટના સમીકરણો બગાડશે તેમાં કોઈ નવાઈ નથી : પેન્ટાગોનનો દાવો છે કે, ખામેનેઈ સરકાર દ્વારા આતંકીઓને તાલિમ આપવામાં આવે છે, પૈસા આપવામાં આવે છે, હથિયરો આપવામાં આવે છે જેથી તેઓ આ પૃથ્વી ઉપર રક્તપાત કરી શકે. ઈરાન દ્વારા પોષવામાં આવતા હમાસે જ ઓક્ટોબરમાં ઈઝરાયેલ ઉપર હુમલો કરીને 1000 નિર્દોષ લોકોની હત્યા કરી નાખી હતી : અમેરિકા હાલની સ્થિર્તિનો લાભ લઈને વેનેઝુએલાની જેમ ખોમેનઈને સત્તા ઉપરથી હટાવીને બધું જ પોતાના હસ્તક કરી લે તો પણ કશું કહી શકાય નહીં. જાણકારો માને છે**

# ખામેનેઈને ખામોશ કરવા પેન્ટાગોન મરણિયું થયું

## ઈરાનમાંથી કોઈપણ ભોગે ખામેનેઈની સત્તા દૂર કરીને પોતાનો પાળેલો પોપટ બેસાડી વિવિધ સ્તરે લાભ લેવા અમેરિકાના ધમપછાડા



અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન ઉપર વ્યાપક હુમલો કરવામાં આવ્યો છે. બીજી તરફ ઈરાને વળતા હુમલાની શરૂઆત કરી દીધી છે. અમેરિકા અને ઈઝારાયેલે અચાનક કરેલી આ એર સ્ટ્રાઈકને પગલે સમગ્ર મિડલ ઈસ્ટમાં તણાવ ફેલાઈ ગયો છે. તેના પગલે સમગ્ર મિડલઈસ્ટ યુદ્ધગ્રસ્ત થાય તેવી સ્થિતિ સર્જાઈ હોવાની ચર્ચા છે. ઉલ્લેખનીય છે કે, ઈરાનમાં ગત મહિને થયેલા પ્રજાના વિરોધ અને વિદ્રોહ વચ્ચે અમેરિકી પ્રમુખ કુદી પડયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે ત્યારે ઈરાનના લોકોને સંબોધતા સંદેશ પાઠવ્યો હતો કે ટૂંક સમયમાં તમારા સુધી મદદ પહોંચી જશે અને બધું બદલાઈ જશે. જાણકારો માને છે કે ટ્રમ્પ જે મદદની વાત કરતા હતા તે હવે અમેરિકાએ અને ઈઝરાયેલે સાથે મળીને પહોંચાડવાની શરૂઆત કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે, શનિવારે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા સંયુક્ત રીતે ઈરાનના વિવિધ ઠેકાણા ઉપર હુમલા કરાયા હતા. ખાસ કરીને ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈ અને પ્રમુખ માસૌદ પેઝેશકીઆનના ઠેકાણા ઉપર મિસાઈલો દાગવામાં આવી હતી. આ હુમલામાં ત્યાંના સ્થાનિક સ્ટાફ અને અન્ય લોકોને નુકસાન થયું છે, ઘણા લોકોનાં મોત થયા છે પણ ખામેનેઈ ત્યાંથી સુરક્ષિત સ્થળે જતા રહ્યા છે. તેમણે આ બંને દેશોને વળતો જવાબ આપવાની જાહેરાત કરાવી દીધી હતી. તેની સાથે જ ઈરાને ઓપરેશન લાયન્સ રોર શરૂ કરીને અમેરિકાના સાથી દેશોમાં આવેલા ઠેકાણા ઉપર મિસાઈલો દાગવામાં આવી હતી. જાણકારો માને છે કે, આ નિર્ણય પણ પેન્ટાગોન દ્વારા લેવામાં આવ્યો છે. પેન્ટાગોન દ્વારા જ ટ્રમ્પને મોઢે વારંવાર બોલાવવામાં આવે છે કે, ઈરાનમાં એન્ડ ગેમ શરૂ કરવાની છે. ઈરાન ઘણા વર્ષોથી અમેરિકાના હાથમાં આવતું નથી. અહીંયાના વડા ખામેનેઈ એટલા શક્તિશાળી છે કે, અમેરિકાનું કશું જ ઉપજતું નથી. તેની પાસે રહેલા તેલના કુવા અને ખાસ કરીને ક્રૂડનો વેપાર કરવા માટે મહત્ત્વની ગણાતી હોમુઝની ખાડી ઉપર અમેરિકા પોતાનું વર્ચસ્વ જમાવવા માગે છે. પેન્ટાગોનની આ સત્તાભુખે વધુ એક દેશને ભરડામાં લીધો છે. પેન્ટાગોન દ્વારા ઈઝરાયેલની મદદ લઈને ખામેનેઈને એકડો કાઢી નાખવાની યોજના કરાઈ છે. પેન્ટાગોન ઈરાનમાં પોતાનો પાળેલો પોપટ બેસાડીને સત્તા પોતાને હસ્તક લેવા માગે છે. તેની આ પાવર ગેમ મિડલ ઈસ્ટના સમીકરણો બગાડશે તેમાં કોઈ નવાઈ નથી. મહત્ત્વની વાત એ છે કે, ઈઝરાયેલ અને અમેરિકા બંને ભેગા થઈને ઈરાનમાં કોઈપણ ભોગે સત્તા પરિવર્તન કરવા માગે છે. તેમનું કહેવું છે કે, એક વખત ઈરાનમાંથી ખામેનેઈની સત્તા જશે તો જ ઈરાનમાં પરિવર્તન આવશે, તો જ ઈરાનમાં આધુનિક ક્રાંતિ આવશે. હાલમાં ઈરાનના લોકો ધાર્મિક કટ્ટરવાદના નામે ફસાઈ ગયા છે. થોડા સમય પહેલાં જ ટ્રમ્પે જણાવ્યું હતું કે, છેલ્લાં ૪૭ વર્ષથી ઈરાન દ્વારા ડેથ ટુ અમેરિકાની વાતો કરવામાં આવે છે, અમેરિકા વિરુદ્ધ અભિયાનો ચલાવવામાં આવે છે. વિવિધ દેશોમાં પોતાના લડવૈયા અને આતંકીઓ મોકલીને અમેરિકી સૈનિકોની હત્યા કરાવાઈ રહી છે. બીજી તરફ પ્રજાને પીડા આપવામાં આવે છે. ઈરાનમાં ધાર્મિક કટ્ટરવાદના નામે નરસંહાર કરાઈ રહ્યો છે અને હજારો લોકોને જેલોમાં ધકેલીને પીડા આપવામાં આવી રહી છે. ઈરાન દ્વારા ૧૯૮૩માં તેહરાન ખાતેના અમેરિકી એમ્બેસીને બાનમાં લેવામાં આવી હતી અને તેમાં ફરજ બજાવતા અમેરિકનોને ૪૪૪ દિવસ સુધી હોસ્ટેજ બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેણે પ્રોક્સિવોર શરૂ કરીને બેરુત ખાતે મરીન બેરેક્સ ઉપર બોમ્બમારો કર્યો હતો જેમાં ૨૪૧ અમેરિકી સૈનિકોનાં મોત થયા હતા. પેન્ટાગોનનો દાવો છે કે, ખામેનેઈ સરકાર દ્વારા આતંકીઓને તાલિમ આપવામાં આવે છે, પૈસા આપવામાં આવે છે, હથિયરો આપવામાં આવે છે જેથી તેઓ આ પૃથ્વી ઉપર રક્તપાત કરી શકે. ઈરાન દ્વારા પોષવામાં આવતા હમાસે જ ઓક્ટોબરમાં ઈઝરાયેલ ઉપર હુમલો કરીને ૧૦૦૦ નિર્દોષ લોકોની હત્યા કરી નાખી હતી. તેમાં પણ ૪૬ અમેરિકી નાગરિકોનાં મોત થયા હતા. તે ઉપરાંત ૧૨ અમેરિકનોને હોસ્ટેજ બનાવવામાં આવ્યા હતા. તે સમયે ઈરાન પ્રેરિત આતંકવાદીઓએ ભયાનક નરસંહાર કર્યો હતો જે દુનિયાએ ક્યારેય જોયો નહોતો.

બીજી તરફ પેન્ટાગોન દ્વારા એવું કહેવાઈ રહ્યું છે કે, ઈરાન દ્વારા છેલ્લી અડધી સદીમાં જે આતંક ફેલાવાયો છે, જે જઘન્ય કાર્યો કરવામાં આવ્યા છે અને તેમાંય ખામેનેઈના નેતૃત્વમાં થઈ રહ્યું છે તેને અટકાવવા માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઈરાનને અમાનવિય, જઘન્ય સરમુખત્યારના સકંજામાંથી મુક્ત કરાવવા માટે આ હુમલા કરાઈ રહ્યા છે. લોકો તેમાંથી મુક્ત થાય અને ખુલ્લા વાતાવરણમાં જીવી શકે તે જ અમેરિકાનો આશય છે. ઈરાન ન્યૂક્લિયર મિસાઈલ બનાવે નહીં, આતંકવાદ ફેલાવે નહીં અને દુનિયામાં શાંતિ જળવાયેલી રહે તે માટે અમેરિકા કામ કરી રહ્યું છે. આશ્ચર્યજનક વાત એ છે કે, અમેરિકી પ્રમુખ દ્વારા ઈરાનના લોકોને ગૃહયુદ્ધ શરૂ કરી દેવાની સલાહ અપાઈ છે. ઈરાનમાં યુવાનો ભેગા થઈને આંદોલન કરે તેના માટે અમેરિકા અને ઈઝરાયેલ ઉશ્કેરણી કરી રહ્યા છે. ટ્રમ્પ ત્યાંના યુવાનોને કહી રહ્યા છે કે, આતંકીઓ સામે આક્રમણ કરો અને તમારા ભવિષ્યનું સુકાન તમારા હાથમાં લઈ લો અને ઉજ્જવળ ભવિષ્ય બનાવો. અત્યારે જ યોગ્ય સમય છે કે, સરમુખત્યાર સામે પગલાં લેવામાં આવે અને તેનો અંત કરવામાં આવે. પેન્ટાગોન અને અમેરિકી પ્રમુખ જણાવે છે કે, ઈરાનના વડા ખામેનેઈ આ હુમલા માટેનું સૌથી મોટું કારણ છે. તેઓ ઘણા વર્ષોથી અમેરિકાને અને ઈઝરાયેલને પોતાના કટ્ટર દુશ્મન ચિતરી રહ્યા છે. ૧૯૮૯માં ખામેનેઈ સત્તા ઉપર આવ્યા ત્યારથી ઈરાનનો ન્યુક્લિયર પ્રોગ્રામ ચલાવી રહ્યા છે. તેઓ યુરેનિયમ એનરિચમેન્ટના નામે ન્યૂક્લિયર વેપન્સ બનાવી રહ્યા છે જે સમગ્ર વિશ્વ માટે જોખમી છે. ખામેનેઈ અમેરિકા અને ઈઝરાયેલને કેન્સરની ગાંઠ જેવા ગણાવી રહ્યા છે. તેઓ સતત અમેરિકાની બદનામી કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ અમેરિકાએ ઈરાનના પરમાણુ કેન્દ્રોને ટાર્ગેટ કરીને હવાઈ હુમલા કર્યા હતા. તે સમયે પણ ઈરાને અમેરિકાનો વિરોધ કર્યો હતો. તેણે પોતાનો પરમાણુ કાર્યક્રમ હજી ચાલુ રાખ્યો છે. ખામેનેઈને તેનાથી કોઈ જ ફરક પડયો નથી. તેઓ વધારે મજબુતી સાથે કામ કરવા લાગ્યા હતા. તેમાં પણ અમેરિકા સાથે પરમાણુ કરાર મુદ્દે ઈરાનની વાટાઘાટોમાં પણ ખામેનેઈ ગાંઠતા નહોતા. તેમણે અમેરિકાને રોકડું પરખાવતા જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર કરીને અમેરિકાની સત્તા ઉપર આવનારા કોઈ નેતા સાથે ડીલ કરવા માટે ઈરાન તૈયાર નથી. અમારો ધર્મ અમને આવું કરવાની મંજૂરી આપતો નથી. તેમણે યુરેનિયમ એનરિચમેન્ટ કાર્યક્રમ ચાલુ રાખવાની જ જીદ પકડે છે. તેઓ ઈઝરાયેલને પણ આતંકવાદી દેશ ગણાવી રહ્યા છે. તેઓ જણાવે છે કે, ઈઝરાયેલ કોઈ દેશ નથી. તે પશ્ચિમી દેશો માટે એક ગઢ છે, એક આતંકવાદી અડ્ડો છે જેના દ્વારા મિડલ ઈસ્ટના ઈસ્લામિક દેશોને પરેશાન કરવામાં આવે છે. ઈરાનના આ વલણથી હવે પેન્ટાગોન અકળાયું છે અને કોઈપણ ભોગે સત્તા પોતાના હાથમાં લઈને ખામેનેઈને ખામોશ કરવા માગે છે. ઈરાનમાં ખામેનેઈની સત્તા જતી રહે તો સત્તામાં કોણ આવે તેની ચર્ચાએ પણ જોર પકડયું છે. આ દિશામાં પહેલો વિકલ્પ ચર્ચાય છે તે રેઝા પહલવી છે. ઈરાનના પૂર્વ વડા અને શાહ જેમણે ૧૯૪૧થી ૧૯૭૯ સુધી ઈરાનને વિકસાવ્યું હતું તેમના પુત્ર છે રેઝા પહલવી. ઈરાનમાં તેમના પિતાની સત્તા ગઈ તે સમયથી તેમનો પરિવાર અમેરિકામાં જ રહે છે. જાણકારો માને છે કે, પહલવી હાલમાં તો ઈરાન ઉપર અસર જન્માવી શકે તેમ દેખાતા નથી. તેમ છતાં લોકોનું માનવું છે કે, તેઓ પણ તેમના પિતાની જેમ મુક્ત ઈરાનના સપના સાથે નેતૃત્વ કરવા માગે અને ઈરાનને વિકસિત કરે તો લોકોનો તેમને સાથ મળશે. તેઓ અમેરિકાની મદદથી સત્તામાં પરત ફરવાના પ્રયાસ કરી રહ્યા છે. ઈરાનમાં જ બીજા વિકલ્પ તરીકે પૂર્વ રાષ્ટ્રપ્રમુખ હસન રુહાની અને અન્ય કેટલાક વિરોધપક્ષના નેતાઓના નામ ચાલે છે. તેમાં રુહાની પ્રબળ દાવેદાર ગણાય છે.

રુહાની પણ અમેરિકા સાથે સીધા સંપર્ક ધરાવતા નેતા છે. તેઓ જ્યારે ૨૦૧૩માં ઈરાનના પ્રમુખ બન્યા હતા ત્યારે તેઓ અમેરિકા સાથે સીધો સંપર્ક ધરાવતા ઈરાનના પહેલા નેતા હતા. તેઓ આજે પણ પશ્ચિમી દેશો સાથે જોડાણ ધરાવે છે. તેમના થકી પણ ઈરાનમાં પરિવર્તન આવે તેમ છે. આ સિવાય સૈયદ હુસૈન મૌસેવિયનનું નામ પણ ચર્ચાય છે. તેઓ વિદેશનીતિના જાણકાર છે અને ઘણો લાંબો સમય યુરોપ સાથેના ઈરાનના રાજદૂત રહેલા છે. તેઓ પણ પશ્ચિમી દેશો અને અમેરિકા સાથે સારું જેડાણ ધરાવે છે જે ઈરાનને લાભ કરે તેમ છે. આ સિવાય જાણકારો માની રહ્યા છે કે, એકંદરે સત્તા પરિવર્તન થશે તો પણ અમેરિકાની મદદ અને તેની અસરથી જ નવા નેતાની સત્તા આવે તેમ છે. તે ઉપરાંત અમેરિકા હાલની સ્થિતિનો લાભ લઈને વેનેઝુએલાની જેમ ખોમેનઈને સત્તા ઉપરથી હટાવીને બધું જ પોતાના હસ્તક કરી લે તો પણ કશું કહી શકાય નહીં. જાણકારો માને છે કે, અમેરિકા અને ઈઝરાયેલે ખામેનેઈને હટાવવા મોટો જુગાર ખેલ્યો છે પણ હવે બીજા કોણ મારે છે તે આવનારો સમય જ બતાવશે.

# અમેરિકા-ફ્રાન્સ છ બંને દેશોની સત્તાધારી પાર્ટીની વિચારધારાની ટક્કરથી રાજકીય સંબંધો તંગ બન્યા

'નેતાઓને સભ્યતાની બાબતમાં પાછળ જતાં જોઈને આશ્ચર્ય થાય છે. સન્માન એ દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોનો ખૂબ જ આવશ્યક હિસ્સો છે. સૌએ સામસામે નેતાઓને આદર આપવો જોઈએ. તમે એકબીજા સાથે સહમત કે અસહમત થઈ શકો, પરંતુ તેનું પણ સન્માન કરવું જોઈએ. તમારો અસહમત થવાનો રસ્તો પણ આદરપૂર્ણ હોવો જોઈએ. લોકશાહી તમને એ અવસર આપે છે કે તમે તમારો જુદો અભિપ્રાય આપી શકો. પોતાની માન્યતા જ આખરી માનવાની કોઈ નેતાની વિચારધારાથી રાજદ્વારી સંબંધો તંગ બને છે. અસહમત થવાનો રસ્તો અનાદરપૂર્ણ કે આક્રમક ન હોવો જોઈએ. માનવ ઉત્ક્રાંતિની પ્રક્રિયા દરમિયાન આ સમજ ઘડાઈ છે. સન્માન બનાવવામાં દાયકાઓ લાગે છે અને પરંતુ નાનકડી બાબતથી એ મિનિટોમાં ધ્વસ્ત થઈ જાય છે. સન્માનનું નજાકતથી જતન કરવું પડે છે.' આ શબ્દો છે ફ્રાન્સના પ્રમુખ ઈમાન્યુઅલ મેક્રોંના - અને કોના રેફરન્સમાં છે? દુનિયાના બેહદ ચર્ચાસ્પદ નેતા ડોનાલ્ડ ટ્રમ્પના. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમજાય એવા નથી. તેમનું વર્તન અણધાર્યું અને આશ્ચર્યજનક હોય છે. પહેલી ટર્મમાં પણ એવું જ હતું, પરંતુ બીજી ટર્મમાં તો તેમનું વર્તન ખૂબ જ બદલાઈ ગયું છે. ગમે ત્યારે ગમે તે દાવો કરે છે. ગમે ત્યારે ગમે તે નેતા વિશે સારું-ખરાબ નિવેદન આપે છે. ગમે ત્યારે ગમે તે દેશ વિશે બોલી નાખે છે. ફ્રાન્સના પ્રમુખ મેક્રોંને લઈને ટ્રમ્પે એવું જ એક અણધાર્યું વર્તન કર્યું હતું, જેનાથી અમેરિકા-ફ્રાન્સના સંબંધો તંગ બનવાની શરૂઆત થઈ હતી. ટ્રમ્પે મેક્રોં સાથેની પર્સનલ ચેટ એકાદ મહિના પહેલાં જાહેર કરી દીધી હતી. ટ્રમ્પે ગ્રીનલેન્ડ મુદ્દે નિવેદનો આપવાનું શરૂ કર્યું ત્યારે મેક્રોંએ ટ્રમ્પને કહેલું કે સમજ નથી આવતું તમે ગ્રીનલેન્ડને લઈને શું કરવા ધારો છો. આપણે મળીને



કામ કરી શકીએ. જી-૭ની બેઠક બોલાવી શકીએ. એમાં યુક્રેન, ડેનમાર્ક, સીરિયા અને રશિયાને પણ સામેલ કરીએ અને દુનિયામાં શાંતિપૂર્ણ માહોલ બને તેવા પ્રયાસો કરીએ. ટ્રમ્પે આ ચેટનો સ્ક્રીનશોટ શેર કરીને એવું બતાવવાની કોશિશ કરી હતી કે અમેરિકાના ગ્રીનલેન્ડ કબજે કરવાના દાવામાં ફ્રાન્સનું સમર્થન છે. એ ઘટનાથી શરૂ થયેલી તંગદિલી હવે નેક્સ્ટ લેવલે પહોંચી ગઈ છે. મેક્રોંએ ટ્રમ્પનું નામ લીધા વગર પણ ટ્રમ્પની ટીકા શરૂ કરી છે અને એવી રીતે ટીકા શરૂ કરી છે કે રેફરન્સ ટ્રમ્પનો છે એ તુરંત ખબર પડી જાય. મેક્રોં બહુ જ ઠાવકાઈથી ટ્રમ્પના તરંગી તુક્કાઓ બતાવીને તુંડમિજાજની ટીકા કરે છે. દાઓસમાં મેક્રોંએ ટ્રમ્પની ટીકા કરતા કહેલું કે દુનિયાના દેશો એકાદ-બે નેતાઓના કારણે એક નિયમ વગરના વિશ્વ તરફ ધકેલાઈ રહ્યા છે.' વળી, થોડા દિવસથી ફ્રાન્સ-બ્રિટને જુદી રીતે અમેરિકા સામે મોરચો ખોલ્યો છે. ફ્રાન્સ-બ્રિટને યુક્રેનને હથિયારો આપવાની તૈયારી તો બતાવી જ છે, હવે યુક્રેનને રશિયા સામે મજબૂત બનાવવા માટે પરમાણુ હથિયારોની ટેકનિક આપશે એવાય દાવા થઈ રહ્યાં છે. મેક્રોંએ છેલ્લા થોડા સમયમાં જ યુરોપના દેશોને અમેરિકાના પડછાયામાંથી બહાર નીકળવાની સલાહો આપી છે. મેક્રોંનો બદલાયેલો મિજાજ ટ્રમ્પને પસંદ પડયો નહીં. ફ્રાન્સની સરકારની ટીકા કરવાની રાહ જોઈને બેસેલા ટ્રમ્પને એક મુદ્દો મળી ગયો. થોડા દિવસ પહેલાં ફ્રાન્સમાં એક જમણેરી રાજકીય કાર્યકર્તા ક્વેંટિન ડેરેકની હત્યા થઈ ગઈ. એ સંદર્ભમાં ટ્રમ્પની સરકારે ટિપ્પણી કરી કે ફ્રાન્સના આ કાર્યકરની હત્યા ડાબેરી વિચારધારાના ઉગ્રવાદીઓએ કરી. એ ચિંતાનો વિષય છે. ટ્રમ્પ સરકારની એકથી વધુ એજન્સીઓએ આ નિવેદન રિપોસ્ટ કર્યું. તેનાથી મેક્રોંની સરકાર છંછેડાઈ ગઈ. ફ્રાન્સની સરકારે અમેરિકાના ફ્રાન્સ સ્થિત રાજદૂત ચાર્લ્સ કુશ્નરને સમન્સ પાઠવ્યું. ફ્રાન્સની આંતરિક બાબતમાં અમેરિકા કેમ દખલ કરે છે તેની પૂછપરછ માટે ચાર્લ્સને બોલાવ્યા. ચાર્લ્સ હાજર રહ્યા નહીં એટલે ફ્રાન્સની સરકાર વધારે અકળાઈ. ફ્રાન્સની સરકારે તાત્કાલિક અસરથી ચાર્લ્સને ફ્રાન્સની સરકારનો સીધો એક્સેસ મળતો હતો તે બંધ કરી દીધો. ચાર્લ્સના અને અમેરિકાના આવા વલણની આકરી ઝાટકણી કાઢી. ફ્રાન્સના વિદેશમંત્રી જીન નોએલ બેરોટે કહ્યું કે દેશના નાગરિકની હત્યાની તપાસ દેશમાં થઈ રહી છે. તેનો રાજકીય ઉપયોગ થાય તે બિલકુલ ચલાવી શકાય નહીં. રાજદૂતને તેમના દેશનું પ્રતિનિધિત્વ કરવાનું સન્માન મળે છે. પરંતુ ફ્રાન્સ સ્થિત અમેરિકન રાજદૂત એ મૂળભૂત બાબત ભૂલી ગયા છે કે તેમણે બંને દેશો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રાખવાના છે. તેમણે અમેરિકાનું નામ લીધા વગર ઉમેર્યું કે અમને કોઈએ સલાહ આપવાની જરૂર નથી. બીજા દેશો આવીને દેશના રાજકારણની ચર્ચામાં ઝંપલાવે તે અયોગ્ય છે, વિદેશનીતિના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને બે દેશોના હિત માટે પણ વાજબી નથી. વાત જ્યારે હિંસાની હોય ત્યારે માનવ અધિકારીઓનું ઉલ્લંઘન કરતા દેશોએ તો અમને સલાહ ન જ આપવી. અમેરિકાએ વળતા નિવેદનમાં કહ્યું કે સરકાર આખાય મુદ્દે ધ્યાન આપી રહી છે. ગુનેગારોને સજા થાય એના પર નજર રહેશે. અગાઉ ચાર્લ્સ કુશ્નરને બીજા એક મુદ્દે થોડા મહિના પહેલાં સમન્સ મળ્યું હતું. ચાર્લ્સે મેક્રોંને પત્ર લખીને એવું કહ્યું હતું કે ફ્રાન્સની સરકાર યહૂદીઓની સુરક્ષા માટે જે પગલાં ભરે છે તે પર્યાપ્ત નથી. એ વખતે પણ તેમને આ મુદ્દે ચર્ચા કરવા બોલાવ્યા હતા ને ત્યારે પણ ચાર્લ્સ હાજર રહ્યા ન હતા. ચાર્લ્સને ટ્રમ્પ સરકારનું આટલું બેકઅપ હોવાનું કારણ એ છે કે તે ડોનાલ્ડ ટ્રમ્પના વેવાઈ છે. ટ્રમ્પની દીકરી ઈવાન્કાએ જેરેડ સાથે લગ્ન કર્યા છે અને ચાર્લ્સ જેરેડના પિતા છે. ફ્રાન્સના વિદેશ મંત્રાલયને લાગે છે કે ચાર્લ્સ રાજદૂતો જેવું વર્તન કરતા નથી. તેમની દખલ વધારે રહે છે. તેમનાં નિવેદનોમાં પણ એ સ્પષ્ટ દેખાય છે. મેક્રોં તટસ્થ વિચારધારાના હિમાયતી છે. તેમની પાર્ટીને પણ ફ્રાન્સમાં એટલે જ જનસમર્થન મળ્યું હતું. ટ્રમ્પના અમેરિકા કેન્દ્રિત વિચારો સાથે મેક્રોં શરૂઆતથી જ સહમત થતા નથી. મેક્રોંની પાર્ટી રેનેસીએન્સ માને છે કે ટ્રમ્પની સરકાર આડકતરી રીતે દેશમાં જમણેરી પાર્ટીઓને સમર્થન મળે એવું કરે છે. તેનાથી ફ્રાન્સમાં પણ કટ્ટર રાષ્ટ્રવાદી પાર્ટીઓનો ઉદય થાય તો ટ્રમ્પની વિચારધારા સાથે મેળ બેસે. ફ્રાન્સમાં આવતા વર્ષે પ્રમુખપદની ચૂંટણી થવાની છે. આમેય ફ્રાન્સમાં છેલ્લા ઘણા સમયથી રાજકીય સ્થિતિ સ્થિર નથી, એમાં જો અમેરિકાનું વલણ આવું રહે તો તેનાથી સત્તાધારી પાર્ટીને નુકસાન થાય. મેક્રોંની પાર્ટી માને છે કે ટ્રમ્પે ચાર્લ્સને ચોક્કસ એજન્ડા સાથે ફ્રાન્સમાં મોકલ્યા છે. ટ્રમ્પને મેક્રોંની લિબરલ પૉલિસી માફક આવતી નથી ને અમેરિકાથી જુદી દિશામાં યુરોપને વાળવાની તેમની રીત પણ ટ્રમ્પને પસંદ નથી.

# દર્દ પણ કેટલું ખુશનસીબ છે જે મળતાં જ લોકો પોતાનાંઓને યાદ કરે છે જ્યારે સંપત્તિ કેટલી બદનસીબ છે જે મળતાં જ લોકો પોતાનાંઓને ભૂલી જાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખમાં એક દ્રષ્ટાંતરૂપ વાત જોઈએ તો મેં તમને કેટલી વાર કહ્યું છે કે હું તૈયાર થાઉં તે પહેલાં મારોનાસ્તો તૈયાર થઈ જવો જોઈએ લગ્નના ૨૫ વર્ષ પછી પણ,હું તમને વારંવાર એક જ વાત કેમ કહેતો રહું છું, સુનિતા?તમને શું થયું છે?તું ઘરે આરામ થી રહી શકે છે, જ્યારે મારે કામ પર જવું પડે છે. તું જ એવી વ્યક્તિ છે જે હંમેશા મૂર્ખ જેવું વર્તન કરે છે. જો તું જાણી જોઈને આવું કરેછે,તો યાદ રાખ મારાથી ખરાબ કોઈ નહીં હોય. 'અર્જુન હજુ પણ ગુસ્સે હતો. આ કઠોર શબ્દોથી પોતાનો ગુસ્સો કાઢતા, અર્જુને સુનિતા પર ગુસ્સાથી જોયું.

અર્જુનનો આ અવિચારી ગુસ્સો સુનિતા માટે કંઈ નવો નહોતો. તે મહિનામાં ત્રણ કે ચાર વાર આવું કરતો.તે સુનિતાને આ રીતે ફટકારતો.શરૂઆતમાં સુનિતા તેનો વિરોધ કરતી, પણ જ્યારે અર્જુન વર્ષો સુધી કોઈ બદલાવ ન લાવતો, ત્યારે તેણે પોતાની જાતને બદલી નાખી.હવે, અર્જુન કંઈ કહેતો નહીં, તેના માટે કોઈ ફરક પડતો નહીં.તે માથું નમાવીને શાંતિથી સાંભળતી.લગ્નના પહેલા પાંચ વર્ષ સુધી, સુનિતાએ અર્જુનને બદલવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. પરંતુ બિનજરૂરી રીતે ગુસ્સે થવું અને પછી સુનિતાને ગાળો આપવી એ તેની આદત બની ગઈ હતી. જ્યારે પણ કોઈ ઝઘડો થતો,ત્યારે અર્જુનસુનિતા ને ફક્ત એટલું જ કહેતો, 'જો તને હું પસંદ નથી,તો તું તારા માતા પિતાના ઘરે કેમ નથી જતી તું મારી સાથે કેમ રહે છે?'આ બધું હોવા છતાં,સુનિતા અર્જુન સાથે રહેતી કારણ કે તે તેની પુત્રીની ચિંતા કરતી હતી. અને જો તે પસંદ કરે તો પણ, તે આ ઉંમરે તેના વૃદ્ધ માતાપિતાને ખલેલ પહોંચાડવા માંગતી ન હતી. સમાજ અને લોકો શું કહેશે?તેણે એ પણ વિચારવું પડતું હતું.તે નોકરી મેળવવા અને પોતાનું અને પોતાની પુત્રીનું ગુજરાન ચલાવવા માટે પૂરતી શિક્ષિત નહોતી. સુનિતાને હવે પોતાની ચિંતા નહોતી.તેની એક માત્ર ચિંતા તેની પુત્રી હતી, જે લગ્ન નજીક આવી રહી હતી. સુનિતા ઇચ્છતી ન હતી કે રાધા તેના પતિ-પત્ની વચ્ચેના ઝઘડા થી ખલેલ પહોંચે.રાધાનું શિક્ષણ પૂર્ણ થયું હતું.'બધું પૂરું થઈ ગયું હતું,અને લગ્નના પ્રસ્તાવોનો વરસાદ થઈ રહ્યો હતો. રાધાએ ઘણાને નકારી કાઢ્યા હતા.બે-ત્રણ મહિનાપછી એક સારો પ્રસ્તાવ આવ્યો સંબંધીઓ અને પરિચિતોએ છોકરાની પ્રશંસા કરી.એક સાંજે,અર્જુન તેનીપુત્રી સાથે બેઠો અને તેને કહ્યું,'રાધા, તે ખૂબ જ સારો છોકરો છે.તે શિક્ષિત છે, મોટું ઘર ધરાવે છે, અને સારી નોકરી પણ છે. આવા પ્રસ્તાવ વારંવાર આવતા નથી, દીકરી.આ વખતે ના પાડશો નહીં

રાધાએ તેના પિતા સાથે વધુ વાત કરી નહીં.કદાચ તે ડરતી હતી અથવા કદાચ તે તેમને નફરત કરતી હતી, પરંતુ આજે તેણે પોતાની બધી હિંમત એકઠી કરીને કહ્યું, 'પપ્પા, હું હમણાં લગ્ન કરવા માંગતી નથી. હું કામ કરવા માંગુ છું. હું મારા પોતાના પગ પર ઊભી રહેવા માંગુ છું.'

તો એમાં મોટી વાત શું છે? મેં છોકરા સાથે વાત કરી છે. તે તને કંઈ કરતા રોકશે નહીં. તું લગ્ન પછી પણ કામ કરી શકે છે. તે તને કામ કરવાની પરવાનગી આપશે.અર્જુને કહ્યું.મારા કામ કરવા કે ન કરવા તેની પરવાનગી પર કેમ આધાર રાખવો જોઈએ, પપ્પા? રાધાએ પૂછ્યું. હું તને કહું છું, તને ત્યાં કોઈ કમી નહીં રહે.'આવા પ્રસ્તાવ વારંવાર આવતા નથી. તેને નકારશો નહીં, તમે ત્યાં ખૂબ ખુશ રહેશો,' અર્જુને કહ્યું.' પપ્પા, શું હું ક્યારેય આ ઘરમાં મમ્મી જેટલી ખુશ રહીશ?' રાધાએ કટાક્ષમાં પૂછ્યું. 'આજે તમે ખૂબ જ કડક નથી થઈ રહ્યા?'અર્જુને ગુસ્સામાં આંખો પહોળી કરતા કહ્યું.પપ્પા, હું લગ્ન કરવા માંગતો નથી કારણ કે લગ્ન પછી,જો તે છોકરો તમારા જેવો નીકળે,તો હું શું કરીશ?મને તમારા જેવો જીવન સાથી નથી જોઈતો,જે કારણ વગર મારા પર બૂમો પાડે.મને ગમે તેવીવસ્તુ ખરીદતા પહેલા મારે દસવાર વિચારવું પડે છે, નહીં તો તે ગુસ્સે થઈ જાય.તેને કોઈ પરવા નથી કે હું શું કરી રહ્યો છું.જો બ્રેડ થોડી વધારે જાડી હશે તો તે હોબાળો કરશે. જો તેને તેની ચેકબુક ન મળે તો પણ તે મને દોષ આપશે. અને તે મને દરેક નાની-નાની વાત માટે મારા માતા પિતાના ઘરે જવાનું કહેશે.' રાધાએ પોતાનું હૃદય ઠાલવતી તેના પિતાને બધું કહી દીધું. અર્જુનનો ગુસ્સો ચરમસીમાએ હતો,પણ તે એક પણ શબ્દ બોલી શકતો ન હતો. તે રાધાની વાત સાંભળી રહ્યો હતો. આટલું કહ્યા પછી રાધા અટકી ન હતી. આજે પહેલી વાર તે તેના પિતા સામે આટલું બધું બોલી રહી હતી, 'પપ્પા, તમે હંમેશા મમ્મી સાથે ખરાબ વર્તન કર્યું છે.' તમે તમારો ઓફિસનો ગુસ્સો તમારી માતા પર વિચાર્યા વિના ઠાલવો છો, તેને કેવું લાગશે તેની ક્યારેય પરવા નથી કરતા!તમારી વાત સાંભળીને, મારી માતાનો આત્મસન્માન ઊડી ગયો. પહેલીવાર,અર્જુનને તેના વર્તન નો અહેસાસ થયો.તે ફક્ત એટલું જ બોલી શક્યો, 'તમે જે ઈચ્છો તે કરો,હું એટલો ખરાબ નથી!' રાધાએ અર્જુનનો હાથ પકડીને કહ્યું, 'પપ્પા, મને ફક્ત એક પ્રશ્નનો જવાબ આપો: શું તમે મારા પતિને તમારા જેવો બનાવવા માંગો છો? જો તમારો જવાબ હા હોય,તો આજે જ મારા લગ્ન ગોઠવો.અને જો તમારો જવાબ ના હોય,તો મને સ્વતંત્ર થવા દો.'અર્જુન કંઈ બોલી શક્યો નહીં અને શાંતિથી ચાલ્યો ગયો.આજે તેનેસુનિતાનો સામનો કરવામાં શરમ આવી. ચાલતા ચાલતા તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.અર્જુને આજથી પોતાને બદલવાનો નિર્ણય લીધો.

બીજા દિવસથી, સુનિતાએ તેના પતિમાં નોંધપાત્ર ફેરફાર જોયો. તે વિચારવા લાગી કે જો તેણે રાધાએ પહેલા બતાવેલી હિંમત બતાવી હોત,તો કદાચ પરિસ્થિતિ અલગ હોત. રાધા હવે તેનું શિક્ષણ પૂર્ણ કરી ચૂકી હતી અને સારી નોકરી કરી રહી હતી.ત્રણ વર્ષ પછી, એક સારો પ્રસ્તાવ તેના હાથમાં આવ્યો. વિદાય સમયે,અર્જુને કહ્યું, 'દીકરા,તું હંમેશા ખુશ રહેશ કારણ કે તારો પતિ તારા પિતા જેવો નથી.'અર્જુન પાસેથી આ સાંભળીને સુનિતા અને રાધા રડવા લાગ્યા. નારદજીએ કૃપા કરી તેને ગોકુળ માં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું, જાઓ, નંદબાબાના ઘરના આંગણામાં તમને વૃક્ષનો અવતાર મળશે.ત્યાં તમને શ્રી કૃષ્ણનાં ચરણનો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે. આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ-લતાનો અવતાર માગે છે,ત્યારે આમને સામેથી વગર માગ્યે મળે છે.નારદજીએ શ્રાપ તો આપ્યો, પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદરૂપ હોય છે.

# કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા.....



**અમદાવાદ, તા.01**

માનનીય રેલ, સૂચના અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ 28 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધતા સુનિશ્ચિત કરવાના સૂચનો આપ્યા.

ભારતીય રેલ દેશભરમાં 1300થી વધુ સ્ટેશનોના સુધારણા અને આધુનિકીકરણના કાર્ય કરી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ હેઠળ ત્રણ નવા પ્લેટફોર્મ જોડવામાં આવશે, જેના કારણે ટ્રેનોના સંચાલનની ક્ષમતામાં વૃદ્ધિ થશે. સ્ટેશનને કાલુપુર અને સરસપુર બન્ને તરફથી આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

સમીક્ષા દરમિયાન પ્રસ્તુત પ્રગતિ વિગત મુજબ, એમએમટીએચ (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) ભવનના દક્ષિણ દિશાના નીચેના ભાગનું 58.2% કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ઉપરના ભાગનું 24.0% કાર્ય પ્રગતિ પર છે. એમએમટીએચ ભવનની 7મી અને 8મી મંજિલ પર નિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે.પાર્સલ ભવન T-6નું 99.0% કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. એલિવેટેડ રોડ પ્રોજેક્ટનું 67.3% કાર્ય પૂર્ણ છે અને પિયર સંખ્યા P-1 થી P-41 સુધીના તમામ નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે. સ્ટેશન ભવન (કોંકોર્સ અને મેઝેનાઈન/રૂફની સંરચના)નું 20.8% કાર્ય પૂર્ણ છે અને કોંકોર્સ સંરચના માટેની એરેક્શન પ્રક્રિયા પ્રગતિ પર છે.

પરિસરને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, એલિવેટેડ રોડ સિસ્ટમ, સુસજ્જ પ્લાઝા, વિસ્તૃત કોંકોર્સ અને આધુનિક યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ હશે. વારસાગત સંરચનાઓ–'ઈંટ મીનાર' અને 'ઝૂલતા મીનાર'–નું સંરક્ષણ પણ પ્રોજેક્ટનો અભિન્ન ભાગ છે. લગભગ 15 એકર વિસ્તારમાં કોંકોર્સ પ્લાઝા અને 7 એકર વિસ્તારમાં મેઝેનાઇન પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યા છે, જ્યાં આધુનિક વેઈટિંગ એરિયા, સ્વચ્છ શૌચાલય, ફૂડ કોર્ટ અને વ્યાવસાયિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. સ્ટેશનને હરિત ભવન તરીકે વિકસાવતા વખતે ઊર્જા કાર્યક્ષમતા, પાણી સંરક્ષણ અને નવિનીકૃત ઊર્જાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અદ્યતન મોનિટરિંગ સિસ્ટમ, સ્વચાલિત પાર્સલ મેનેજમેન્ટ અને દિવ્યાંગજ અનુકૂળ સુવિધાઓ પણ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ છે.

સંરચનાત્મક સ્ટીલ ફેબ્રિકેશન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલ સુધી લગભગ 70% પૂર્ણ. સંરચનાત્મક એરેક્શન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલનું એરેક્શન કાર્ય પ્રગતિ પર. ડેક સ્લેબ કાસ્ટિંગ ચોથી મંજિલ સુધી પૂર્ણ; પાંચમી મંજિલની સ્લેબ કાસ્ટિંગ લગભગ 50% પૂર્ણ. પાંચમી મંજિલ પર કૉલમ એન્કેસિંગ કાર્ય પ્રગતિ પર. બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં બ્લોક વર્ક અને પ્લાસ્ટર લગભગ 85% પૂર્ણ; પ્રથમ માળ પર બ્લોક વર્ક પ્રગતિ પર. પ્લેટફોર્મ સંખ્યા 10 અને લાઇન સંખ્યા 16 પર પ્લેટફોર્મ રીસર્ફેસિંગ, એમઈપીએફ (મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ફાયર ફાઈટીંગ) તેમજ બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ. પ્લેટફોર્મ સંખ્યા 9 અને લાઇન સંખ્યા 15 પર બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ; પ્લેટફોર્મ રીસર્ફેસિંગ કાર્ય પ્રગતિ પર. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આધુનિક રેલવે અવસંરચના અને સંરક્ષિત વારસાગતના સંતુલિત સંયોજનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ થશે.

# ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં ઐતિહાસિક દિવસ: પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત

**ગાંધીનગર, તા.01**

માનનીય રેલ, સૂચના અને પ્રસારણ તેમજ ઇલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ 28 ફેબ્રુઆરી અને 01 માર્ચ 2026ના રોજ ગુજરાતની મુલાકાત લીધી.



ગાંધીનગર કેપિટલ ખાતે આયોજિત ગુજરાત સેમિકન્ડક્ટર કોન્ફરન્સ 2026માં મીડિયા ને સંબોધિત કર્યું. આ દરમિયાન માનનીય મંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવું અધ્યાય ઉમેરતાં દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. દેશ સમક્ષ ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ સ્થાપિત કરવાનો જે સંકલ્પ રાખવામાં આવ્યો હતો, તે આજે સાકાર થયો છે.

આ તો માત્ર શરૂઆત છે. મંજૂર થયેલા 10 સેમિકન્ડક્ટર પ્લાન્ટમાંથી ચારનું ઉદ્ઘાટન અને ઉત્પાદન વર્ષ 2026માં પ્રસ્તાવિત છે, જેમાંથી એકનો શુભારંભ થઈ ચૂક્યો છે અને અન્ય ત્રણ આ વર્ષે શરૂ થશે. બાકીની યોજનાઓ પર પણ ઝડપી ગતિએ કામ પ્રગતિ પર છે.

ધોલેરામાં ટાટા ની ફેબ સહિત ગુજરાતમાં વિકસતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ દેશ માટે એક સીમાચિહ્નરૂપ બનશે. ગુજરાત સરકારના નેતૃત્વમાં આ દિશામાં થઈ રહેલા પ્રયાસો બદલ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

રેલવે ક્ષેત્રમાં પણ ગુજરાતને આ વર્ષે રેકોર્ડ 17,366 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. નોંધનીય છે કે વર્ષ 2009-14 દરમિયાન રાજ્યને માત્ર 589 કરોડનું વાર્ષિક બજેટ મળતું હતું.

હાલમાં ગુજરાતમાં કુલ 1,28,748 કરોડના રેલવે રોકાણ પર કામ ચાલુ છે. રાજ્યના 87 રેલવે સ્ટેશનોનું વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવી રહ્યું છે, જેમાંથી 21 સ્ટેશનો પૂર્ણ થઈ ચૂક્યા છે. અમદાવાદ, સાબરમતી, સુરત, ઉધના અને સોમનાથ સહિત અનેક સ્ટેશનો પર ઝડપી ગતિએ કાર્ય પ્રગતિ પર છે.

મુંબઈ -અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પરિયોજનામાં પણ નોંધપાત્ર પ્રગતિ થઇ રહી છે. પરિયોજના પૂર્ણ થતાં મુંબઈથી અમદાવાદ સુધીની મુસાફરી માત્ર 1 કલાક 57 મિનિટમાં શક્ય બનશે અને ટ્રેનની મહત્તમ ગતિ 350 કિમી પ્રતિ કલાક રહેશે.

હાલમાં જાપાનના પ્રધાનમંત્રી કાર્યાલયના પ્રતિનિધિઓએ પરિયોજનાનું નિરીક્ષણ કર્યું અને કાર્યની ગુણવત્તા તથા પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો. આ ઉપરાંત, માનનીય પ્રધાનમંત્રીએ સાત નવી બુલેટ ટ્રેન પરિયોજનાઓને મંજૂરી પણ આપી છે.

સમગ્ર રૂપે, સેમિકન્ડક્ટર, રેલવે, ઇલેક્ટ્રોનિક્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં દેશ ઝડપી ગતિએ પ્રગતિ કરી રહ્યો છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ના માર્ગદર્શન હેઠળ ભારત વિકાસના નવા આયામ સ્થાપિત કરી રહ્યો છે.

# કંપની સાથે 28 કરોડની ઉચાપત કરનાર પૂર્વ CEO ઝડપી પાડ્યો

## અમદાવાદમાં SG હાઈવે પરથી વડોદરા ક્રાઇમ બ્રાન્ચે ઝડપ્યો, બનાવટી દસ્તાવેજો ને બેંક ખાતાથી ખેલ પાડ્યો




**વડોદરા, તા.01**

બનાવટી દસ્તાવેજોના આધારે વોર્ડ વિઝાર્ડ મેડીકેર પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે પૂર્વ CEO દ્વારા રૂ.28 કરોડથી વધુ રૂપિયાની નાણાકીય ઉચાપત કરવામાં આવી હતી. ઉચાપત કરીને ફરાર થઈ ગયેલા આરોપીને અમદાવાદ ખાતેથી વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના જેતલપુર વિસ્તારમાં આવેલી વોર્ડ વિઝાર્ડ મેડીકર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પૂર્વ CEO સંતોષકુમાર હરીભાઇ ગઢવી (રહે.અતુલપાર્ક સોસાયટી, કોરેગાંવ પાર્ક,પુના, મહારાષ્ટ્ર, હાલ રહે.નવજીવન મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, બસ સ્ટેન્ડની બાજુમાં, કિંકલોડ તા. બોરસદ,જી.આણંદ)એ બનાવટી દસ્તાવેજો સાથે કંપનીના બેંક ખાતામાંથી નાણાંની ઉચાપત કરી હતી. આ ઉપરાંત ખોટા હિસાબો બનાવી કંપનીમાં રજુ કરી તથા અલગ અલગ બેન્કમાં ખોટા નામે એકાઉન્ટ ખોલાવી નાણાં ઉપાડી હલકી ગુણવત્તાના તથા આઉટડેટેડ મેડીકલ સાધનો મંગાવી તેના બદલામાં કંપનીમાંથી વધુ નાણા અલગ અલગ કંપનીઓને ચુકવી દીધા હતાં અને તેમાંથી જુદી જુદી કંપનીમાંથી નાણાં સગેવગે કરીને 28.47 કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. જેની ફરિયાદ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેથી સંતોષ ગઢવી ધરપકડના ડરથી નાસતો ફરતો હતો. ગુનામાં સંડોવાયેલા આરોપીએ આગોતરા જામીન મેળવવા કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ આ આરોપીની આગોતરા અરજી કોર્ટ દ્વારા નામંજુર કરાઈ હતી. ત્યારબાદ પણ આ ગુનામાં સંડોવાયેલા આરોપીની શોધખોળ કરતા સંતોષ ગઢવી અમદાવાદ ખાતે એસ.જી.હાઈવે પાસે મકાન ભાડે રાખી આશ્રય લઈ રહ્યો હોવાની માહીતી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ અમદાવાદ ખાતે રવાના થઈ હતી અને નાસતા ફરતા આરોપીનાં રહેઠાણનાં સ્થળ પર વોચ ગોઠવી સંતોષ ગઢવીને મોડી રાત્રે ધરપકડ કરી હતી. વડોદરા લાવ્યા બાદ કોર્ટમાં રજુ કરી પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

# રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવએ અમદાવાદ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટની સમીક્ષા કરી...





**અમદાવાદ, તા.01**

માનનીય રેલ, માહિતી અને પ્રસારણ તેમજ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે (01.03.2026) પશ્ચિમ રેલવેના અમદાવાદ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ અંતર્ગત સરખેજ-ધોલેરા ડબ્લિંગ સાથે નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) અને ધોલેરા એરપોર્ટ વચ્ચેના SPUR લાઇન (134 કિ.મી.) ના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી. આ દરમિયાન પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) શ્રી પ્રતિપ ગુપ્તાએ આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે માનનીય રેલ મંત્રીને માહિતી આપી. આ પ્રસંગે શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ, નિર્માણ વિભાગ અને મંડળના અધિકારીઓ હાજર હતા.

આ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં સેમી હાઈ સ્પીડ રેલનું પ્રોટોટાઈપ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ઉપરાંત, આ અમદાવાદ અને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન વચ્ચે ઉત્તમ અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરવાનું કાર્ય પણ કરશે.

સરખેજ-ધોલેરા બ્રોડ ગેજ સેક્શન પર 1676 મીમી બ્રોડ ગેજ પર વિકસાવવામાં આવનાર વિશ્વની પહેલી સેમી હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ સિસ્ટમ હશે, જેની મહત્તમ સંભવિત ગતિ 220 કિમી/કલાક રહેશે.

મિશ્રિત યાતાયાત (Mixed Traffic) સિસ્ટમ - આ પહેલી SHSR સિસ્ટમ હશે જેમાં માલગાડી 100 કિમી/કલાક અને યાત્રી ટ્રેન 220 કિમી/કલાકની ગતિ સાથે એક જ ટ્રેક પર સંચાલિત થશે. ધોલેરાને સેમિકન્ડક્ટર ઉદ્યોગ અને સોલર એનર્જી ઘટકોના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવવા માટે આ પરિયોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગુજરાત દેશના સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ધરાવતા અગ્રણી રાજ્યોમાંનું એક છે. સૌર ઊર્જા ક્ષમતા વધારવાની મહત્ત્વાકાંક્ષી યોજનાઓને કારણે સોલર ઘટકોની માંગ સતત વધી રહી છો આ પરિયોજના દ્વારા ઉદ્યોગોને આંતરિક બજાર સુધી ઝડપી અને સુગમ કનેક્ટિવિટી મળશે.

અમદાવાદ જેવા મોટા શહેરથી ધોલેરા જેવા વિકસતા સેટેલાઈટ શહેર સુધી કુશળ માનવ સંસાધનોનું અવરજવર સરળ બનશે. જેનાથી ઉદ્યોગોને પ્રશિક્ષિત અને યોગ્ય કાર્યબળની ઝડપથી ઉપલબ્ધ થશે.

આ પરિયોજના પ્રસ્તાવિત લોજિસ્ટિક્સ ઝોન અને મલ્ટી-મોડલ કનેક્ટિવિટી દ્વારા ઉદ્યોગોને સપ્લાયર્સ અને બજારો સાથે નિર્બાધ રૂપ થી જોડશે.

ફોર-લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે, સેમી હાઈ સ્પીડ રેલ અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથેના જોડાણથી દેશના આંતરિક બજાર અને નિકાસ દ્વાર જેવા જવાહરલાલ નેહરુ પોર્ટ સુધી ઝડપી પહોંચ સુનિશ્ચિત થશે.

સરખેજ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ પરિયોજના ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી, કુશળ માનવ સંસાધન અને આધુનિક લોજિસ્ટિક્સ દ્વારા ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનને સેમિકન્ડક્ટર અને સોલર મેન્યુફેક્ચરિંગનું સશક્ત ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં સહાયક સાબિત થશે.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી સુરતના લાખો કામદારોની રોજી રોટી છીનવાશે

## સુરતના ડાયમંડ-ટેક્સટાઇલ ને જેમ્સ એન્ડ જ્વેલરીને ગંભીર ફટકો, કાપડ ઉદ્યોગના જ 22 લાખ લોકોની રોજગારી પર મોટું સંકટ

**સુરત, તા.01**

ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વચ્ચેના યુદ્ધની સીધી અસર હવે સુરતના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ટેક્સટાઇલ, હીરા અને જ્વેલરી ઉદ્યોગ પર પડવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા ડાયમંડ જ્વેલરી પર ટેરિફમાં રાહત મળતા વેપારીઓમાં નવી આશા જન્મી હતી, પરંતુ યુદ્ધના ભણકારાએ આ આશા પર પાણી ફેરવી દીધું છે. આમ આ યુદ્ધ હવે સુરતના અર્થતંત્રને વેરવિખેર કરી નાંખે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભારતમાંથી જેમ્સ એન્ડ જ્વેલરીનું વિશ્વમાં 100% એક્સપોર્ટ કરવામાં આવે છે. હાલમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષાના કારણોસર એર કાર્ગો ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ સુવિધા ઠપ થઈ જવાથી તૈયાર માલ વિદેશ મોકલી શકાતો નથી, જેના કારણે સુરત અને મુંબઈના બંદરો અને એરપોર્ટ પર કરોડો રૂપિયાનો તૈયાર માલ અટવાઈ પડ્યો છે. વેપારીઓને ડર છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો પેમેન્ટ ફસાઈ જવાની મોટી સમસ્યા ઊભી થઈ શકે છે.

ભારતની કુલ જ્વેલરી નિકાસમાંથી એકલા અમેરિકામાં 35% માલ મોકલવામાં આવે છે. અમેરિકા તરફથી આવતા ઓર્ડરમાં મોટો ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે. તાજેતરમાં જ ડાયમંડ જ્વેલરી પર ટેરિફ ઝીરો કરવામાં આવ્યો હતો, પરંતુ બજારમાં માંગ જ ન હોવાથી આ શૂન્ય ટકા ટેરિફનો લાભ લેવા માટે કોઈ લેવાલ નથી.

હીરાની નિકાસ અટકી પડતા હીરાના કારખાનાઓમાં કામ ઓછું થશે. તેમજ ઓર્ડર રદ થવાથી પેમેન્ટ અટકવાને કારણે રત્ન કલાકારોના વેતનમાં કાપ અથવા છૂટા કરવાની નોબત આવી શકે છે.

આ ઉપરાંત કાપડ ઉદ્યોગની પણ સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. સુરતનો કાપડ વેપાર મુખ્યત્વે દુબઈ મારફતે સંયુક્ત આરબ અમીરાત (UAE)ના અંદાજે 45 જેટલા દેશો સાથે જોડાયેલો છે. જો અખાતી દેશોમાં અસ્થિરતા આવે, તો આ આખી સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. સુરતથી મોટા પાયે મેન-મેડ ફાઈબર (MMF), બુર્ખાનું કાપડ અને સલવાર કમીઝ જેવી પ્રોડક્ટ્સની નિકાસ આ દેશોમાં કરવામાં આવે છે. યુદ્ધની સ્થિતિમાં નૂર(માલસમાનની હેરફેર માટે ચૂકવાતો ચાર્જ) ભાડામાં વધારો અને શિપિંગમાં અવરોધ આવતા નિકાસ ઠપ્પ થઈ શકે છે.

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ના ઉપપ્રમુખ અશોક જીરાવાલાના જણાવ્યા અનુસાર, હાલની સ્થિતિમાં કોઈ ચોક્કસ આંકડાકીય અંદાજ બાંધવો મુશ્કેલ છે, પરંતુ ઉદ્યોગ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે. યુદ્ધને કારણે પેમેન્ટ અટવાઈ જવાની કે મોડું થવાની શક્યતા છે. વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે વિદેશી ખરીદદારો નવા ઓર્ડર આપતા ખચકાઈ રહ્યા છે. સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ જે પહેલાથી જ વિવિધ પડકારોનો સામનો કરી રહ્યો છે, તેના માટે ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ 'દુકાળમાં અધિક માસ' જેવી સ્થિતિ સર્જી શકે તેમ છે. જો સ્થિતિ વહેલી તકે થાળે નહીં પડે, તો હજારો શ્રમિકો અને વેપારીઓની રોજીરોટી પર તેની અસર પડશે.

ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેષ પચ્ચીગરે જણાવ્યું હતું કે ઈરાન, ઈઝરાયલ, યુ.એસ. અને બીજા સંલગ્ન 10 દેશો સાથે જે યુદ્ધના સમાચાર આવ્યા છે, તેનાથી જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં એની સીધી અસર જોવા મળશે. કારણ કે હાલમાં જ આપણા ટેરિફ ઓછો થયો અને જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરને જે રાહત મળી હતી, તેનાથી આશા બંધાઈ હતી કે હવે અમારું એક્સપોર્ટ પહેલાની જેમ ફુલફિલ થશે અને ઘણા વર્ષોથી મંદીના માહોલમાં રહેલી ડાયમંડ ઈન્ડસ્ટ્રીને રાહત મળી હતી. જેને પગલે નાના રત્નકલાકારોને પણ રોજીરોટી મળવાની સંભાવના હતી.

હવે એવું લાગી રહ્યું છે કે યુદ્ધની અસરો અમારી જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર પર જોવા મળશે. શાંતિનો માહોલ બને તો જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરનો એક્સપોર્ટ ફરીથી ધમધમવા લાગશે એવી આશા છે.



ઈરાન અને એમાં અત્યારે આપણી જે મેઈન ડાયમંડ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રી, જેમ્સ એન્ડ જ્વેલરીનું એક્સપોર્ટ લગભગ આ 8 થી 10 ટકા જેવું થઈ રહ્યું છે. જે મેઈન ડાયમંડ, આપણે ડાયમંડના હબ તરીકે આજે સુરત વખણાય છે અને 10 માંથી 9 ડાયમંડ સુરતમાં બની રહ્યા છે અને તેનું ટોટલી આપણે મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ઓલ ઓવર વર્લ્ડમાં આપણે થઈ રહ્યું છે, અને 8થી 10 ટકાનો હિસ્સો તો ઈરાન અને બીજી બધી ગલ્ફ કન્ટ્રીઓમાં થઈ રહ્યો છે.

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટુટેડ ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, 24 કલાક પહેલા ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત ઓપરેશનના માધ્યમથી ઈરાન ઉપર જે એટેક કરવામાં આવ્યો, એને કારણે વર્લ્ડવાઈડ એની ઈમ્પેક્ટ ખૂબ નેગેટિવ અત્યારે ઉભી થઈ છે.

ઈરાને પણ વળતા હુમલાની અંદર ખાસ કરીને આરબ અમીરાતની જે નાની-નાની કન્ટ્રીઓ છે, એની ઉપર પણ ડ્રોન મારફતે અમેરિકન બેઝ જ્યાં છે એની ઉપર એટેક કર્યા. આ એટેકના કારણે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ડ્રોન દ્વારા એટેક થવાના કારણે ત્યાં અત્યારે એરપોર્ટ તાત્કાલિક બંધ કરવામાં આવ્યું છે.

આ એરપોર્ટ બંધ થવાના કારણે ખાસ કરીને ભારતના રફ ટ્રેડિંગ બિઝનેસ સાથે દુબઈનો ખૂબ મોટો નાતો છે. આજની તારીખમાં 60થી 65 ટકા રફ ટ્રેડિંગના ટેન્ડરિંગો દુબઈની અંદર થતા હોય છે. લોકોને આવવા-જવાની સરળતાના કારણે જ્યારે પણ ટેન્ડરનો ટાઈમ મળે એ દિવસે જ આ લોકો અહીંથી નીકળતા હોય છે કે જેથી કરીને ટાઈમ ન બગડે.

આવા ઘણા લોકોનું ટેન્ડર સિસ્ટમમાં જે કંઈ એપોઈન્ટમેન્ટ લીધી હશે, એ ઈન્ડિયન એરવેઝની અને ઈન્ડિગોની ફ્લાઈટ રદ થતા એ લોકો ટાઈમે ત્યાં પહોંચી નહીં શકે. એપોઈન્ટમેન્ટ જે લીધી છે એ ટાઈમે ત્યાં નહીં જતાં એમને ફરી એપોઈન્ટમેન્ટ લેવી પડશે. આના કારણે રફ સપ્લાયની ચેઈનમાં થોડી મુશ્કેલી ચોક્કસ ઉભી થશે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર હુમલા થયા અને ઈરાને વળતા હુમલા કર્યા. એક તરફ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનું યુદ્ધ ચાલી રહ્યું છે, રશિયા અને યુક્રેનનું યુદ્ધ ચાલી રહ્યું છે. આખા વિશ્વની અંદર જબરદસ્ત અશાંતિનો માહોલ છે. સોમવારે બજાર ખુલતાની સાથે જ એ ધરાશાયી થશે. વૈશ્વિક સ્ટોક બજાર પણ આજે ડિસ્ટર્બ થશે. પરંતુ સ્ટોક માર્કેટ આવા આંચકાઓથી ટેવાયેલી છે.

તેઓ આગળ કહે છે કે, જે મૂળ ઉદ્યોગ છે, કે જેમાં ઉદ્યોગની ઘણી બધી ટકાવારીનો આધાર નિકાસ ઉપર હોય. જેમ-તેમ સેટલ થતું હતું. અમેરિકાનો ટેરિફ, અને આ વધારાની વિપરીત પરિસ્થિતિનો સામનો અત્યારે આપણે કરી રહ્યા છીએ. હું માનું છું કે કાપડ ઉદ્યોગ માટે આ મરણતોલ ફટકો હશે. ડાયમંડ ઉદ્યોગ તો પણ બચી જશે, એટલા માટે કારણ કે ડાયમંડ ઉદ્યોગ સીધો અમેરિકા સાથે વધારે વેપાર કરે છે. અને અમેરિકા સાથેની પરિસ્થિતિ એકંદરે શાંત છે, પણ અમેરિકા જ્યારે યુદ્ધની અંદર ફસાઈ ગયું હોય તેવા સંજોગોમાં સમય વર્તે સાવધાનીની નીતિ સૌથી બધા જ અપનાવશે.

ફેડરેશન ઓફ ગુજરાત વીવર એસોસિએશનનો પ્રમુખ અને ચેમ્બર ઓફ કોમર્સનો વાઈસ પ્રેસિડેન્ટ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, જે રીતે યુદ્ધની પરિસ્થિતિ આખા વિશ્વમાં બની રહી છે. જેની સીધી અસર સુરત શહેરને થવાની છે. કારણ કે ટેક્સટાઈલ ઉદ્યોગનું હબ કહેવાય, સેકન્ડ લાર્જેસ્ટ પ્રોડક્શન કોઈ કરતું હોય તો ચાઈના પછી આખા વિશ્વમાં સુરત કરી રહ્યું છે.

જો યુદ્ધ લાંબું ચાલે, તો ખાસ કરીને અમારું મેઈન એપીસેન્ટર છે જ્યાંથી અમે 45 ગલ્ફ કન્ટ્રીની અંદર વેપાર કરીએ છીએ, એ છે દુબઈ. ઈરાને દુબઈ પર હુમલો કર્યો છે, ત્યારે અત્યારે એવું માની શકાય કે જો આ યુદ્ધ લાંબું ચાલે તો ટેક્સટાઈલને, સુરતની ઈન્ડસ્ટ્રીઝને મોટું એવું નુકસાન થશે. કારણ કે અમારું જે મેન-મેઈડ ફાઈબર છે - બુરખા અને સલવાર કમીઝનું ટોટલ કપડું ગલ્ફ કન્ટ્રીમાં, યુએસ પછી અમે મોટું જો એક્સપોર્ટ કરતા હોઈએ તો દુબઈથી અને દુબઈ વાયા 45 દેશોની અંદર કરતા હોઈએ.

તો અત્યારે એવું લાગી રહ્યું છે કે જો યુદ્ધ લાંબુ ચાલે તો નુકસાન મોટું થવાનું છે. અને યુદ્ધ જો અત્યારે... મને એવું લાગે છે કે જે રીતે ડોનાલ્ડ ટ્રમ્પ... જે રીતે ખામૈનીને જે રીતે ખતમ કરી નાખ્યા છે, પછી એની દુશ્મનાવટ મારા ખ્યાલથી ખતમ થઈ ગઈ છે, પણ જો આ યુદ્ધ લાંબું ચાલે તો ટેક્સટાઈલ ઉદ્યોગને ખાસું એવું નુકસાન થશે એવી સંભાવના મને દેખાઈ રહી છે.

મેન-મેઈડ ફાઈબરનું આપણું સારું એવું માર્કેટ યુએસ પછીનું દુબઈ છે. કારણ કે આપણે જ્યારે ગાર્મેન્ટનું માર્કેટ યુએસ છે, તો મેન-મેઈડ ફાઈબરનું માર્કેટ આપણું દુબઈથી વાયા 45 ગલ્ફ કન્ટ્રીની અંદર આપણે મોકલી રહ્યા છીએ. એટલે કરોડોનો કાપડનો વેપાર આપણો એમની સાથે છે.

તો નુકસાનનો આંકડો બહુ મોટો થાય એવું કહી શકું કારણ કે જે MEG-PTA છે જે ક્રૂડમાંથી બનતી પ્રોડક્ટ છે, એ યાર્ન છે. યાર્ન એટલે મેન-મેઈડ ફાઈબર. જો એ પણ મોંઘું થશે, એક બાજુ યુદ્ધ પણ લાંબું ચાલશે, તો મોટી કમરતોડ ફટકો સુરત શહેરની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને લાગશે એવું કહું તો ખોટું નથી.

# T20 વર્લ્ડ કપથી બહાર ફેંકાતા જ શ્રીલંકન દિગ્ગજ જયસૂર્યા દુઃખી- કોચ પદ છોડવાના સંકેત આપ્યા



**નવી દિલ્હી, તા.01**

ICC T20 વર્લ્ડ કપ 2026માં શ્રીલંકન ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સનથ જયસૂર્યાએ પોતાના ભવિષ્ય અંગે એક મોટો સંકેત આપ્યો છે. શ્રીલંકાના હેડ કોચ જયસૂર્યાએ સ્પષ્ટ કર્યું છે કે, 'હું હાલમાં પદ નથી છોડી રહ્યો, પરંતુ જો શ્રીલંકા ક્રિકેટ (SLC)ને યોગ્ય વિકલ્પ મળે તો હું જવાબદારી સોંપવા માટે તૈયાર છું.' જયસૂર્યાના નિવેદનથી એ સંકેત મળે છે કે હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગયો છે.

પાકિસ્તાન સામે 5 રનથી મળેલી હાર નજીકની બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં સનથ જયસૂર્યાએ કહ્યું કે, 'મારા ભવિષ્ય અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો.' તેમનો વર્તમાન કોન્ટ્રાક્ટ જૂન 2026 સુધી છે. હવે શ્રીલંકાની આ જ મહિને અફઘાનિસ્તાન સામે મર્યાદિત ઓવરની સીરિઝ યોજાવાની છે, તો આવી સ્થિતિમાં બોર્ડ હાલ માટે સ્થિરતા જાળવી રાખવાના પક્ષમાં હોઈ શકે છે.

સનથ જયસૂર્યાએ કહ્યું કે, 'મેં વિચાર્યું હતું કે, હું આ જવાબદારી બીજા કોઈને સોંપી દઉં. ઈંગ્લેન્ડ સીરિઝ દરમિયાન બે મહિના પહેલા પણ મેં કહ્યું હતું કે મારી અહીં લાંબા સમય સુધી રહેવાની યોજના નથી. જે રીતે વર્લ્ડ કપ સમાપ્ત થયો તેનો મને અફસોસ છે. છેલ્લા દોઢ વર્ષમાં અમે અમારા રેન્કિંગમાં સુધારો કર્યો છે અને ટીમને વધુ સારી સ્થિતિમાં પહોંચાડી છે. મારો કોન્ટ્રાક્ટ જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે. મેં હજુ સુધી સત્તાવાર રીતે બોર્ડને મારો નિર્ણય નથી જણાવ્યો.'

શ્રીલંકાનું T20 વર્લ્ડ કપ અભિયાન શરૂઆતથી જ સંઘર્ષપૂર્ણ રહ્યું. લીગ સ્ટેજમાં ઝિમ્બાબ્વે સામે ચોંકાવનારી હાર છતાં શ્રીલંકાની ટીમ સુપર 8 સ્ટેજમાં પહોંચી. ત્યારબાદ સુપર 8 સ્ટેજમાં તેને ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન સામે હારનો સામનો કરવો પડ્યો. પાકિસ્તાન સામેની મેચ સૌથી પીડાદાયક સાબિત થઈ. 213 રનના પીછો કરવા માટે શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ 76 રનની વિસ્ફોટક અણનમ ઈનિંગ રમી, પરંતુ ટીમ માત્ર 5 રનથી લક્ષ્ય ચૂકી ગઈ. 2014ની ચેમ્પિયન શ્રીલંકા ટીમ સતત પાંચમી વખત T20 વર્લ્ડ કપના સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી. 2024ના મધ્યમાં કાર્યકારી કોચ તરીકે કાર્યભાર સંભાળનારા સનથ જયસૂર્યાને તે જ વર્ષે કાયમી હેડ કોચ તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન શ્રીલંકાએ અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી. 27 વર્ષ બાદ ભારત સામે પહેલી વાર દ્વિપક્ષીય વનડે સીરિઝ જીતી. ઈંગ્લેન્ડ સામે ઓવલ મેદાન પર યાદગાર ટેસ્ટ જીત હાંસલ કરી. બજી તરફ ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે 2-0 થી ટેસ્ટ સીરિઝ પર કબજો જમાવ્યો.

જોકે, શ્રીલંકાની ટીમ T20 ક્રિકેટમાં સાતત્ય હાંસલ કરવામાં નિષ્ફળ રહી. એશિયા કપ અને પાકિસ્તાનમાં થયેલી ત્રિકોણીય સીરિઝમાં સામાન્ય પ્રદર્શન બાદ વર્લ્ડ કપ માટેની તેમની આશાઓ પર પણ પાણી ફરી વળ્યું. સનથ જયસૂર્યાના કાર્યકાળ દરમિયાન શ્રીલંકાએ 76 મેચ રમી હતી, જેમાંથી 34 મેચ જીતી છે. આ આંકડા પ્રગતિ તરફ ઈશારો કરે છે, પરંતુ T20 ક્રિકેટમાં વારંવાર નિષ્ફળતાઓએ તેમના ભવિષ્ય પર સવાલો ઉભા કર્યા છે.

# શ્રીલંકા-પાકિસ્તાનની મેચમાં હોબાળો... એક વાઈડ માટે અમ્પાયર્સ સાથે બાખડ્યા જયસૂર્યા



**નવી દિલ્હી, તા.01**

આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026માં શનિવારે પલ્લેકેલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાયેલી સુપર-8 મેચ ડ્રામેટિક વળાંક સાથે પૂર્ણ થઈ હતી. પાકિસ્તાને આ મેચ 5 રનથી જીતી લીધી હોવા છતાં, અમ્પાયરના એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે શ્રીલંકન કેમ્પમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શ્રીલંકાના મુખ્ય કોચ સનથ જયસૂર્યા અમ્પાયરો સાથે ટકરાયા હતા.

213 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાને અંતિમ ઓવરમાં જીતવા માટે 28 રનની જરૂર હતી. પાકિસ્તાન તરફથી શાહીન આફ્રિદી બોલિંગમાં હતો, જ્યારે શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકા ક્રીઝ પર હતા. તેણે પ્રથમ 4 બોલમાં શનાકાએ 22 રન (4, 6, 6, 6) ફટકારીને ખળભળાટ મચાવી દીધો હતો. હવે શ્રીલંકાને છેલ્લા 2 બોલમાં માત્ર 6 રનની જરૂર હતી અને સ્ટેડિયમમાં ભારે ઉત્તેજના હતી. ઓવરના પાંચમા અને છઠ્ઠા બોલ પર વિવાદ સર્જાયો હતો. શાહીન આફ્રિદીએ ઓફ સાઈડની બહાર લો-ફુલટોસ ફેંક્યા હતા. શનાકાએ શોટ રમવાનો પ્રયાસ કર્યો પરંતુ બોલ બેટમાં આવ્યો નહીં. રિપ્લેમાં સ્પષ્ટ જણાતું હતું કે બોલ વાઈડ લાઈનની બહાર હતો, પરંતુ અમ્પાયર રોડ ટકરે તેને વાઈડ જાહેર કર્યા નહીં. શ્રીલંકા 207 રન સુધી જ પહોંચી શક્યું અને 5 રનથી મેચ હારી ગયું. જો તે વાઈડ મળ્યા હોત, તો શ્રીલંકા માટે સમીકરણો બદલાઈ શક્યા હોત.

મેચ પૂરી થતાની સાથે જ શ્રીલંકાના દિગ્ગજ અને કોચ સનથ જયસૂર્યા મેદાન પર ધસી આવ્યા હતા. તેમણે અમ્પાયર રોડ ટકર પાસે જઈને ઉગ્ર દલીલો કરી હતી. મોટી સ્ક્રીન પર રિપ્લે જોતી વખતે જયસૂર્યા અત્યંત નારાજ જણાતા હતા. બીજી તરફ, ૩૧ બોલમાં ૭૬ રન (૮ છગ્ગા, ૨ ચોગ્ગા) ફટકારનાર કેપ્ટન શનાકા મેદાન પર જ આંખો બંધ કરીને નિરાશામાં બેસી પડ્યો હતો. આ રોમાંચક વિજય છતાં પાકિસ્તાન માટે માઠા સમાચાર આવ્યા છે.

# IPLનું શેડ્યૂલ ચૂંટણીને કારણે બદલાઈ શકે: 26ને બદલે 28 માર્ચે પ્રથમ મેચ શક્ય, બંગાળ-તમિલનાડુ સહિત 5 રાજ્યોમાં ચૂંટણી...

**નવી દિલ્હી, તા.01**

વિધાનસભા ચૂંટણીઓને કારણે IPL 2026નું શેડ્યૂલ બદલાઈ શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ટૂર્નામેન્ટની શરૂઆત હવે 26 માર્ચને બદલે 28 માર્ચે થઈ શકે છે. જોકે, BCCIએ હજુ સુધી નવી તારીખ પર અંતિમ નિર્ણય લીધો નથી.

તમિલનાડુ, કેરળ, આસામ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં યોજાનાર ચૂંટણી કાર્યક્રમને કારણે કેટલાક શહેરોમાં સુરક્ષા અને અન્ય વ્યવસ્થાની સમસ્યા ઊભી થઈ શકે છે. આ સંભવિત ટકરાવને ધ્યાનમાં રાખીને બોર્ડ શરૂઆતી મેચોની તારીખ લંબાવવા પર વિચાર કરી રહ્યું છે.

વિધાનસભા ચૂંટણીવાળા રાજ્યોમાં ત્રણ એવા મુખ્ય સ્ટેડિયમ છે જે IPL વેન્યુ તરીકે ઉપયોગમાં લેવાતા રહ્યા છે. તમિલનાડુના ચેન્નઈ સ્થિત એમ. એ. ચિદમ્બરમ



સ્ટેડિયમ (ચેપોક) ચેન્નઈ સુપર કિંગ્સનું હોમ ગ્રાઉન્ડ છે.

પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્થિત ઈડન ગાર્ડન્સ કોલકાતા નાઈટ રાઈડર્સનું ઘરેલું મેદાન છે, જ્યારે આસામના ગુવાહાટીમાં બનેલું બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ રાજસ્થાન રોયલ્સનું સેકન્ડ હોમ વેન્યુ રહ્યું છે.

2008માં IPL શરૂ થયા પછી, જ્યારે પણ દેશમાં સામાન્ય ચૂંટણીઓ (2009, 2014, 2019 અને 2024) અથવા કોઈ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ છે, ત્યારે ટૂર્નામેન્ટનું શેડ્યૂલ બે ભાગમાં બહાર પાડવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, એવી સંભાવના છે કે આ વખતે પણ BCCI આવું જ કરશે.

IPL ગવર્નિંગ કાઉન્સિલ એ વાત પર પણ વિચાર કરી શકે છે કે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ક્યાં યોજવી, કારણ કે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તેમાં સામેલ થશે.

ગયા જૂનમાં બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં RCBની જીતની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડમાં 11 ચાહકોના મોત થયા હતા. ત્યારબાદ RCB અને કર્ણાટક ક્રિકેટ વચ્ચે આ અંગે ચર્ચા ચાલી રહી છે કે ટીમ તેની સાત હોમ મેચ ત્યાં જ રમશે કે અન્ય કોઈ સ્થળે ખસેડશે.

ફ્રેન્ચાઈઝીએ નવી મુંબઈ, રાયપુર અને પુણે જેવા શહેરોને વૈકલ્પિક વિકલ્પ તરીકે શોર્ટલિસ્ટ કર્યા છે.

# શ્રીલંકા સામે જીત છતાં પાકિસ્તાની કેપ્ટનનું દર્દ છલકાયું, 'ટ્રમ્પ કાર્ડ'ને જ વિલન ગણાવી દીધો....

**નવી દિલ્હી, તા.01**

ટી-20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં પાકિસ્તાને 5 રને રોમાંચક જીત મેળવી છે. જોકે, આ જીત છતાં પાકિસ્તાન માટે સેમીફાઈનલના દરવાજા લગભગ બંધ થઈ ગયા છે, કારણ કે તેમને શ્રીલંકાને 147 રન પર રોકવાનું હતું જે સમીકરણમાં ટીમ નિષ્ફળ રહી છે.

પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં 212/8નો મજબૂત સ્કોર ખડક્યો હતો. સાહિબઝાદા ફરહાને ફરી એકવાર શાનદાર બેટિંગ કરી વિરાટ કોહલીનો 12 વર્ષ જૂનો રેકોર્ડ તોડી ઈતિહાસ રચ્યો હતો. જવાબમાં



શ્રીલંકાની ટીમે વળતી લડત આપી હતી અને અંતિમ ઓવર સુધી મેચ જીવંત રાખી હતી, પરંતુ તેઓ 207/6 રન સુધી જ પહોંચી શક્યા હતા.

પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ મેચ બાદ કબૂલ્યું હતું કે ઝાકળ (Dew) ફેક્ટરને કારણે બોલરોને મુશ્કેલી પડી હતી. ખાસ કરીને સ્પિનર ઉસ્માન તારિક માટે આજનો દિવસ ખરાબ રહ્યો, તેણે 4 ઓવરમાં વિકેટ વગર 43 રન આપ્યા હતા. તો બીજી તરફ પાકિસ્તાનના પ્રીમિયમ ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ પણ નિરાશ કર્યા હતા. શાહીને છેલ્લી ઓવરમાં 22 રન આપ્યા અને કુલ 4 ઓવરમાં 48 રન ખર્ચી માત્ર 1 વિકેટ ઝડપી હતી. ઉલ્લેખનીય છે કે સલમાન અલી આગા ઉસ્માન તારિકને પોતાનો ટ્રમ્પ કાર્ડ ગણાવતા રહ્યા છે.

સલમાન અલી આગાએ જણાવ્યું કે સમગ્ર વર્લ્ડ કપ દરમિયાન ટીમની બેટિંગ ચિંતાનો વિષય રહી છે. સાહિબઝાદા ફરહાનને બીજા છેડેથી યોગ્ય સાથ મળ્યો નથી. કેપ્ટને સ્પષ્ટ કર્યું કે મિડલ ઓર્ડરની સમસ્યા વર્ષોથી ચાલી આવે છે અને હવે તેના પર ગંભીરતાથી કામ કરવાની જરૂર છે. આ વર્લ્ડ કપ બાદ પાકિસ્તાની ટીમમાં મોટા ફેરબદલના સંકેતો પણ મળી રહ્યા છે.

શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ હાર માટે મુખ્ય ખેલાડીઓની ઈજાને જવાબદાર ગણાવી હતી. વાનિન્દુ હસરંગા અને મથીશા પથિરાનાની ગેરહાજરી ટીમને ભારે પડી છે. જોકે, તેમણે પવન રત્નાયકે અને દુનિથ વેલાલગે જેવી યુવા પ્રતિભાઓના પ્રદર્શનના વખાણ કર્યા હતા અને ચાહકોની માફી માંગતા મજબૂત વાપસીનો વિશ્વાસ અપાવ્યો હતો.

# કો-એક્ટ્રેસને બચાવવા હીરોએ છાતી પર ગોળી ઝીલી!

## ચોરના વેશમાં આવેલા શખસો કાળ બનીને એક્ટરને ભરખી ગયા, 3 અઠવાડિયા સુધી લાશ અંતિમ સંસ્કારની રાહ જોતી રહી

**નવી દિલ્હી, તા.01**

ની વાત છે, જ્યારે અમેરિકન એક્ટર જોની વેક્ટર પોતાનું શૂટિંગ પૂરું કરીને કૉ-એક્ટ્રેસ સાથે ઘરે પરત ફરી રહ્યો હતો. બંને જેવા લોસ એન્જલસના ડાઉનટાઉન પહોંચ્યા, તેવા ચાર લોકો અચાનક તેમની પાસે આવી ગયા અને તેમની કારમાં ચોરી કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. શરૂઆતમાં જોની કંઈ સમજી શક્યો નહીં કે આખરે શું થઈ રહ્યું છે? પરંતુ જ્યારે તેને ખબર પડી કે, તેની કારમાં ચોરી થઈ રહી છે, તો તેણે પોતાની કૉ-એક્ટ્રેસને બચાવવાનો પ્રયાસ કર્યો. તેણે પોતાની સાથીને પોતાના શરીરથી ઢાંકી દીધી. ત્યારે ગુસ્સે ભરાયેલા ચોરોએ ગોળી ચલાવી દીધી, જે સીધી જોનીને વાગી. જોનીને તાત્કાલીક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મહત્ત્વની વાત એ છે કે, જોનીના મૃત્યુના ત્રણ અઠવાડિયા પછી તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ ઘટનાએ લોકોના મનમાં ઘણા પ્રશ્નો ઊભા કર્યા. શું જોનીની હત્યા માત્ર ચોરીની ઘટના હેઠળ થઈ કે તેની પાછળ કોઈ અન્ય ષડયંત્ર હતું? અને બીજો પ્રશ્ન એ કે આખરે જોનીના મૃત્યુના ત્રણ અઠવાડિયા પછી તેના અંતિમ સંસ્કાર શા માટે કરવામાં આવ્યા?

જોની વેક્ટરનો જન્મ 31 ઓગસ્ટ 1986ના રોજ અમેરિકાના સાઉથ કેરોલિનામાં થયો હતો. તેના બે ભાઈઓ લાન્સ અને ગ્રાન્ટ છે. જોનીનું બાળપણ અહીં જ વીત્યું અને તેણે 2004માં પોતાનો શાળાકીય અભ્યાસ પૂરો કર્યો. ત્યારબાદ તેણે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં બેચલર ઓફ સાયન્સ (B.S.) અને સ્પેનિશમાં બેચલર ઓફ આર્ટ્સ (B.A.)ની ડિગ્રી મેળવી. જોની દેખાવમાં ખૂબ જ સ્માર્ટ અને આત્મવિશ્વાસુ હતો. અભ્યાસની સાથે-સાથે તેનો ઝુકાવ એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિઓ તરફ વધુ હતો. તે હંમેશા કંઈક અલગ કરવા માંગતો હતો. તેના મનમાં એક્ટિંગની દુનિયામાં પગ મૂકવાની ઈચ્છા સતત મજબૂત થતી ગઈ. આખરે તેણે પોતાના દિલની વાત સાંભળી અને એક્ટિંગમાં કારકિર્દી



બનાવવા માટે લોસ એન્જલસનો રસ્તો પકડ્યો. જોકે, આ સફર બિલકુલ સરળ નહોતી. પહેલો મોટો મોકો મળતા પહેલા તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો. લોસ એન્જલસ પહોંચ્યા પછી તેની પાસે કોઈ કામ નહોતું, તેથી પોતાનો ખર્ચ ચલાવવા માટે તેને રેસ્ટોરન્ટ અને બારમાં નોકરી કરવી પડી. નોકરીની સાથે-સાથે તે સતત ઓડિશન આપતો રહ્યો અને આ દરમિયાન ઘણી વાર રિજેક્શનનો સામનો પણ કર્યો. આખરે, 2007માં તેને તેની કારકિર્દીનો પહેલો મોટો બ્રેક મળ્યો. તેણે ટીવી શો 'આર્મી વાઈવ્સ'થી ડેબ્યુ કર્યું. આ શો તેની કારકિર્દી માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થયો, કારણ કે આના દ્વારા તેને તે ઓળખ મળવાની શરૂઆત થઈ, જેની દરેક કલાકારને ઈચ્છા હોય છે. આ પછી તેની કારકિર્દીએ ગતિ પકડી. 2020થી 2022 સુધી તેણે લોકપ્રિય સિરીઝ 'જનરલ હૉસ્પિટલ' માં બ્રાન્ડો કોર્બિનની ભૂમિકા ભજવી, જેનાથી તેને વધુ મોટી ઓળખ મળી. આ ઉપરાંત, તેણે 'સાઈબિરીયા' સિરીઝમાં પણ અભિનય કર્યો. જોનીએ ટીવીની સાથે ફિલ્મી દુનિયામાં પણ પગ મૂક્યો અને ત્યાં પણ પોતાની અલગ ઓળખ બનાવી. જ્યારે જોનીને ઈન્ડસ્ટ્રીમાં ઓળખ મળવા લાગી, તે જ દરમિયાન તેની મુલાકાત એક્ટ્રેસ અને ડિરેક્ટર ટીસા સાથે થઈ. પહેલા બંને સારા મિત્રો બન્યા અને પછી ધીમે ધીમે એકબીજાને ડેટ કરવા લાગ્યા. વર્ષ 2010માં બંને રિલેશનશિપમાં આવ્યા, પરંતુ આ સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં અને 2013માં બંને અલગ થઈ ગયા. જોકે, જોનીએ પોતાની પર્સનલ લાઈફને ક્યારેય પોતાની પ્રોફેશનલ લાઈફ પર હાવી થવા દીધી નહીં અને તે સતત પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરતો રહ્યો.પછી 25 મે, 2024 આવી. આ તે તારીખ અને વર્ષ હતું, જેમાં જોને કલ્પના પણ નહીં કરી હોય કે તેને પોતાની આ ઝાકઝમાળ ભરેલી દુનિયા છોડવી પડશે. ખરેખર, તે રાત્રે જોને પોતાનું શૂટિંગ પૂરું કર્યું અને પછી તે સેટ પરથી નીકળી ગયો. તેની સાથે તેની કૉ-સ્ટાર પણ હતી. બંને લોસ એન્જલસના ડાઉનટાઉનમાં પિકો બુલેવર્ડ અને હોપ સ્ટ્રીટના ખૂણા પર પહોંચ્યા જ હતા કે, તરત જ ત્યાં અચાનક ત્રણ લોકો આવી ગયા. શરૂઆતમાં જોનને લાગ્યું કે કદાચ તેની કારને ઉઠાવીને લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ જ્યારે જોનને ખબર પડી કે તેની 'ટોયોટા પ્રિયસ' કારમાંથી કેટાલિટીક કન્વર્ટર ચોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, ત્યારે સૌથી પહેલા તેણે પરિસ્થિતિને સમજતા પોતાની કૉ-સ્ટારનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો અને તેને પોતાના શરીરથી ઢાંકવાનો પ્રયાસ કર્યો. પરંતુ ચોરને ખબર પડી ગઈ હતી કે, જોનને તેમના વિશે જાણ થઈ ગઈ છે, તેથી તેમણે જોન પર ગોળી ચલાવી દીધી, જેનાથી તેનું મોત નીપજ્યું.

# સલીમ ખાન 12 દિવસથી હોસ્પિટલમાં દાખલ: મોડી રાત્રે પિતાને મળવા હોસ્પિટલ પહોંચ્યો સલમાન ખાન

**મુંબઈ, તા.01**

બોલિવૂડ એક્ટર સલમાન ખાનના પિતા અને દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાન છેલ્લા 12 દિવસથી મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે. શનિવારે મોડી રાત્રે સલમાન ખાન તેમને મળવા હોસ્પિટલ પહોંચ્યો હતો. તેના સિવાય પરિવારના અન્ય ઘણા સભ્યો પણ હોસ્પિટલમાં જોવા મળ્યા.

સલમાન ખાન ઉપરાંત તેમની બહેન અર્પિતા ખાન, અતુલ અગ્નિહોત્રી, અયાન અગ્નિહોત્રી પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. સલીમ ખાનને 17 ફેબ્રુઆરીએ અચાનક દાખલ કરવામાં આવ્યા હતા.

બીજા દિવસે 18 ફેબ્રુઆરીના રોજ, લીલાવતી હોસ્પિટલના ડોક્ટર જલીલ પાર્કરે સલીમ ખાનના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપતા જણાવ્યું હતું કે તેમને બ્રેઈન હેમરેજ થવા પર દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમની સાથે મેડિકલ પ્રોસિજર કરવામાં આવી છે. જોકે, બાદમાં રિપોર્ટ્સમાં



કહેવામાં આવ્યું હતું કે હેલ્થ અપડેટ આપવા પર સલમાન ખાનનો પરિવાર ડોક્ટરોથી નારાજ થયો હતો અને ભવિષ્યમાં આવું ન કરવા અપીલ કરી હતી.

બુધવારે મુંબઈ પ્રેસ ક્લબના કાર્યક્રમમાં હાજરી આપનાર આમિર ખાને મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે સલીમ ખાન રિકવર કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું, "હું સલીમ સાહેબને મળવા ગયો હતો. અમે બધા દુઆ કરી રહ્યા છીએ કે તેઓ જલદીથી જલદી સારા થઈ જાય. કારણ કે તેઓ ICUમાં હતા, હું તેમને વ્યક્તિગત રીતે મળી શક્યો નહીં. હું તેમના પરિવાર સાથે બેઠો હતો. મને અલવીરાજી દરરોજ જણાવી રહ્યા છે કે તેમની તબિયત સુધરી રહી છે. આપણે બધા દુઆ કરીએ કે તેઓ જલ્દી ઘરે પાછા ફરે."

# સાઉથ એક્ટર વિષ્ણુ મંચુના ઘરની બહાર દેખાઈ મિસાઈલો: દુબઈમાં પરિવાર સાથે ફસાયો......

**મુંબઈ, તા.01**

અમેરિકા-ઈઝરાયેલના હુમલાના જવાબમાં ઈરાને દુનિયાભરના 8 દેશોમાં મિસાઈલ હુમલા કર્યા છે, જેમાં દુબઈ પણ સામેલ છે. દુબઈમાં થઈ રહેલા આ હુમલાઓ વચ્ચે સાઉથ એક્ટર વિષ્ણુ મંચુ પરિવાર સાથે દુબઈમાં ફસાઈ ગયા છે. તેના ઘરની બહાર મિસાઈલ પણ દેખાઈ છે. હુમલા વચ્ચે તેનું ઘર ધ્રુજી ઉઠ્યું છે અને તેના બાળકો પણ ડરી ગયા છે.

વિષ્ણુ મંચુએ શનિવારે સાંજે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેની બરાબર પાછળ આકાશમાં એક મિસાઈલ દેખાઈ રહી છે. આ વીડિયોમાં એક્ટર ખૂબ જ ડરેલા જોવા મળી રહ્યો છે. આ સાથે તેના પરિવારના અવાજો પણ સાંભળી શકાય છે.

આ વીડિયો શેર કરતા એક્ટરે લખ્યું છે કે- 'આજે (શનિવાર) રાતે દુબઈમાં પરિવારને મળવા આવ્યો છું. આકાશમાં મિસાઈલો દેખાઈ રહી છે. જોરદાર ઈન્ટરસેપ્શન (રોકવાની કાર્યવાહી)થી અમારું ઘર ધ્રુજી ઉઠ્યું અને નાની આયરા ડરી ગઈ.'

આગળ એક્ટરે લખ્યું- 'શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યો છું. દુનિયાના કોઈ પણ બાળકને પોતાના ઘરની છત ઉપર યુદ્ધનો અવાજ સાંભળીને મોટું ન થવું જોઈએ. નાગરિકોની સુરક્ષા માટે UAEના સંરક્ષણ દળોનો આભારી છું. આવા પળો આપણને યાદ અપાવે છે કે જીવન કેટલું નાજુક છે. પ્રેમ, પ્રકાશ અને શાંતિ. હર હર મહાદેવ.'

વિષ્ણુ મંચુ સાઉથના લોકપ્રિય એક્ટર છે. તે સાઉથ સુપરસ્ટાર મોહન બાબુનો પુત્ર છે. તાજેતરમાં તે 2025માં રિલીઝ થયેલી ફિલ્મ 'કનપ્પા'માં જોવા મળ્યા હતા. વિષ્ણુ મંચુએ વર્ષ 2009માં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ.આર. રેડ્ડીની ભત્રીજી વિરાનિકા રેડ્ડી સાથે લગ્ન કર્યા હતા. વર્ષ 2011માં તેમને જોડિયા દીકરીઓ થઈ હતી, ત્યારબાદ 2018માં દીકરો અને 2019માં વધુ એક દીકરી થઈ છે. દુબઈમાં ઘણા મિસાઈલ હુમલા થયા છે, જેના પછી ત્યાંની તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં એક્ટ્રેસ સોનલ ચૌહાણ પણ ત્યાં ફસાઈ ગઈ છે.

# 'હું સાચ્ચે હિરોઈન બની જઈશ?': 'બિગ બોસ 19' ફેમ તાન્યા મિત્તલ એક્તા કપૂરને મળવા પહોંચી, 'ટેલિવિઝન ક્વીન'ના વખાણ કર્યાં...

**મુંબઈ, તા.01**

'બિગ બોસ 19'માં પોતાની અલગ છાપ ઊભી કરનારી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને મોડલ તાન્યા મિત્તલે તાજેતરમાં 'ટેલિવિઝન ક્વીન' એક્તા કપૂરને મળી હતી. તાન્યાએ એક્તા કપૂર સાથેનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં તાન્યાએ એકતા સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો, જ્યારે એકતાએ પણ તાન્યાના વખાણ કર્યાં. આ દરમિયાન તાન્યા, એકતા માટે બકલાવા અને ઘણી ભેટો પણ લઈને પહોંચી હતી. તાન્યા મિત્તલે આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો



છે. વીડિયોમાં તે કહેતી જોવા મળી રહી છે કે, 'કોઈએ મને કહ્યું હતું કે, સપના સાચા નથી થતા, પણ હું આજે કોની સાથે ઊભી છું? મેમ, તમને મને મળીને કેવું લાગ્યું?'

આના પર એકતા કપૂર જવાબ આપે છે, 'મને એવું લાગ્યું કે તાન્યા મેં તો તને શોની અંદર જ રોલ ઓફર કરી દીધો હતો. તને અહીં સુધી આવવામાં થોડો સમય લાગ્યો.' ત્યારબાદ તાન્યા પૂછે છે, 'તો તમે મને કામ આપી રહ્યા છો?' એકતા કહે છે, 'હું તને અત્યારે કહી રહી છું કે મારી પાસે તારા માટે લેખિતમાં ઓફર છે. હું તારી સાથે કામ કરવાની રાહ જોઈ રહી છું.'

તાન્યા આગળ પૂછે છે, 'હું હિરોઈન બની જઈશ ને?' આના પર એકતા કહે છે, 'હા, ચોક્કસ. અને હું તારી સાથે ઈમાનદારીથી કહેવા માંગુ છું કે તું મારા માટે જે આટલા બધા ગિફ્ટ્સ લાવી, તેના માટે આભાર. તારો પરિવાર ખૂબ જ સુંદર છે. હું આશા રાખું છું કે આ એક લાંબો અને પારિવારિક સંબંધ હશે.' આ વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા તાન્યાએ કેપ્શનમાં લખ્યું, 'ડિયર એકતા મેમ/દી, સપના સાચા પડે છે, આજે તમે આ સાબિત કરી દીધું. તમને મળીને ખાતરી થઈ ગઈ કે, ભગવાન ખરેખર કેટલાક લોકો પર પોતાની વિશેષ કૃપા રાખે છે અને તેઓ અલગ જ ચમકે છે. તમે માત્ર એક નામ નથી, એક ઈમોશન છો. તમે જે દુનિયા બનાવી છે, તે માત્ર શો અને પાત્રો સુધી સીમિત નથી, પરંતુ દરેક એવા વ્યક્તિના દિલમાં વસે છે, જેણે તમારી વાર્તાઓમાં પોતાની વાર્તા જોઈ છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં 10-12 રૂપિયાનો વધારો થઈ શકે: શેરબજારમાં આજે ખુલતાની સાથે જ ધડાકો જોવા મળશે

નવી દિલ્હી, તા.01

અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીનું મૃત્યુ થયું છે. જો યુદ્ધ લાંબુ ચાલશે અને તેલ માર્ગ 'હોર્મુઝ સ્ટ્રેટ' બંધ થશે તો ક્રૂડ ઓઈલના ભાવ વધી શકે છે. તેની અસર ભારતમાં તેલ, શેરબજાર અને સોના-ચાંદી પર જોવા મળી શકે છે.

દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 105 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88 થી વધીને 96 સુધી જઈ શકે છે. તેનું કારણ એ છે કે ભારત તેની જરૂરિયાતનું 90% તેલ આયાત કરે છે. તેમાંથી લગભગ 50% ક્રૂડ હોર્મુઝના માર્ગે આવે છે.

નિષ્ણાતોનું માનવું છે કે જો ઈરાન આ માર્ગને બ્લોક કરશે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો ઘટશે અને કિંમતો 100 થી 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ 70 ડોલર પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ કરી રહ્યું છે.

ભારતમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો સરકારી તેલ કંપનીઓ નક્કી કરે છે. છેલ્લા 15 દિવસમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત અને ડોલર સામે રૂપિયાની સ્થિતિ પર આધાર રાખે છે. જોકે કંપનીઓ બેઝ પ્રાઈસ નક્કી કરે છે. સામાન્ય માણસ સુધી પહોંચતી અંતિમ કિંમતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના ટેક્સનો મોટો હિસ્સો હોય છે.

એટલે કે, તેલ કંપનીઓ ભાવ વધારવા માટે સ્વતંત્ર છે, પરંતુ વાસ્તવમાં અંતિમ નિર્ણય સરકારના વલણ પર આધાર રાખે છે. જ્યારે પણ યુદ્ધ જેવી પરિસ્થિતિઓ સર્જાય છે, ત્યારે સરકાર રાજકીય અને આર્થિક સ્થિરતા જાળવી રાખવા માટે કંપનીઓને કિંમતો ન વધારવાની સલાહ આપી શકે છે અથવા તો પોતે ટેક્સ ઘટાડીને વધેલી કિંમતોનો બોજ જનતા પર પડતો અટકાવી શકે છે.

ભારત સહિત ઘણા દેશો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પોતાનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે. હોર્મુઝ સ્ટ્રેટ એક દરિયાઈ ખાડીનો સાંકડો વિસ્તાર છે. ઈરાનથી ઓઈલના બેરલ ભરેલું શિપ નીકળે તે ઓમાન પાસેથની આ સાંકડી ખાડીમાંથી પસાર થઈને ભારત આવે. હવે આ દરિયાઈ રસ્તો 'હોર્મુઝ સ્ટ્રેટ' બંધ થઈ જાય તો ક્રૂડ ઓઈલના ભાવ વધી શકે છે.

આ યુદ્ધ દરમિયાન આ વિસ્તાર બંધ રહેવાની ધારણા છે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થશે. શુક્રવારે 27 ફેબ્રુઆરીએ ક્રૂડ ઓઈલના ભાવ વધીને 68 ડોલર પ્રતિ બેરલ પર બંધ થયા. સોમવારે કોમોડિટી બજાર ખુલશે ત્યારે તેમાં વધુ ભાવ વધારો થવાની શક્યતા છે.

જો અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધે છે અને યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહે છે તો સૌથી ખરાબ સ્થિતિમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 110 ડોલર સુધી પહોંચી શકે છે. જે વર્તમાન ભાવ કરતાં લગભગ 57 ટકાનો વધારો ગણાશે.



યુદ્ધની પહેલી અને સૌથી સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પર પડે છે. ઈરાન એક મુખ્ય ઓઈલ ઉત્પાદક દેશ છે અને યુદ્ધની સ્થિતિમાં ઓઈલ સપ્લાય બંધ થઈ જાય છે તો ક્રૂડ ઓઈલની શોર્ટેજ રહેશે. ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના લગભગ 80 ટકા આયાત કરે છે, તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધવાથી ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ભારે વધારો થઈ શકે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાને કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘું થશે. ટ્રક, ડમ્પર, મિનિ ટેમ્પોના ભાડાં વધી જશે એટલે જેની સીધી અસર ફળો, શાકભાજી, દૂધ જેવી દૈનિક ચીજવસ્તુઓના ભાવ પર પડશે. બીજું, રિક્ષા, ટેક્સી, બસ, ટ્રેન ભાડાંમાં પણ તોતિંગ વધારો થવાની સંભાવના જોવાઈ રહી છે.

યુદ્ધ એટલું તીવ્ર બન્યું છે કે નિષ્ણાતો માને છે કે સોમવારે ભારત સહિત વિશ્વભરના શેરબજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી શકે છે. આ ઘટાડાનું પ્રમાણ રોકાણકારોની ભાવના અને વેચાણના દબાણ પર આધારિત રહેશે. શુક્રવારે જ ભારતીય બજારમાં આના સંકેતો દેખાઈ રહ્યા હતા, જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચેની વાતચીત નિષ્ફળ રહી હતી. આના કારણે સેન્સેક્સ 961 પોઈન્ટ અથવા 1.17% અને નિફ્ટી 317 પોઈન્ટ અથવા 1.25% ઘટીને બંધ થયો. રોકાણકારો હવે સોમવારે તેના પર નજર રાખશે.

યુદ્ધના સમાચાર શેરબજાર પર વિનાશક અસર કરે છે. અનિશ્ચિતતાના વાતાવરણમાં રોકાણકારો ગભરાઈ જાય છે અને તેમના રૂપિયા પાછા ખેંચી લે છે, જેના કારણે બજારમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના આ યુદ્ધથી ભારતીય શેરબજાર પણ ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે. રોકાણકારો જોખમ લેવાથી દૂર રહેશે, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો થઈ શકે છે અને નાના રોકાણકારોને મોટું નુકસાન થઈ શકે છે.

જ્યારે પણ વિશ્વમાં યુદ્ધ અથવા યુદ્ધ જેવી પરિસ્થિતિ હોય ત્યારે સોના, ચાંદી અને તાંબા જેવી સલામત સંપત્તિના ભાવ વધે છે. છેલ્લા ઘણા સમયથી ચાંદીના ભાવ વધી રહ્યા છે અને હવે એક તબક્કે સ્થિર થવાની તૈયારીમાં હતા ત્યાં મીડલ ઈસ્ટમાં યુદ્ધ શરૂ થયું છે. તેના કારણે ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે. હાલમાં કોમોડિટી બજારમાં ચાંદીનો ભાવ એક કિલોના 2 લાખ 74 હજાર છે. આ યુદ્ધની ગરમી વચ્ચે ચાંદીની ચમક વધી શકે છે.

સિલ્વર એક્સપર્ટ આગાહી કરે છે કે ચાંદી ફરી એકવાર એક કિલોના 3 લાખને પાર થઈ શકે છે તે પણ માર્ચ મહિનામાં. ચાંદી 3 લાખથી પણ આગળ વધીને 3 લાખ 20 હજાર સુધી જઈ શકે છે. હાલમાં ચાંદી 2.74 લાખથી લઈ 2.82 લાખ વચ્ચે છે. જેમાં તાત્કાલિક 20 હજારથી 40 હજાર સુધીનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. જો આ યુદ્ધ લંબાય છે તો સોના અને ચાંદીના ભાવ અગાઉ કલ્પના ન કરી હોય તેવી ઊંચાઈએ પહોંચી શકે છે. રોકાણકારો માટે અત્યારના સમયમાં સેઈફ હેવન (safe haven) જો કોઈ ધાતુ હોય તે સોનું છે. જેની પાસે સોનું વધારે હશે તેને ફાયદો જ ફાયદો છે. યુદ્ધના સમાચાર વધતાં જ રોકાણકારો શેરબજારમાંથી પૈસા ઉપાડીને સોનામાં રોકાણ કરવાનું શરૂ કરશે. નિષ્ણાતો માને છે કે અનિશ્ચિતતાના વાતાવરણમાં સોનાને હંમેશા સૌથી સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. 2026ની શરૂઆતમાં સોનાના ભાવે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. જો યુદ્ધ આ જ રીતે ચાલુ રહેશે તો સ્થાનિક બજારમાં 10 ગ્રામ સોનાનો ભાવ 2 લાખ સુધી પહોંચી શકે છે. વર્તમાન સમયમાં 24 કેરેટ સોનાનો ભાવ 10 ગ્રામના 1.58 લાખથી 1.60 લાખ સુધી છે. કેડિયા એડવાઈઝરીના અજય કેડિયા જેવા માર્કેટ એક્સપર્ટ આગાહી કરે છે કે માર્ચની શરૂઆતમાં સોનાના ભાવ 15 ટકા સુધી વધી શકે છે. આનો સીધો અર્થ એ છે કે સોનાના ભાવ અત્યારે છે તેના કરતાં 10 ગ્રામે 23,000 (23 હજાર) રૂપિયા વધી શકે છે અને પ્રતિ દસ ગ્રામ 1.85 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. કોમોડિટી નિષ્ણાતો પણ માને છે કે સોનાનો ભાવ વધશે. તેમના મતે સોમવારે 2 માર્ચે જ ભાવ રૂ. 1.75 લાખને પાર કરી શકે છે. ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન પર હુમલો કરીને મીડલ ઈસ્ટમાં જે યુદ્ધ છેડ્યું છે તેનો પ્રભાવ આખી દુનિયાના અર્થતંત્ર પર પડવાનો છે. મંદી, મોંઘવારીનો માર સહન થાય એવી કોઈની સ્થિતિ નથી છતાં આ માર સહન કરવો પડે તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. અત્યારે તો ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું છે કે અમે આવનારા ચાર દિવસ સુધી ઈરાન પર હુમલા ચાલુ રાખીશું. ચાર દિવસ પછી બધું થાળે પડી જાય તો ઠીક છે પણ જો યુદ્ધ લાંબુ ચાલ્યું તો દુનિયાના દરેક વ્યક્તિના ખિસ્સાં પર માર પડી શકે છે.

## ઊંચા વેરાના કારણે ગયા વર્ષે વિશ્વભરમાંથી 1,42,000 શ્રીમંતોએ કરેલું સ્થળાંતર....

### ભારત ટોચના ત્રણ દેશોમાં સામેલ, દેશમાંથી કુલ 3,૫00 જેટલા ધનિક વ્યક્તિઓએ સ્થળાંતર કર્યું

અમદાવાદ, તા.01

ઉચ્ચ કર દર ધરાવતા દેશોમાંથી મોટી સંખ્યામાં શ્રીમંત વ્યક્તિઓ સ્થળાંતર કરી રહ્યા છે. એક અંદાજ મુજબ, ગયા વર્ષે વિશ્વભરમાં ૧,૪૨,૦૦૦ શ્રીમંત વ્યક્તિઓ સ્થળાંતર કરી રહ્યા છે. સૌથી વધુ સ્થળાંતર યુકે, ચીન અને ભારતમાંથી જોવા મળ્યું હતું.



ગયા વર્ષે, હજારો શ્રીમંત વ્યક્તિઓ અન્ય દેશોમાં સ્થળાંતર કરી રહ્યા હતા. એક અંદાજ મુજબ, આ સંખ્યા ૧,૪૨,૦૦૦ હતી. ભારત ટોચના ત્રણ દેશોમાં સામેલ છે જ્યાંથી શ્રીમંત વ્યક્તિઓ સ્થળાંતર કરે છે. બ્રિટન આ યાદીમાં ટોચ પર છે. ગયા વર્ષે, કુલ ૧૬,૫૦૦ શ્રીમંત વ્યક્તિઓએ દેશ છોડી દીધો હતો. તે પહેલાં, ૨૦૨૪ માં, ૧૦,૮૦૦ શ્રીમંત વ્યક્તિઓએ પણ બ્રિટન છોડી દીધું.

યુકેની અર્થવ્યવસ્થા લગભગ એક દાયકાથી નબળા પ્રદર્શન સાથે સંઘર્ષ કરી રહી છે. આ સમયગાળા દરમિયાન, સરકાર દ્વારા અમલમાં મુકાયેલા કર સુધારાઓએ ધનિકો પર કરનો બોજ વધાર્યો છે, જેના કારણે તેઓ યુએઈ, મોનાકો અને માલ્ટા જેવા દેશોમાં સ્થળાંતર કરવા લાગ્યા છે. ન્યૂ વર્લ્ડ વેલ્થ અનુસાર, યુકે પછી, ચીનમાં ધનિક વ્યક્તિઓનું સૌથી વધુ સ્થળાંતર જોવા મળ્યું છે. ગયા વર્ષે, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા સમાન આ દેશમાંથી ૭,૮૦૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થયા હતા. ભારત આ યાદીમાં ત્રીજા ક્રમે છે, ગયા વર્ષે ભારતમાંથી ૩,૫૦૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થયા હતા. તેવી જ રીતે, દક્ષિણ કોરિયાથી ૨,૪૦૦, રશિયાથી ૧,૫૦૦, બ્રાઝિલથી ૧,૨૦૦, ફ્રાન્સથી ૮૦૦, સ્પેનથી ૫૦૦, જર્મનીથી ૪૦૦ અને ઈઝરાયલથી ૩૫૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થયા હતા.શૂન્ય કરવેરા ધરાવતા યુએઈને સૌથી વધુ ફાયદો થયો છે.

ગયા વર્ષે, વિશ્વભરમાંથી ૯,૮૦૦ ધનિક વ્યક્તિઓ યુએઈમાં સ્થળાંતરિત થયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ બીજા ક્રમે હતું, જેમાં ૭,૫૦૦ ધનિક વ્યક્તિઓએ પોતાનું નવું ઘર બનાવ્યું હતું. ઈટાલીમાં ૩,૬૦૦, સ્વિટ્ઝર્લેન્ડમાં ૩,૦૦૦, સાઉદી અરેબિયામાં ૨,૪૦૦, સિંગાપોરમાં ૧,૬૦૦, પોર્ટુગલમાં ૧,૪૦૦, ગ્રીસમાં ૧,૨૦૦, કેનેડામાં ૧,૦૦૦ અને ઓસ્ટ્રેલિયામાં ૧,૦૦૦ ધનિક વ્યક્તિઓએ પોતાનું નવું ઘર બનાવ્યું હતું.

## ટોપ-10 કંપનીઓમાંથી 9નું મૂલ્ય ₹2.18 લાખ કરોડ ઘટ્યું: એરટેલ ટોપ લૂઝર રહી, તેનું મૂલ્ય ₹55,852 કરોડ ઘટ્યું, HDFC બેંકનું માર્કેટ કેપ પણ ઘટ્યું....

મુંબઈ, તા.01

માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 9નું મૂલ્ય ગયા અઠવાડિયાના કારોબારમાં 2.18 લાખ કરોડ રૂપિયા ઘટ્યું. આ સમયગાળા દરમિયાન ભારતી એરટેલનું મૂલ્ય સૌથી વધુ ઘટ્યું. એરટેલનું માર્કેટ કેપ 55,852 કરોડ રૂપિયા ઘટીને 10.71 લાખ કરોડ પર આવી ગયું. HDFC બેંકની માર્કેટ વેલ્યુ 37,580 કરોડ ઘટીને 13.65 લાખ કરોડ પર આવી ગઈ. જ્યારે રિલાયન્સનું માર્કેટ કેપ 34,846 કરોડ રૂપિયા ઘટીને 18.86 લાખ કરોડ પર આવી ગયું.

આ ઉપરાંત બજાજ ફાઈનાન્સ, TCS, LIC, લાર્સન એન્ડ ટુબ્રો, SBI અને ICICI બેંકનું માર્કેટ કેપ પણ ઘટ્યું. ગયા અઠવાડિયે માત્ર હિન્દુસ્તાન યુનિલિવરનું મૂલ્ય વધ્યું. HULનું માર્કેટ કેપ 5,462 કરોડ રૂપિયા વધીને 5.49 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું.



સેન્સેક્સ શુક્રવાર 27 ફેબ્રુઆરીના રોજ 961 અંક (1.17%)ના ઘટાડા સાથે 81,287 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 318 અંકોનો ઘટાડો રહ્યો. તે 25,179ના સ્તરે બંધ થયો. કારોબારમાં રિયલ્ટી અને ઓટો શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેરનું મૂલ્ય છે, એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે. તેની ગણતરી કંપનીના જાહેર કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણાકાર કરીને કરવામાં આવે છે. માની લો કે... કંપની 'A' ના 1 કરોડ શેર માર્કેટમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાનું અથવા ઓછું માર્કેટ કેપ કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટાડે છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે. ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડથી વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

## સિમ વગર વોટ્સએપ નહીં ચાલે: રેલવે, ફ્લાઈટ્સની ટિકિટથી લઈને UPI સુધી...આજથી લાગુ થશે આ ફેરફારો, તમારા ખિસ્સા પર પડશે સીધી અસર

નવી દિલ્હી, તા.01

1 માર્ચ 2026 થી 4 મહત્વપૂર્ણ ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. તેની સીધી અસર તમારા જીવન પર પડશે. આજથી એટલે કે રવિવારથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર 31 રૂપિયા સુધી મોંઘો થઈ ગયો છે. જ્યારે ATFના ભાવ વધવાથી હવાઈ મુસાફરી મોંઘી થઈ શકે છે.

આ ઉપરાંત, હવે ફોનમાં એક્ટિવ સિમ વગર વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સ કામ કરશે નહીં. રેલવેની અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (UTS) એપ કામ કરવાનું બંધ કરી દેશે.

આજથી 19 કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર 31 રૂપિયા સુધી મોંઘો થઈ ગયો છે. સૌથી વધુ વધારો કોલકાતામાં થયો છે, જ્યાં હવે સિલિન્ડર માટે 1875.50 ચૂકવવા પડશે. જ્યારે દિલ્હીમાં કિંમત 28 રૂપિયા વધીને 1768.50 થઈ ગઈ છે. પહેલા તે 1740.50 માં મળતો હતો.



આજથી મેસેજિંગ એપ્સ માટે 'સિમ-બાઈન્ડિંગ' નિયમો લાગુ થઈ ગયા છે. સરકારના આ નિયમ પછી હવે વોટ્સએપ, ટેલિગ્રામ અને સિગ્નલ જેવી મેસેજિંગ એપ્સ ત્યારે જ કામ કરશે, જ્યારે ફોનમાં તે જ સિમ કાર્ડ એક્ટિવ મોડમાં લાગેલું હોય જેનાથી એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત જો તમે કમ્પ્યુટર પર વોટ્સએપ જેવી એપ્સ ચલાવો છો તો લોગિન વોટ્સએપ પણ 6 કલાકમાં લોગઆઉટ થઈ જશે. પહેલાં તે એકવાર લોગિન કરવા પર અઠવાડિયાઓ સુધી ચાલતું હતું.

આ નિર્ણય શા માટે લેવામાં આવ્યો: ઘણીવાર સાયબર ગુનેગારો સિમ કાઢીને માત્ર Wi-Fi દ્વારા મેસેજિંગ એપ્સનો ઉપયોગ કરીને છેતરપિંડી કરતા હતા. હવે સિમ કાઢતા જ એપ આપમેળે લોગઆઉટ થઈ જશે. આનાથી છેતરપિંડી રોકવામાં મદદ મળશે.

રેલવેની જૂની અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ એટલે કે UTS એપ આજથી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. હવે જનરલ, પ્લેટફોર્મ અને લોકલ ટ્રેનોની ટિકિટ બુક કરવા માટે મુસાફરોએ નવી 'RailOne' એપનો ઉપયોગ કરવો પડશે. રેલવન એપ જુલાઈ 2025માં લોન્ચ કરવામાં આવી હતી.

આ એપ બંધ થયા પછી ઘણા મુસાફરોના મનમાં સવાલ છે કે તેમના UTS એપના વોલેટ (R-Wallet) માં જમા પૈસાનું શું થશે. રેલવેએ કહ્યું કે તમારા વોલેટની રકમ સુરક્ષિત છે અને તેને નવી રેલવન એપમાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. જોકે, આ માટે એક મહત્વપૂર્ણ શરત છે

રેલવન એક 'ઓલ-ઈન-વન' એપ્લિકેશન છે, જેને મુસાફરોના અનુભવને બહેતર બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે એન્ડ્રોઈડ અને iOS બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ હવાઈ ઈંધણ (ATF)ની કિંમતો 5,500 સુધી વધારી દીધી છે. જેના કારણે આગામી દિવસોમાં હવાઈ ટિકિટના ભાવ વધવાનો અંદાજ છે. સૌથી વધુ ભાવ ચેન્નઈમાં વધ્યા છે. અહીં ATF 94,781.99 રૂપિયા પ્રતિ કિલોલીટરથી વધીને 1,00,280 કિલોલીટર થઈ ગયું છે.

સરકાર 1 માર્ચથી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં સુરક્ષાને વધુ મજબૂત કરવાની તૈયારી કરી રહી છે. મોટી રકમનું ઓનલાઈન ટ્રાન્સફર હવે માત્ર UPI PINથી નહીં થાય. 1 માર્ચથી બેંકો હાઈ-વેલ્યુ ટ્રાન્ઝેક્શન માટે વધારાના બાયોમેટ્રિક્સ અથવા મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન ફરજિયાત કરી રહ્યા છે. જો તમે મોટી રકમ મોકલી રહ્યા છો, તો ફિંગરપ્રિન્ટ અથવા ફેસ-આઈડી જેવા વધારાના વેરિફિકેશનની જરૂર પડી શકે છે.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી ભારતની 50% ઓઈલ સપ્લાય પર સંકટ: હોર્મુઝ રૂટ બંધ થયો તો 10% નિકાસ પણ જોખમમાં, ભારતનું મોટાભાગનું ક્રૂડ ઓઈલ હોર્મુઝ સ્ટ્રેટથી જ આવે છે....

નવી દિલ્હી, તા.01

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધની અસર ભારતના ઓઈલ, વેપાર, શેરબજાર અને સોના-ચાંદીના ભાવ પર જોવા મળી શકે છે. જો બંને દેશો વચ્ચે યુદ્ધ વધુ વધશે તો હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ શકે છે. આનાથી ભારતને દર મહિને થતી ઓઈલ સપ્લાયનો અડધો ભાગ જોખમમાં મુકાઈ જશે. આ ઉપરાંત ભારતની નોન-ઓઈલ નિકાસ પણ પ્રભાવિત થઈ શકે છે. તેનો 10% થી વધુ હિસ્સો આ ક્ષેત્રમાંથી સપ્લાય થાય છે. નિષ્ણાતોનું માનવું છે કે યુદ્ધ વધવાથી ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી વધી શકે છે. ઓઈલ મોંઘું થવાથી મોંઘવારી વધે છે અને તેની અસર શેરબજાર પર પણ પડશે.

આવા સંજોગોમાં બજારમાં મોટો વેચવાલી અને ઘટાડો જોવા મળી શકે છે. બીજી તરફ, જ્યારે દુનિયામાં તણાવ વધે છે ત્યારે રોકાણકારો સુરક્ષિત વિકલ્પ તરફ જાય છે. આવા સમયે લોકો સોનું અને ચાંદી ખરીદવાનું પસંદ કરે છે. તેથી તેમની કિંમતોમાં વધારો થવાની સંભાવના છે.

ઈરાન અને ઓમાન વચ્ચે આવેલું હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાનો સૌથી મહત્વપૂર્ણ ઓઈલ માર્ગ છે. ભારત પોતાની જરૂરિયાતનો મોટાભાગનો



કાચો ઓઈલ સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત અને યુએઈ જેવા દેશોમાંથી મંગાવે છે, જેનો મોટો હિસ્સો આ જ રસ્તેથી આવે છે.

કેપલર (Kpler) ના લીડ રિસર્ચ એનાલિસ્ટ સુમિત રિતોલિયાના મતે, જો ઈઝરાયેલ ઈરાનના ઓઈલ ઠેકાણાઓ પર હુમલો કરે છે અથવા ઈરાન આ રસ્તાને બ્લોક કરે છે, તો સપ્લાય ચેઈન સંપૂર્ણપણે બંધ થઈ જશે. તેની અસર ભારતની સાથે-સાથે ગ્લોબલ ઓઈલ માર્કેટ પર પણ પડશે. આ એટલા માટે કારણ કે ભારત તેની જરૂરિયાતનું લગભગ 26 લાખ બેરલ ક્રૂડ ઓઈલ (કાચું ઓઈલ) દરરોજ આ જ માર્ગેથી મંગાવે છે. કેપલરના ડેટા અનુસાર, જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ભારતના કુલ માસિક ઓઈલ આયાતનો લગભગ 50% હિસ્સો હોર્મુઝના માર્ગેથી જ આવ્યો છે. નવેમ્બર-ડિસેમ્બર 2025માં આ આંકડો 40% હતો, જે હવે વધી ગયો છે.

સૂત્રોનું કહેવું છે કે જો હોર્મુઝનો માર્ગ બંધ થાય છે, તો ભારત અન્ય વિકલ્પો પર વિચાર કરી શકે છે. આમાં સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન અને યુએઈની અબુ ધાબી ક્રૂડ ઓઈલ પાઈપલાઈન શામેલ છે. આ બંને પાઈપલાઈન આ જ હેતુથી બનાવવામાં આવી છે જેથી હોર્મુઝના માર્ગનો ઉપયોગ કર્યા વિના ઓઈલ પુરવઠો ચાલુ રાખી શકાય. માત્ર ઓઈલ જ નહીં, ભારતનો વેપાર પણ ઈરાન અને ઈઝરાયલના યુદ્ધથી સંકટમાં છે. એક રિપોર્ટ અનુસાર, ભારતના કુલ નોન-ઓઈલ એક્સપોર્ટનો 10% થી વધુ હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટના રસ્તે જ જાય છે. તેમાં બાસમતી ચોખા, ચા, મસાલા, તાજા ફળો, શાકભાજી અને એન્જિનિયરિંગ સામાન પણ સામેલ છે. પશ્ચિમ એશિયાના દેશો (GCC દેશો) ને થતો મોટાભાગનો એક્સપોર્ટ આ જ રૂટથી થાય છે. રૂટ બંધ થવાથી અથવા માલસામાનની હેરફેર મોંઘી થવાથી ભારતીય નિકાસકારોનો ખર્ચ વધી જશે અને ગ્લોબલ માર્કેટમાં ભારતીય સામાન મોંઘો થઈ જશે. ભારતે તાજેતરમાં તે ખાડી દેશોને આશરે 47.6 બિલિયન ડોલરનો નોન-ઓઈલ સામાન નિકાસ કર્યો છે, જેમનો વેપાર સ્ટ્રેટ ઓફ હોર્મુઝ સાથે જોડાયેલા દરિયાઈ માર્ગો પર નિર્ભર છે. આ ભારતના કુલ 360.2 બિલિયન ડોલરના નોન-ઓઈલ એક્સપોર્ટનો આશરે 13.2% હિસ્સો છે. આ આંકડા દર્શાવે છે કે જો આ માર્ગોથી થતી સપ્લાયમાં કોઈ અવરોધ આવે છે, તો ભારતના વેપાર પર કેટલી મોટી અસર પડી શકે છે. ભારતીય શેરબજાર માટે ક્રૂડ ઓઈલ એટલે કે ક્રૂડ ઓઈલ હંમેશા એક સંવેદનશીલ પરિબળ રહ્યું છે. જો ઈરાન-ઈઝરાયલ તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ 80-85 ડોલર પ્રતિ બેરલને પાર જાય છે, તો ભારતના શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી શકે છે. શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત 2.87% વધીને 72.87 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી. પેઈન્ટ, ટાયર, એવિએશન અને લોજિસ્ટિક જેવા સેક્ટર, જે ક્રૂડ ઓઈલ પર નિર્ભર છે, તેમના માર્જિન પર સીધી અસર પડશે. ફોરેન ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (FIIs) પહેલાથી જ ભારતીય બજારમાંથી પૈસા કાઢી રહ્યા છે, આવા સંજોગોમાં આ યુદ્ધ ભૌગોલિક-રાજકીય તણાવને વધુ તીવ્ર બનાવી શકે છે. અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો ઈક્વિટી માર્કેટમાંથી પૈસા કાઢીને સોના અને ચાંદી જેવા સુરક્ષિત રોકાણ તરફ વળે છે. કોમોડિટી નિષ્ણાતોનું માનવું છે કે ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે સોના-ચાંદીના ભાવ નવી ઊંચાઈએ પહોંચી શકે છે. જો અમેરિકા આ યુદ્ધમાં સીધી રીતે સામેલ થાય છે, તો ડોલરની સરખામણીમાં સોનાની માંગ વધુ વધશે. ચાંદીની ઔદ્યોગિક અને રોકાણ માંગ બંનેમાં તેજી આવવાની અપેક્ષા છે, જેનાથી તે આવનારા સમયમાં રોકાણકારો માટે બહેતર વળતરનો સ્ત્રોત બની શકે છે.

## નવી GDP શ્રેણીમાં કૃષિ વૃદ્ધિ ધીમી, FY26 માં ઘટીને 2.4% થવાનો અંદાજ

### આ ફક્ત ગયા વર્ષના ૪.૯ ટકાના અંદાજ કરતાં ઓછો નથી, પરંતુ જૂના આધાર વર્ષ માટેના ૩.૧ ટકાના અંદાજ કરતાં ઓછો

અમદાવાદ, તા.01

નવી શ્રેણી અનુસાર, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં કુલ મૂલ્ય વર્ધિત (GVA) નો વિકાસ દર FY2026 માં ઘટીને ૨.૪ ટકા થવાની ધારણા છે. આ ફક્ત ગયા વર્ષના ૪.૯ ટકાના અંદાજ કરતાં ઓછો નથી, પરંતુ જૂના આધાર વર્ષ માટેના ૩.૧ ટકાના અંદાજ કરતાં પણ ઓછો છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં દેશના કુલ કુલ મૂલ્ય વર્ધિતમાં કૃષિનો હિસ્સો નવી શ્રેણી હેઠળ વધીને ૧૮ ટકા થવાની ધારણા છે, જે જૂની શ્રેણી હેઠળ ૧૭ ટકા હતો.

આ આંકડો ઉત્પાદન ક્ષેત્ર કરતા વધારે હતો. નવી શ્રેણી હેઠળ ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો નજીવા ધોરણે ૧૫ ટકા હતો, જે જૂની શ્રેણીમાં ૧૪ ટકા હતો. નવી શ્રેણી ૨૦૨૨-૨૩ને આધાર વર્ષ તરીકે આધારિત છે, જ્યારે જૂની શ્રેણી ૨૦૧૧-૧૨ના ભાવો પર આધારિત હતી.અર્થશાસ્ત્રીઓના મતે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે કુલ



મૂલ્ય વર્ધિતનો નવો અંદાજ અગાઉના અંદાજની તુલનામાં અલગ આધારને કારણે ઘટયો છે. મારું માનવું છે કે આમાં સુધારો થઈ શકે છે, અને સંલગ્ન પ્રવૃત્તિઓનો કૃષિ ક્ષેત્રના કુલ નફા મૂલ્ય પર પણ પ્રભાવ પડી શકે છે.

ડેટા દર્શાવે છે કે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે કુલ મૂલ્ય વર્ધિત, નામાંકિત શબ્દોમાં, અથવા વર્તમાન ભાવમાં, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં માત્ર ૦.૩ ટકા વધવાનો અંદાજ છે, જે પાછલા નાણાકીય વર્ષમાં ૯.૨ ટકા હતો. આ ઘટાડો મુખ્યત્વે ફુગાવામાં તીવ્ર ઘટાડાને કારણે છે, જેના કારણે ઘણા પાકમાંથી ખેડૂતોની આવક પર અસર પડી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ માં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે નોમિનલ કુલ મૂલ્ય વધત વૃદ્ધિ માત્ર ૦.૩ ટકા રહેવાનો અંદાજ છે. આની વાસ્તવિક વૃદ્ધિ પર પણ નકારાત્મક અસર પડી રહી છે. આનું કારણ એ છે કે ફુગાવો નકારાત્મક છે. ખરીફ અને રવિ પાકને કારણે આ સિઝનમાં એકંદર કૃષિ ઉત્પાદન મજબૂત રહ્યું હતું. જોકે, ઘટતા ફુગાવાને કારણે કૃષિ ઉત્પાદન વધુ આવકમાં પરિણમ્યું નથી.

ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ત્રીજા ક્વાર્ટરમાં (ઓક્ટોબરથી ડિસેમ્બર), કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાંથી કુલ મૂલ્યવર્ધિત વાસ્તવિક દ્રષ્ટિએ ૧.૪ ટકા વધવાનો અંદાજ છે, જ્યારે નોમિનલ દ્રષ્ટિએ ૧.૯ ટકા ઘટવાનો અંદાજ છે. આ નવી શ્રેણી અનુસાર છે.

# દુબઈની જેમ અમદાવાદીઓ નિહાળશે લાઈટ એન્ડ મ્યુઝિકલ ફાઉન્ટેન શો...

## કાંકરિયામાં બાળકો માટે કેન્ડી વર્લ્ડ, બાલવાટિકામાં અવનવી રાઈડ્સ ને ફોટોગ્રાફીનું નવું નજરાણું



**અમદાવાદ, તા.01**

વર્લ્ડ હેરિટેજ સિટીની ઓળખ ધરાવતા રાજ્યના સૌથી મોટા એવા અમદાવાદમાં પ્રવાસન સ્થળો વિકસાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના ફરવા લાયક સ્થળોમાં કાંકરિયા તળવા સૌથી જાણીતું છે, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દુબઈમાં યોજાતા ફાઉન્ટેન શોની જેમ કાંકરિયા ખાતે લાઈટ એન્ડ મ્યુઝિકલ ફાઉન્ટેન શો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કાંકરિયા તળાવમાં દરરોજ સાંજના 7 વાગ્યા બાદ 15-15 મિનિટના ચાર સ્લોટમાં આ શો યોજવામાં આવશે. આ ઉપરાંત બાળકો માટે 4133 ચો.મી. વિસ્તારમાં કેન્ડી મ્યુઝિક વર્લ્ડ બનાવવામાં આવશે.

સ્ટેન્ડિંગ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે કાંકરિયાનું ડેવલોપમેન્ટ કરવામાં આવ્યું હતું. ગત વર્ષે બાળકો માટે ખાસ બાલવાટિકા ઊભી કરવામાં આવી હતી. આગામી સમયમાં કાંકરિયાની અંદર અલગ અલગ પ્રકારની રાઈડ્સ મૂકવામાં આવશે. કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં હેરિટેજ અને આધુનિક ટેકનોલોજીના સંગમરૂપ લાઈટ એન્ડ મ્યુઝિકલ મલ્ટીમીડિયા ફાઉન્ટેન શો યોજવામાં આવશે.

AMC દ્વારા રૂપિયા 5.54 કરોડના ખર્ચે ફાઉન્ટેન વિકસાવવામાં આશે. જે અંતર્ગત પાણીના ફુવારા, સંગીત, લાઈટિંગ અને દશ્ય પ્રોજેક્ટશનના સંકલનથી તૈયાર થનારા આ વિશિષ્ટ ઝોનમાં પાણીના પડદા પર દશ્યાવલિ રજૂ કરવામાં આવશે. જેમાં 15-15 મિનિટના ચાર જુદા જુદા થીમ આધારિત શો સાંજે 7 વાગ્યા બાદ નિહાળી શકાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખાસ બાળકો માટે રૂપિયા 10 કરોડના ખર્ચે કેન્ડી મ્યુઝિમ બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે. તેમાંથી 35 ટકા રેવન્યૂ કોર્પોરેશનને પ્રાપ્ત થશે. અંદાજે એક વર્ષમાં કેન્ડી વર્લ્ડ નામનું થીમ આધારિત મનોરંજન પાર્ક બનશે. જે ખાસ કરીને બાળકો અને પરિવારજનો માટે નવી મજા અને યાદગાર અનુભવ બનશે.

AMC દ્વારા 4133 ચો.મી. વિસ્તારમાં કેન્ડી વર્લ્ડ વિકસાવવામાં આવશે. જેમાં થીમ આધારિત પ્રવેશ દ્વારા, ટિકિટ ઝોન, ફૂડ ઝોન સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આશે. મુલાકાતીઓ માટે અલગ પ્રવેશ દ્વારા અને બહાર નીકળવાના સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવશે.

અંદાજે 12થી 15 કરોડના ખર્ચે બનનારો આ પ્રોજેક્ટ બાળકો અને ફરવા આવતા શહેરીજનો માટે બનવા જઈ રહ્યો છે. જેનું કામ ખાનગી એજન્સીને સોંપવામાં આવશે. એજન્સી દ્વારા AMCને પ્રતિ વર્ષ પ્રતિ સ્ક્વેર મીટર મુજબ 187 રૂપિયા ભાડું એટલે કે, 7.72 લાખ મળશે. પ્રોજેક્ટમાંથી મળનારી કુલ આવકમાંથી 35 ટકા રેવન્યુ શેરિંગ પણ થશે. AMCને સ્થિર આવકનો સ્ત્રોત પણ ઉલબ્ધ થશે અને આર્થિક લાભ પણ મળશે. કાંકરિયા ખાતે ફોટોગ્રાફીનું આ નવું નજરાણું બનાવવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

અમદાવાદ શહેરના પ્રવાસનને વધુ વેગ આપવા માટે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ટુરીઝમ ડેવલપમેન્ટ સોસાયટી નામનું ટ્રસ્ટ બનાવવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર અપાઈ છે. આ કમિટી દ્વારા શહેરમાં જોવાલાયક સ્થળોની યાદી બનાવી ત્યાં વધુમાં વધુ પ્રવાસીઓ કેવી રીતે આવે તે માટેનું યોગ્ય આયોજન કરવામાં આવશે. જોવાલાયક સ્થળો ઉપર બ્યૂટિફિકેશન, સ્વચ્છતા, ટ્રાફિક, પાર્કિંગ, પાણી અને ટોયલેટ સહિતની અલગ અલગ વ્યવસ્થાઓ પણ જોશે. મ્યુનિસિપલ કમિશનર આ ટ્રસ્ટના ચેરમેન રહેશે. હેરિટેજ કમિટી સાથે મળીને શહેરમાં આવેલા પ્રવાસન સ્થળોને પર્યટકો માટે ફરવા લાયક બનાવવા માટે તેના વિકાસના કાર્યો થાય તે માટેના બજેટની મંજૂરી આપવામાં આવી છે. જે અંતર્ગત આ પ્રવાસન સ્થળોની એક યાદી બનાવી તેને ડેવલોપ કરી પર્યટકો ઉપયોગમાં લે તે માટે કમિટીએ બહાલી આપી છે.

આ સ્થળોને ડેવલોપ કરવાના તમામ ખર્ચ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય સરકાર દ્વારા બજેટ મંજૂર કરાયું છે. રાજ્યમાં પ્રવાસન સ્થળોને વેગ મળે તે માટે AMCના કાંકરિયા તળાવ, અટલ બ્રિજ, સાબરમતી રિવરફ્રન્ટ, જગન્નાથ મંદિર અને સ્વામિનારાયણ મંદિર જેવા સ્થળોને ડેવલોપ કરવામાં આવે તે માટેની કમિટીએ મંજૂરી આપી છે.

# સાયબર ઠગોની નવી મોડેસ ઓપરેન્ડી: વૃદ્ધને રડતા-રડતા ફોન કરીને ભૂલથી પૈસા ટ્રાન્સફર થઈ ગયાનું કહી 5 લાખ 55 હજાર પડાવી લીધા

**અમદાવાદ, તા.01**

શહેરના વાડજ વિસ્તારમાં રહેતા વૃદ્ધ સાથે ગઠિયાઓએ 5.55 લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. ગઠિયાઓએ વૃદ્ધને ફોન કરીને કહ્યું હતું કે, અમારા ક્લોઝ પેમેન્ટની રકમ ભૂલથી તમારા બેંક એકાઉન્ટમાં આવી છે, તે રકમ પરત આપવાનું કહેતા વૃદ્ધ ગુગલ પે મારફતે રકમ પરત આપી હતી. વૃદ્ધે જ્યારે બેંકમાં તપાસ કરી ત્યારે તેમની સાથે ફ્રોડ થયાની જાણ થઈ હતી, જેથી તેમને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

વાડજ વિસ્તારમાં રહેતા 74 વર્ષીય વૃદ્ધ નિવૃત્ત જીવન ગુજારે છે. 10 ફેબ્રુઆરીની રોજ તેમના મોબાઈલ પર અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને ફોન કરનારે કહ્યું હતું ,કે મારા મોબાઈલ ફોનમાંથી ભૂલથી ક્લોઝ પેમેન્ટની રકમ તમારા બેંક એકાઉન્ટમાં આવી છે. જે બાદ વૃદ્ધને મેસેજ જોવાનું કહેતા વૃદ્ધ મેસેજ પણ ચેક કર્યા હતાં, જેમાં 45,000 અને





50,500 રૂપિયા જમા થયા હોય તેવું લખ્યું હતું. જે બાદ ગઠિયાએ ફોન કરીને કહ્યું કે, રૂપિયા ભૂલથી તમારા એકાઉન્ટમાં આવી ગયા છે. આ રૂપિયા પાછા લેવા માટે મેં તમને ફોન કર્યો છે. હું તમને ગૂગલ પેમાં રિક્વેસ્ટ મોકલીશ તમે મને રૂપિયા પાછા આપજો. આ પછી ગત 10 ફેબ્રુઆરીએ વૃદ્ધના મોબાઈલમાં ગૂગલ પેમાં રિક્વેસ્ટ આવી હતી, જેમાં પહેલાં 45,500 રૂપિયા અને પછી 50,500 રૂપિયાના ટ્રાન્ઝેક્શન કરીને રૂપિયા પાછા મોકલી દીધા હતા.

બીજા દિવસે અગાઉની જેમ જ ફોન કરીને વૃદ્ધને એવું કહ્યું હતું કે, તમારા ખાતામાં ભૂલથી ક્લોઝ પેમેન્ટની રકમ આવી છે તે પાછી ગૂગલ પેમાં રિક્વેસ્ટ આવે એટલે આપી દેજો. આ પછી ઠગ દ્વારા ટ્રાન્ઝેક્શનના બે ટેક્સ્ટ મેસેજ પણ વૃદ્ધને મોકલવામાં આવ્યા હતા. જે બાદ ગૂગલ પેમાં રિક્વેસ્ટ આવતા વૃદ્ધે 98,500 રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આ દરમિયાન ચાલું ફોનમાં પણ રિક્વેસ્ટ આવતા વૃદ્ધે 98,500 રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આમ દર વખતે ઠગ દ્વારા વૃદ્ધને ફોન કરીને રૂપિયા તેમના એકાઉન્ટમાં આવી ગયા છે તે પાછા લેવા અલગ અલગ દિવસે ગૂગલ પેમાં રિક્વેસ્ટ મોકલીને ટ્રાન્ઝેક્શન કરાવીને કૂલ 5,55,976 રૂપિયા પડાવી લીધા હતા. આમ વૃદ્ધને શંકા જતા બેન્ક સ્ટેટમેન્ટ જોતા જાણ થઈ હતી કે, ઠગ દ્વારા તેમના એકાઉન્ટમાં કોઈ રકમ આવી નથી. આ પછી બંને નંબર પર વૃદ્ધે રૂપિયા પાછા લેવા માટે ગઠિયાઓને ફોન ઉપાડ્યા નહોતા. વૃદ્ધે છેતરપિંડી થતી હોવાની જાણ થતાં તેમણે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મિત્ર સહિત બે શખ્સે યુવક પાસેથી રૂ. 6.22 લાખ પડાવ્યા: બે મોબાઈલના હપ્તા ભરવાનું બંધ કરીને બારોબાર વેચી નાખ્યા

**વડોદરા, તા.01**

વડોદરાના યુવકને લોન ક્લોઝ કરાવી આપવાનું કહીને તેના મિત્ર સહિત બે આરોપીએ 7.67 લાખ રૂપિયા પડાવ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાંથી 1.45 લાખ પરત કર્યા હતાં. જોકે, બાકીના 6.22 લાખ ચૂકવ્યા ના હતા. જેથી યુવકે મિત્ર સહિત બે લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરનાં કરોડિયા વિસ્તારમાં આવેલી હરસિદ્ધિ સોસાયટીમાં રહેતા ધવલ અરવિંદભાઈ બારીયા(ઉ.વ.27) એ ફરિયાદ નોધાવી છે કે, હું ડ્રાઈવીંગ શિખવાડવાનું કામ કરે છે. મારા મિત્ર મંથન રંજોડીયા બાજવા ખાતે સલૂનની દુકાન છે, જેથી મે મારા મિત્ર મિલિંદ મહેન્દ્રભાઈ જગતાપ પાસે ગોલ્ડ લોન મુથુટ ફાઈનાન્સ ગોરવા ખાતેથી કરાવી હતી. જ્યાં અમારી રૂ. 5 લાખની લોન કરાવી હતી અને આ મંથન રંજોડીયાએ મને જણાવ્યું હતું કે, આ લોન મારે નહી ભરવી પડે. મારો મિત્ર મિલિંદ જગતાપે જણાવ્યું હતું.

# ચૈતન્ય મહોત્સવમાં ભક્તિ અને પુષ્પોની હોળી: ઈસ્કોન ભાડજ દ્વારા વિવિધ કેન્દ્રોમાં મહાભિષેક

**અમદાવાદ, તા.01**

ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ગૌર પૂર્ણિમાના પવિત્ર અવસર પૂર્વે અમદાવાદ અને તેની આસપાસના વિવિધ કેન્દ્રોમાં 'શ્રી ચૈતન્ય મહોત્સવ' તથા 'ફૂલોન કી હોળી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કડી, કાલોલ, મણિનગર, સાનંદ, નિકોલ અને વિરમગામ જેવા વિસ્તારોમાં આયોજિત આ કાર્યક્રમોમાં હજારોની સંખ્યામાં ભક્તો, પરિવારો અને યુવાનોએ ઉમંગભેર ભાગ લઈ આધ્યાત્મિક પરમાનંદની અનુભૂતિ કરી હતી. આ મહોત્સવ દરમિયાન પરંપરાગત શૈલીમાં ભવ્ય પાલખી ઉત્સવ યોજાયો હતો, જેમાં સુંદર રીતે શણગારેલા દેવતાઓના ભક્તોએ દર્શન કર્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર સાથે પંચામૃત અને વિવિધ ફળોના રસથી દેવતાઓનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. મૃદંગ અને કરતાલના નાદ સાથે થયેલા હરિનામ સંકીર્તને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 'ફૂલોન કી હોળી' રહ્યું હતું, જેમાં સુગંધિત પુષ્પોની વર્ષા વચ્ચે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. અંતમાં સર્વે શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઈસ્કોન ભાડજની યાત્રા 2007 માં એક નાનકડા ભાડાના કેન્દ્રથી શરૂ થઈ હતી. આજે ભગવાનની કૃપા અને સમાજના સહયોગથી આ સંસ્થા એક વિશાળ વટવૃક્ષ બની ચુકી છે. હાલમાં મણિનગર, સાનંદ અને નિકોલ જેવા અનેક કેન્દ્રો દ્વારા દર અઠવાડિયે સત્સંગ, ભગવદ ગીતા ચર્ચા અને યુવા પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. આ કેન્દ્રો સ્થાનિક સ્તરે આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવાનું મહત્વનું કાર્ય કરી રહ્યા છે. આ અવસરે ઈસ્કોન ભાડજના અધ્યક્ષ જગનમોહન કૃષ્ણ દાસજીએ જણાવ્યું હતું કે, '2007 માં થયેલી નાનકડી શરૂઆત આજે એક વહેતો આધ્યાત્મિક પ્રવાહ બની ગઈ છે. વિવિધ કેન્દ્રોમાં આ મહોત્સવની સફળતા એ ભક્તોના સમર્પણનું પરિણામ છે.

# 2019ના સર્વે અનુસાર અમદાવાદમાં 62 હજાર સ્ટ્રીટ વેન્ડર્સ: હાઈકોર્ટે કહ્યું- સર્વે બાદ પણ અરજી કરનારા સ્ટ્રીટ વેન્ડર્સને AMC અવગણે નહીં

**અમદાવાદ, તા.01**

ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી હતી કે, અમદાવાદ મહાનગરપાલિકા સ્ટ્રીટ વેન્ડર તરીકે અરજદારે જણાવ્યા પૈકી બાકી રહેલા 63 વિક્રેતાઓના રજીસ્ટ્રેશન કરી તેમને ઓળખ પત્ર આપે. તેમને સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ અંતર્ગત અને 2019ના સર્વે મુજબ રિલોકેટ કે રીહેબલીશનનો લાભ આપવામાં આવે.

મૂળ અરજીમાં ઉલ્લેખિત 166માંથી 103 વેન્ડર્સને AMC દ્વારા રેગ્યુલરાઈઝ કરીને તેમની



જગ્યા ફાળવવામાં આવી છે. તેમનું કામકાજ પણ શરૂ થઈ ચૂક્યું છે ત્યારે 63 વેન્ડર્સને અમદાવાદ મહાનગરપાલિકાએ મનાઈ કરી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે તે સંદર્ભે મહાનગરપાલિકાનો જવાબ માગ્યો હતો. જેનો જવાબ ન આવતા હાઈકોર્ટે કોર્પોરેશનને જવાબ ફાઈલ કરવા માટેની છેલ્લી તક આપી હતી. જેમ અમદાવાદ મહાનગરપાલિકાએ જવાબ આપ્યો હતો કે બાકી રહી ગયેલા 63 વિક્રેતા જો મહાનગરપાલિકાને અરજી કરશે તો તેમની અરજી ધ્યાને લેવામાં આવશે. પરંતુ તેઓ 2019 પહેલા અસ્તિત્વ ધરાવતા હતા કે કેમ તે અંગે સવાલ ઉભો થાય છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, વર્ષ 2019 ના સર્વેમાં અમદાવાદ શહેરમાં 62 હજાર જેટલા સ્ટ્રીટ વેન્ડર્સ હતા. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તેમને ઓળખ પત્ર આપવામાં આવ્યા હતા. પરંતુ હાઈકોર્ટે પૂછ્યું હતું કે વર્ષ 2019 પછી જો કોઈ સ્ટ્રીટ વેન્ડર રજીસ્ટ્રેશન માટે આવે તો તેનું શું ? તે અંગે હાઈકોર્ટે નિર્દેશ આપ્યા હતા કે તેમની અરજી પણ ફ્રેશ કન્સિડર કરવામાં આવે. માત્ર વર્ષ 2019ના સર્વે ઉપર આધાર રાખવામાં આવે નહીં. અરજદાર વેજીટેબલ વેન્ડર્સ હતા. જે 2018 પહેલા અસ્તિત્વ ધરાવતા હોવાનું જણાવ્યું હતું. AMC એ જણાવ્યું હતું કે, 136 જેટલા વેન્ડર્સ સ્પોટ ઉપર જગ્યાઓ ફેરિયાઓને ફાળવવામાં આવી છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, તેમને પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે. આ સાથે જ અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ઈતિહાસ રચાયો, સાણંદમાં મોદીએ દેશની પહેલી ચિપ લોન્ચ કરી: PMએ કહ્યું- 'ઈન્ડિયા ઈઝ કેપેબલ, ઈન્ડિયા ઈઝ કમ્પીટીટીવ, ઈન્ડિયા ઈઝ કમિટેડ, આ સદી માઈક્રોચિપની'

**અમદાવાદ, તા.01**

ગુજરાત હવે સેમિકન્ડકટરનું હબ બનવા આગળ વધ્યું છે. સાણંદ સ્થિત માઈક્રોન સેમિકન્ડક્ટરની ATMP(એસેમ્બ્લી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) ફેસેલિટીનું PM મોદીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો અને દેશની પહેલી ચિપ લોન્ચ કરી હતી.

PMએ કહ્યું કે, દુનિયાને સંદેશ પહોંચી ચૂક્યો છે, ઈન્ડિયા ઈઝ કેપેબલ, ઈન્ડિયા ઈઝ કોમ્પીટીટીવ, ઈન્ડિયા ઈઝ કમિટેડ. વધુમાં જણાવ્યું હતું કે, માઈક્રોનની આ ફેસેલિટી આજનો આ કાર્યક્રમ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સહયોગ અને ભાગીદારીનું પ્રમાણ છે. ખાસ કરીને AI અને ચિપ જેવી ટેક્નોલોજીમાં ભારત અને અમેરિકાની ભાગીદારી બહુ મહત્વપૂર્ણ છે. માઈક્રોનની આ ફેસેલિટી ભારતના નવા મિજાજનું શાનદાર ઉદાહરણ છે. આજનું ભારત પોલિસીથી લઈ પ્રોડકશન સુધી કયા એપ્રોચ સાથે આગળ વધી રહ્યું છે તે અહીં દેખાઈ રહ્યું છે. માઈક્રોનની ATMP ફેસેલિટીના ઉદ્ઘાટન સમયે વડાપ્રધાને રતન ટાટાને પણ યાદ કર્યા હતા અને કહ્યું હતું કે, મેં એક રૂપિયાનો મેસેજ કર્યો હતો. એક રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટથી ગુજ્જુ શું કરી શકે છે તે જોઈ લો.

10-11 વર્ષ પહેલા ભારતમાં ડેટા અને ચિપની ચર્ચા બહુ નાના સર્કલમાં થતી હતી. ટેક્નોલોજીની વાત આવતી હતી ત્યારે હંમેશા આપણી ચર્ચા IT સર્વિસ આસપાસ રહેતી હતી. આજે જુઓ સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પણ પોતાની ઓળખને સફળ કરી રહ્યું છે.

સાણંદમાં અમે નવા ભવિષ્યનો ઉદય જોઈ રહ્યા છીએ. માઈક્રોનની ATMP ફેસેલિટીમાં કોમર્શિયલ



પ્રોડકશનની શરૂઆત. ગ્લોબલ ટેક્નોલોજી ચેઈનમાં ભારતની ભૂમિકાને મજબૂત કરવાની છે. આજે ભારત બહુ ઝડપથી ગ્લોબલ સેમિકન્ડકટર વેલ્યૂ ચેઈનનો હિસ્સો બની રહ્યો છે. માઈક્રોનની આ ફેસેલિટી ભારતના નવા મિજાજનું શાનદાર ઉદાહરણ છે. આજનું ભારત પોલિસીથી લઈ પ્રોડકશન સુધી કયા એપ્રોચ સાથે આગળ વધે છે તે અહીં દેખાય છે.

માઈક્રોનની આ ફેસેલિટી આજનો આ કાર્યક્રમ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સહયોગ અને ભાગીદારીનું પ્રમાણ છે. ખાસ કરીને AI અને ચિપ જેવી ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારત અને અમેરિકાની ભાગીદારી બહુ મહત્વપૂર્ણ છે. આજે આખી દુનિયા માનવતાના સારા ભવિષ્ય સાથે જોડાયેલી આ બંને ટેક્નોલોજીની સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવાવ માગે છે. દુનિયાની બે મોટ લોકશાહી આના માટે નિરંતર પ્રયાસ કરી રહ્યા છે. અમારા સંયુક્ત પ્રયાસ ક્રિટિકલ મિનરલ્સની ગ્લોબલ સપ્લાય ચેઈનને અધિક સુરક્ષિતઅને વિશ્વસનીય બનાવશે.

સાણંદમાં આયોજીત કાર્યક્રમમાં ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર પણ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ સંબોધન દરમિયાન કહ્યું કે, ભારતમાં નિયુક્તિ બાદ એમ્બેસેડર ગોર પહેલીવાર ગુજરાત આવ્યા છે. વિધિવત એમ્બેસેડર બન્યા બાદ મારી પહેલી મુલાકાત મારી કર્મભૂમિમાં થઈ રહી છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599





